Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



કેનેડામાં ભારતીય મૂળના વિદ્યાર્થીની ચાકુ મારી હત્યા

PAGE NO. 17

FRIDAY, 25 NOVEMBER, 2022 Vol. 19, No. 47 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ચીનમાં એક દિવસમાં કોરોનાના 31 હજાર કેસ

## ચીનમાં ફરીથી ઘણા નિયંત્રણો લાદવાનું શરૂ થયું, અનેક શહેરોને સીલ કરાય તેવી દહેશત

**બેઈજિંગ**

ચીનમાં કોરોના વાયરસના કેસો ફરી વધી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અને આ દેશમાં કોવિડના રોજના નોંધાતા કેસ હવે મહામારીની શરૂઆત પછીના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. એક જ દિવસમાં 31 હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. વધતા જતા કેસોને જોતા ચીનમાં ફરીથી ઘણા નિયંત્રણો લાદવામાં આવી રહ્યા છે. બીજી તરફ ઝોંગઝોઉમાં લોકડાઉન અને પગાર વિવાદ સહિતના ઘણા કડક કોવિડ નિયમોને લઈને ભારે નારાજગી હતી અને કર્મચારીઓ અને પોલીસકર્મીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. નેશનલ હેલ્થ બ્યુરોએ જણાવ્યું હતું કે, 31,454 કેસ નોંધાયા હતા. ચીનની 1.4 બિલિયનની વિશાળ વસ્તીની સરખામણીમાં કેસની સંખ્યા પ્રમાણમાં ઓછી હોવા છતાં બેઈજિંગની કડક શૂન્ય-કોવિડ નીતિ હેઠળ કેસો નોંધાતા આખા શહેરોને સીલ કરી શકાય છે.



Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

## ચીનમાં વિશ્વની સૌથી મોટી આઈફોન ફેક્ટરીમાં વિરોધ પ્રદર્શન, અનેક ઘાયલ

બેઈજિંગ : ચીનના ઝેંગઝોઉમાં સ્થિત વિશ્વની સૌથી મોટી આઈફોન ફેક્ટરીમાં બુધવારે થયેલી ઘટનાએ સૌનું ધ્યાન ખેચ્યું છે. અહીં છેલ્લા ઘણા અઠવાડિયાઓથી કોરોનાને લગતા પ્રતિબંધોનો સામનો કરી રહેલા કર્મચારીઓએ ફેક્ટરીના દરવાજા પાસે લાગેલા બેરિકેડસ તોડીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ભાગવાનો પ્રયાસ કરી રહેલા ફેક્ટરી કર્મીઓને સુરક્ષા કર્મીઓએ માર માર્યો હતો. કેટલાક ફેક્ટરી કર્મીઓને પોલીસ કસ્ટડીમાં પણ લેવામાં આવ્યા હતાં. વિરોધ કરી રહેલા કર્મચારીઓનો આરોપ છે કે, ફોક્સકોન દ્વારા જાહેરખબર આપીને ઊંચા વેતનનો વાયદો કરવામાં આવ્યો હતો.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message
For Quick Response
Thank You

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઇન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડિયનો હવે યુક્રેનને ટેકો આપવા સરકારી બોન્ડ ખરીદશે

## યુક્રેનના સ્વતંત્ર્યતા દિવસ 24 ઓગસ્ટ 2027ના રોજ બોન્ડ પાકશેઃ પેન્શન ચૂકવવું, ઇંધણની ખરીદી અને ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મદદ મળશે

**ઓન્ટેરિયો**

કેનેડિયનો હવે યુક્રેનને ટેકો આપવા માટે સરકારી બોન્ડ ખરીદી શકે છે. 28 ઑક્ટોબરે સૌ પ્રથમ વાર જાહેરાત કરવામાં આવી હતી કે, 500 મિલિયન ડોલર યુક્રેન સોવેરીએન્ટી બોન્ડ પ્રોગ્રામ હેઠળ કેનેડિયનો આ શિયાળામાં યુદ્ધથી અસરગ્રસ્ત યુક્રેનને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે મદદ કરવાના છે. જેમાં પેન્શન ચૂકવવું, ઈંધણની ખરીદી અને ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સમારકામ, જે વારંવાર રશિયન હુમલાઓનું લક્ષ્ય બનતું રહે છે તેવા સેકટરને મદદ કરવાનો આશય રખાયો છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કાર્યક્રમની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું કે, કેનેડિયનો હવે યુક્રેન સોવેરીએન્ટી બોન્ડ્સ ખરીદવા માટે મોટી બેંકોમાં જઈ શકે છે, જે વ્યાજ સાથે પાંચ વર્ષ પછી પરિપક્વ થશે. BMO, Scotiabank, CIBC, RBC અને TD ના રોકાણ આર્મ્સ સહિત મોટાભાગની કેનેડિયન નાણાકીય સંસ્થાઓ તરફથી પાંચ વર્ષના બોન્ડ્સ 100 ડોલરની કિંમતે 29 નવેમ્બર સુધી ખરીદી માટે ઉપલબ્ધ છે, તે બજારની સ્થિતિને આધીન આશરે 3.3 ટકાના વળતરના દર સાથે અનિવાર્યપણે કેનેડા સરકારના પાંચ વર્ષના બોન્ડ છે. આ બોન્ડ ઉપર 24 ફેબ્રુઆરી અને 24 ઓગસ્ટે, એમ વર્ષમાં બે વાર વ્યાજ મળશે. 24 ઓગસ્ટ 2027ના રોજ બોન્ડ પાકશે, જે યુક્રેનનો સ્વતંત્રતા દિવસ છે. સરકારો દ્વારા ભંડોળ ઊભું કરવા માટે લાંબા સમય સુધી ઉપયોગમાં લેવાતા પ્રથમ વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કેનેડામાં બોન્ડની શરૂઆત કરવામાં આવી હતી. જ્યારે તમે સરકારી બોન્ડ ખરીદો છો, ત્યારે તમે સરકારને નાણાંનું ધિરાણ કરો છો, જેનાં બદલામાં ચોક્કસ તારીખ અથવા તારીખો ઉપર વ્યાજ ચૂકવવા અને પાક્યા પછી સંપૂર્ણ રોકાણની રકમ અથવા મુદ્દલ પાછી આપવા માટે સરકાર બંધાયેલી હોય છે.

દા.ત., યુક્રેન સોવેરીએન્ટી બોન્ડમાં 3.3 ટકાના વળતર સાથે 1,000 ડોલરના રોકાણ ઉપર 24 ઑગસ્ટ, 2027 સુધી દર ફેબ્રુઆરી અને ઑગસ્ટમાં 16.50 ડોલર મળશે અને રોકાણકારને શરૂઆતનાં 1,000 ડોલર પણ પાછા મળશે. કેનેડિયન સરકારે 2022માં અત્યાર સુધીમાં યુક્રેનને 2 બિલિયન ડોલરની સીધી નાણાકીય સહાય પૂરી પાડી છે અને સૈન્ય, માનવતાવાદી અને અન્ય સહાય માટે 2.5 બિલિયન ડોલરની વધુ સહાય કરવા માટે પ્રતિબદ્ધ છે. યુક્રેન માટે કેનેડિયન સરકાર 5 બિલિયન ડોલરથી વધુની સહાયતા કરવાની નેમ ધરાવે છે.

# ટોરોન્ટોના ડાઉનટાઉનમાં ટેસ્લાના માલિકો હવે સેલ્ફ ડ્રાઇવ કરી શકશે

**ટોરોન્ટો**

ટેસ્લા ડ્રાઈવરો હવે ટોરોન્ટોના ડાઉનટાઉનમાં સંપૂર્ણ સેલ્ફડ્રાઈવિંગ બીટા પ્રોગ્રામનો ઉપયોગ કરી શકશે. કારણ કે, કંપનીએ તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતો જીઓફેન્સ દૂર કર્યો છે. ટેસ્લાએ કેનેડામાં આ સુવિધાને રોલઆઉટ કરી હતી, પરંતુ માલિકોએ નોંધ્યું હતું કે, તેને ડાઉનટાઉનમાં જોડવાનો પ્રયાસ કરતી વખતે તે બંધ થઈ ગયું હતું. ટેસ્લાના માલિક અને સ્થાપક એલોન મસ્કે ટ્વિટર ઉપર ટીટીસીની સ્ટ્રીટકાર સિસ્ટમને દોષી ઠેરવતા આ મુદ્દા ઉપર પ્રતિક્રિયા આપી હતી અને જણાવ્યું હતું કે, સ્ટ્રીટકાર હજુ સુધી FSD દ્વારા યોગ્ય રીતે સંચાલિત નથી. ટેસ્લાએ જીઓફેન્સની સ્થાપના કરી, જ્યારે તે સમસ્યાઓના નિવારણ અને સૉફ્ટવેરને અપડેટ કરવા માટે કામ કરતી હતી. ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટીના ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરિંગના સહયોગી પ્રોફેસર બિલાલ ફારુકે જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉદાહરણોમાંથી શીખે છે અને જેમ જેમ તે વધુ ઉદાહરણો મેળવે છે તેમ તે વિવિધ પરિસ્થિતિઓને ઓળખવામાં અને આગાહી કરવામાં વધુ મજબૂત બને છે. ફારુકે ઉમેર્યું હતું કે, કંપની તેના વાહનો દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા, ખાસ કરીને ઈન્સ્ટોલ કરેલા બહુવિધ કેમેરા ટેક્નોલોજીને સુધારવામાં સક્ષમ છે.

# ટોરોન્ટોમાં પવનની દિશા અને તાપમાનમાં વિસંગતતાથી લેક-ઈફેક્ટથી બરફ નહીં પડે

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં લેક-ઈફેક્ટ અંતર્ગત બરફ પડી શકે છે, પરંતુ શહેરમાં ગયા અઠવાડિયે ઘણા દિવસોથી બે મીટર વિસ્તારમાં આવું થવાની શક્યતા નથી. મીડિયાના હવામાનશાસ્ત્રી કોલેટ કેનેડીએ જણાવ્યું હતું કે, ગ્રેટ લેક્સની નજીક હોવાને કારણે ટોરોન્ટોમાં આવી હિમવર્ષા અશક્ય છે. બફેલો સિટી બે તળાવોની વચ્ચે અથવા તેની નજીક હતું. ગ્રેટ લેક્સ પ્રદેશમાં લેક-ઈફેક્ટમાં બરફ ત્યારે જામે છે, જ્યારે ઠંડી હવા સરોવરોનાં ખુલ્લા પાણીમાંથી પસાર થાય છે. એન્વાયર્નમેન્ટ કેનેડાના જણાવ્યા



અનુસાર ખુલ્લા પાણીથી ગરમી અને ભેજ હવામાં સ્થાળાંતરિત થાય છે, હવા વધે છે, વાદળો રચાય છે, તે બરફ ઉત્પન્ન કરે છે અને બરફ સરોવરમાંથી નીચે પડે છે. કેનેડીએ જણાવ્યું હતું કે, તળાવનો એ બરફ ત્યાંના સ્થાનિક વાતાવરણને કારણે બને છે અને તે તોફાન કરતાં તળાવો અને પવનના સંયોજનને કારણે બને છે. હવા અને તળાવના પાણી વચ્ચેના તાપમાનનો તફાવત ઓછામાં ઓછો 13 ડિગ્રી હોવો જોઈએ. પરિણામ એ છે કે, પવન તળાવમાંથી ભેજ શોષે છે, પછી તેને ભારે બરફ તરીકે છોડે છે. તેણીએ કહ્યું કે, નવેમ્બરમાં તળાવ સ્થિર ન હોવાથી અને ગરમ હવા સાથે વિપુલ પ્રમાણમાં ભેજ હોવાથી વધુ બરફ બની શકે છે.

ન્યુ યોર્કમાં ગયા અઠવાડિયે આવું જ બન્યું હતું. વાવાઝોડાની જેમ, તે દક્ષિણ પશ્ચિમનો પવન હતો, જે સૌથી ગરમ એવા એરી તળાવ તરફ જતો હતો અને તે લાંબા સમય સુધી ચાલતો રહ્યો હતો.

# ટોરોન્ટો પિયર્સન એરપોર્ટનો બીજો સૌથી વ્યસ્ત રન-વે ફરી ખુલ્લો મુકાયો



**ટોરોન્ટો**

ટોરોન્ટો પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટે આઠ મહિનાના પુનર્વસન પ્રોજેક્ટ પછી સોમવારે સવારે તેનો બીજો સૌથી વ્યસ્ત રન-વે ફરીથી ખોલ્યો છે. 80 મિલિયન ડોલરનાં આ પ્રોજેક્ટને પૂર્ણ થવામાં દોઢ વર્ષનો સમય લાગ્યો હતો. કેનેડાના પરિવહન મંત્રી ઓમર અલ્ઘાબ્રાએ એક સમાચારયાદીમાં જણાવ્યું હતું કે, કેનેડાના સૌથી વ્યસ્ત એરપોર્ટ અને ઉત્તર અમેરિકાના સૌથી વ્યસ્ત એરપોર્ટ તરીકે પિયર્સન એરપોર્ટ ઉપર આ રન-વે ફરી ખૂલવાથી મુસાફરો જીટીએની અંદર અને બહાર સુરક્ષિત અને સરળતાથી આવ-જાવ કરી શકશે. જે આ તહેવારોની મોસમમાં ઉપયોગી થશે.

ગ્રેટર ટોરોન્ટો એરપોર્ટ ઓથોરિટી (GTAA)ના પ્રવક્તાએ મીડિયા સમક્ષ કહ્યું હતુ કે, રજાઓમાં ખાસ કરીને પરિવાર સાથે લોકોની અવરજવર વધુ રહેતી હોય છે. સમગ્ર ઉનાળા દરમિયાન, પિયર્સનનાં પ્રવાસીઓને કલાકો સુધી કલાકો સુધીનો ફ્લાઈટનો વિલંબ, લાંબી લાઈનો અને સુટકેસો ખોવાઈ જવાની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. આ માટે એક સમયે વિશ્વના સૌથી ખરાબ એરપોર્ટ તરીકે આ એરપોર્ટનું નામ જાણીતું હતું. વળી, સપ્ટેમ્બરમાં એકંદર ગ્રાહક સંતોષ માટે ખંડના પાંચ સૌથી ખરાબ એરપોર્ટમાં પિયર્સનનું નામ મખરે હતું. ગેસના જણાવ્યા અનુસાર, પિયર્સનના મુસાફરો તેમના પ્રવાસને સરળ બનાવવા માટે કેટલીક વેબસાઈટ્સ અને એપ્લિકેશન્સનો ઉપયોગ કરી શકે છે. સિક્યોરિટી લાઈનમાં સ્પોટ બુક કરવા માટે, પ્રવાસીઓ તેમનો સ્ક્રીનિંગ સમય આરક્ષિત કરવા માટે પહેલા YYZ એક્સપ્રેસ પર ઑનલાઈન જઈ શકે છે.

## મુસાફરોને વહેલા આવવા અપીલ

આ ઘટના બાદ GTAA કહે છે કે, તેણે લોકોની મુસાફરીનો અનુભવ સુધારવા એરલાઈન્સ અને સરકારી ભાગીદારો સાથે કામ કર્યું છે. GTAAના ટોરી ગેસે ઈમેલ કરેલાં નિવેદનમાં જણાવ્યું હતું કે, પિયર્સન અને એરપોર્ટ પાર્ટનર્સ દ્વારા પેસેન્જરોના અનુભવને યાદગાર બનાવવા અમે ભાગીદારીમાં કામ કર્યું છે અને આ ઉનાળાથી અમે એમાં સુધારા કર્યા છે. એમણે ઉમેર્યું કે, આ કામ હજુ ચાલુ છે અને અમે આશા રાખીએ છીએ કે રજાઓમાં મુસાફરીના સમયગાળા દરમિયાન આ સુધારાઓ ચાલુ રહેશે. જે લોકો રજાઓમાં લાંબા અંતરના પ્રવાસે જઈ રહ્યા છે, તેમને એરપોર્ટ પર વહેલા પહોંચવાની સલાહ આપવામાં આવે છે. ટોરી ગેસ સ્થાનિક ઉડાન ભરનારાઓને તેમની ફ્લાઈટ છોડવાના બે કલાક પહેલાં આવવાની ભલામણ કરે છે.



# અલ્બર્ટાના પ્રીમિયરે 2.4 બિલિયન ડોલરનું પેકેજ જાહેર કર્યું

## ફુગાવાથી સર્જાયેલી પરિસ્થિતિમાં નાગરિકોને રાહત આપવા સરકારનો પ્રયાસ: બાળક અને વરિષ્ઠ નાગરિકને 600 ડોલર મળશે

**ઓન્ટેરિયો**

અલ્બર્ટાના મોટાભાગના પરિવારોને પ્રાંતીય સરકાર તરફથી આવતા નવા પરવડે તેવા પેકેજના ભાગરૂપે દરેક બાળક અને વરિષ્ઠ નાગરિક દીઠ 600 ડોલર મળશે. એક ટીવી સંબોધનમાં, પ્રીમિયર ડેનિયલ સ્મિથે એમ કહ્યું હતું કે, સરકાર જાન્યુઆરીમાં ફુગાવા માટે સામાજીક સમર્થન આપનારા કાર્યક્રમોને ફરીથી શરૂ કરશે. તેમાં ગંભીર રીતે વિકલાંગ (AISH), વિકાસલક્ષી વિકલાંગ વ્યક્તિઓ (PDD) અને આવક સહાયતા માટે ખાતરીપૂર્વકની આવકનો સમાવેશ થાય છે. તે 2.4 બિલિયન ડોલરનો પરવડે તેવા પેકેજનો એક ભાગ છે, જે તમામ આલ્બર્ટન્સને મદદરૂપ થશે. સ્મિથે 11 ઑક્ટોબરે પ્રીમિયર બન્યા પછી તેના પ્રથમ ટીવી સંબોધનમાં જણાવ્યું હતું કે, અમે આ ફુગાવાની કટોકટી જાતે ઉકેલી શકતા નથી, પરંતુ અમારી મજબૂત નાણાકીય સ્થિતિ અને સંતુલિત બજેટને કારણે અમે લોકોને નોંધપાત્ર રાહત આપી શકીએ છીએ. એવી જાહેરાતો મુજબ કેટલાક લાભ થશે. જેમાં 18 વર્ષથી ઓછી ઉંમરના આશ્રિત બાળકો ધરાવતા વરિષ્ઠો અને પરિવારોને દરેક બાળક અને વરિષ્ઠ દીઠ છ મહિના માટે 100 ડોલર ઈન્સ્ટોલેશન મળશે. દર વર્ષે 180,000 ડોલરથી ઓછી આવક ધરાવતા પરિવારોને જ એ લાભ મળશે.

- PDD, AISH અને આવક સહાય પ્રાપ્તકર્તાઓને પણ રોકડ રકમ મળશે.
- સરકાર ઓછામાં ઓછા આગામી છ મહિના માટે તમામ પ્રાંતીય ઈંધણ કરને સ્થગિત કરશે. અત્યારે પેટ્રોલ અને ડીઝલ ઉપર પ્રતિ લીટર 4.5 સેન્ટનો ડિસ્કાઉન્ટેડ ટેક્સ છે. ત્યારબાદ પ્રાંત હાલના રાહત કાર્યક્રમની જેમ તેલની કિંમતના આધારે પ્રાંતીય ગેસ કરને સમાયોજિત કરશે.
- અગાઉ સ્મિથના પુરોગામી જેસન કેની દ્વારા વચન આપવામાં આવ્યું હતું તેમ, સરકાર ફુગાવા માટે પ્રાંતીય કરને ફરીથી શરૂ કરશે. આ પગલાથી એવી શક્યતા ઓછી થાય છે કે, પગારમાં થોડો બમ્પ પ્રાપ્ત કરતી વખતે કામદારને તેમના કર પર દંડ કરવામાં આવશે.
- સરકાર જાન્યુઆરી 2023થી શરૂ થતા ફુગાવા AISH, PDD, આવક સહાય, વરિષ્ઠ લાભો અને અલ્બર્ટા ચાઈલ્ડ એન્ડ ફેમિલી બેનિફિટ માટે ફરીથી ઈન્ડેક્સ કરશે.
- ગ્રાહકો માટે વીજળીના બિલ ઉપર વધેલી છૂટ કે જે ઘર દીઠ કુલ 200 ડોલર છે.


Travel Services

SPECIAL OFFERS

KLM Royal Dutch Airlines

(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)

| | | | |
|---|---|---|---|
| 16 DEC | BOM | AMS | TORONTO |
| 20 DEC | BOM | AMS | TORONTO |
| 13 JAN 2023 | BOM | AMS | TORONTO |
| 16 JAN 2023 | BOM | AMS | TORONTO |

الاتحاد ETIHAD KLM Royal Dutch Airlines

TORONTO - BOMBAY - TORONTO $2799 Including Tax

| | | | | | |
|---|---|---|---|---|---|
| 05 DEC | TORONTO | BOM | 13 JAN | BOM | TORONTO |
| 05 DEC | TORONTO | BOM | 16 JAN | BOM | TORONTO |

tico.ca

LIMITED SEATS AVAILABLE

WITH 2 BAGGAGE 23KG EACH

All tickets are non refundable and non Changeable Condition Apply*

IATA

DIPTESH PATEL +1 (647) 409-2976

905-790-8989 travelservices@bellnet.ca

2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6


# બે બોમ્બ વિસ્ફોટો થતાં જેરુસલેમ હચમચ્યું, કેનેડિયન કિશોરનું મોત

## 14ને ઈજા, વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ હુમલા બાદ શોક વ્યક્ત કર્યો

**ઓન્ટેરિયો**

જેરૂસલેમની બહારના બસ સ્ટોપ ઉપર બે વિસ્ફોટોમાં બુધવારે એક વ્યક્તિનું મોત થયું હતું અને 14 લોકો ઘાયલ થયા હતા. આરોગ્ય ખાતાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી પોલીસે પેલેસ્ટિનિયન આતંકવાદીઓ દ્વારા હુમલો હોવાનું જણાવ્યું હતું. ઈઝરાયેલમાં કેનેડિયન રાજદૂત લિસા સ્ટેડેલબૌરે જણાવ્યું હતું કે, મૃત્યુ પામનાર કેનેડિયનકિશોર હતો.

સ્ટેડેલબૌરે ટ્વિટર ઉપર જણાવ્યું હતું કે, જેરુસલેમમાં આજે સવારે થયેલા નિંદનીય આતંકવાદી હુમલામાં એક કેનેડિયન કિશોરનું મૃત્યુ થયાની પુષ્ટિ કરતાં હૃદય દ્રવી ઊઠે છે. તેમના પરિવારજનો અને મિત્રો તથા આ હુમલામાં ઘાયલ થયેલા અન્ય લોકો પ્રત્યે અમારી સંવેદના. કેનેડા તમામ પ્રકારના આતંકની નિંદા કરે છે.

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને અન્ય કેનેડિયન રાજકારણીઓએ હુમલા બાદ શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. મૃત્યુ પામેલાની ઓળખ 16 વર્ષીય આર્યેહ શેચોપેક તરીકે થઈ હતી. વિસ્ફોટ થયો ત્યારે તે એક યહૂદી સેમિનરી તરફ જઈ રહ્યો હતો.


SUPER VISA MEDICAL INSURANCE

VISITOR TO CANADA INSURANCE

Up to 45 % DISCOUNT with deductible

Guaranteed Lowest Premium

LIFE INSURANCE

MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla

TOLL : 1866.623.0865

Financial Hut Ltd.

Call For HONEST ADVICE 416.320.4614

www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





રમેશભાઈ વ્યાસ

(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)

સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)

Email :- rkvyas143@gmail.com

સ્વદેશ Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા

(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)

(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)

સ્વદેશ Leading Gujarati Newspaper

+1 437-421-2992 Email :- info@swadesh.news



તંત્રી સ્થાનેથી

# ભાજપમાં અસંતોષના ઉહાપોહ વચ્ચે ગુજરાતમાં ચૂંટણી જંગ

ગુજરાતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને પગલે રાજકીય ફલક પર ખાસી ઉત્તેજના છે. 1લી અને 5મી ડિસેમ્બરે બે તબક્કામાં યોજાનારી ચૂંટણીને કારણે રાજકીય પાર્ટીઓ પાંચેક મહિનાથી જોર લગાવી રહી છે. આ ચૂંટણી લોકસભાની 2024ની ચૂંટણી કરતા પહેલા અને ખાસ કરીને પીએમ મોદીના ગૃહ રાજ્યમાં હોવાથી આખા દેશની નજર અહીં છે.



તંત્રી - સ્વદેશ

આમ તો હિમાચલપ્રદેશમાં મતદાન થઈ ગયુ છે અને ત્યાં ભાજપનો રકાસ તથા કોંગ્રેસનો વિજય થવાની પ્રબળ સંભાવના છે. જયારે ગુજરાતમાં આ વખતે આમ આદમી પાર્ટીએ સૌપ્રથમ વાર 182 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખી એડીચોટીનું જોર લગાવતા નવા સમીકરણો રચાયા છે. અત્યાર સુધી તો ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસનો સીધો મુકાબલો થતો રહ્યો છે. જેમાં પાંચેક ચૂંટણીથી ભાજપ જીત મેળવી રહ્યું છે. પરંતુ આ વખતે શાસનવિરોધી પરિબળ અને આમ આદમી પાર્ટીએ ચૂંટણીમાં ઝંપલાવતા અનેક બેઠકના સમીકરણ બદલાઈ ગયા છે. જેમાં આપ જીતે નહીં પરંતુ અનેક બેઠક પર ભાજપની બાજી બગાડી શકે તેવી સ્થિતિ છે. કારણ કે 2017માં પણ 19થી વધુ બેઠકની સરસાર 3 હજાર મતની આસપાસ રહી હતી. આવા સંજોગોમાં રાજ્યમાં ખુદ ભાજપને જ સત્તા જવાનો ડર સતાવતા સંગઠનના નેતાથી માંડીને કેન્દ્રીય મંત્રીમંડળ અને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમજ પક્ષના નેતાઓની ફોજ આખા ગુજરાતમાં ઉતારી દેવાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે પણ અહીં ધામા નાંખીને પ્રચારસભા ગજવવી પડી રહી છે.

મીડિયા વડાપ્રધાનની પાર્ટીને જિતાડે છે છતાં એમની ચૂંટણી સભાઓમાં પાંખી હાજરી પાર્ટી માટે ચિંતાનો વિષય બની રહી છે. આપે શરૂઆતમાં મુદ્દા આધારિત ચૂંટણીપ્રચાર કરતા લોકોને રસ જાગ્યો હતો. પણ પછી ભાજપના હિંદુત્વની સ્પર્ધામાં હવે મુળ મુદ્દા વિસરાવા માંડ્યા છે. હકીકતમાં આ વખતે ગુજરાતના લોકોના મુદ્દાની વાત ભાજપ કે અન્ય કોઈ પાર્ટી કરી રહ્યા નથી. તેથી મતદારોની મન હવે અકળ બની ગયુ છે. જયારે મોદી હવે ગુજરાતમાં મુખ્ય સ્પર્ધા તો ભાજપ તથા કોંગ્રેસ વચ્ચે જ હોવાનું માને છે. બીજી તરફ કન્યાકુમારીથી કાશ્મીર સુધીની પદયાત્રાએ નીકળેલા રાહુલ ગાંધીએ મોડે મોડે સુરતના મહુવા અને રાજકોટમાં સભા કરીને ભાજપના વહિવટ સામે બંડ પોકાર્યો છે. રાહુલે મોદી સરકાર પર આરોપો મુક્યા હતા કે, આ તો અરબોપતિની સરકાર છે. જેના રાજમાં મોંઘવારી વધવા સાથે નાના વેપાર ધંધા પડી ભાંગ્યા છે.

બીજી બાજુ અત્યાર સુધી ખેરાતો કરનાર ભાજપના સર્વોચ્ચ નેતા મોદીએ આમ આદમીપાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ રેવડી વહેંચે છે એવી રકોર્ડ વગાડવાની શરૃ કરી છે. હકીકતમાં તો કેજરીવાલ જેવી જ વાતો મોદી અને ભાજપ અન્ય રાજ્યમાં ચૂંટણી પ્રચાર વખતે કરતા જ હોય છે. ખેર વાત હવે આગળ ધપાવીએ તો આ ચૂંટણી ભાજપ માટે મહત્વની બની છે. કોઈપણ ભોગે આ ચૂંટણી જીતવી ભાજપે કમર કસી છે એટલે જ 37થી વધુ ચહેરા રિપીટ કરાયા છે તો જૂના સંઘી- જનસંઘી કે અન્ય કાર્યકરોને કે એમના પરિવારજનોને ટિકિટ આપવી પડી છે. પરિવારવાદનો વિરોધ કરનારા વડાપ્રધાન ગુજરાતમાં પોતાના પક્ષમાં જ આ નિયમ વીસરી ગયા છે. આ ઉપરાંત છ બેઠક પર તો કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને ટીકીટ આપી દેવાઈ છે. જેને કારણે ઠેર ઠેર અસંતોષ ભભૂકી ઉઠ્યો છે.

અમિત શાહે પક્ષમાં ઉમેદવારોની પસંદગીમાં ફાટી નીકળેલા અસંતોષ અને પક્ષના મુખ્યાલય કમલમ્ પર હજારો અસંતુષ્ટોનાં ટોળાં ઉમટવાના સંજોગોને ખાળવા માટે મધ્યસ્થી તરીકે કામ કરવું પડ્યું છે. મોટેરાઓની ટિકિટ કાપતાં પહેલાં એમની પાસેથી ચૂંટણી લડવાની અનિચ્છા લખાવી લેવાઈ હોવા છતાં ઉમેદવારોની પસંદગીમાં નિયમો અને આદર્શો કોરાણે મુકાતા ભાજપમાં સૌથી વધુ ઉહાપોહ છે. ગુરુવારે પણ ગુજરાત ભાજપે 51 કાર્યકરો-હોદ્દેદારોને સસ્પેન્ડ કરી દીધા હતા. કારણ કે, આ એવા કાર્યકરો હતા જેમણે ભાજપે ઉમેદવારો જાહેર કર્યા બાદ રીતસર બંડ પોકારી દીધો છે.

કેટલાય નેતાઓને સમજાવવાના પ્રયાસો આ વખતે સફળ થયા નથી. અત્યાર સુધીના ઈતિહાસમાં ટિકિટ વહેંચણીમાં કોંગ્રેસમાં ભાર અસંતોષ અને મુખ્યાલય રાજીવ ગાંધી ભવન પર તોડફોડનાં દૃશ્યો જોવા મળતાં હોય છે. પરંતુ આ વખતે સ્થિતિ ઉલટી છે. કોંગ્રેસ કાયલિય પર ભરત સોલંકી સામે વિરોધના મુદ્દે થોડાં પ્રાયોજિત છમકલાંને બાદ કરતાં કયાય કશુ થયુ નથી. જયારે ભાજપના મુખ્યાલય "કમલમ્' પર વધુ વિરોધ અને ટિકિટ મેળવવામાં અન્યાય અંગેની રજૂઆતો જોવા મળી. વડોદરામાં તો બે ઉમેદવારોએ પાર્ટીના ઉમેદવાર સામે અપક્ષ દાવેદારી પણ કરી છે. આ ઉપરાંત સોશિયલ મીડિયામાં આમ આદમીપાર્ટી જોરશોરથી પ્રચાર કરી રહી છે. આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી પદ માટે ઈસુદાન ગઢવીને જાહેર કર્યા છે. તેઓ જામખંભાળિયામાં વિક્રમ માડમ જેવા કોંગ્રેસી મહારથી સામે ચૂંટણી જંગના મેદાને છે. કોંગ્રેસ માટે આ ચૂંટણી અસ્તિત્વ ટકાવવા માટેનો જંગ છે તો ભાજપ માટે મારી-તોડીને પણ સરકાર બનાવવી અનિવાર્ય છે. કારણ મોદી-શાહની જોડીનું ગુજરાત હાથમાંથી જાય તો દેશ પર શાસન ગુમાવવાના સંજોગો આવે.

ગુજરાતમાં મોદીનો વિક્રમ તો ૨૦૦૨માં ૧૨૯ બેઠકોનો હતો. પરંતુ તે પછી યોજાયેલી તમામ વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપની બેઠકો ઘટતી ગઈ છે. ડિસેમ્બર ૨૦૧૪માં તો માંડ ૯૯ મળી હતી. જે બાદ ભાજપની ઈચ્છા ગુજરાતમાં 151 બેઠકો જીતવાની છે. છેલ્લી બે ચૂંટણીથી તે આ મિશન સાથે પ્રચારમાં ઉતરે છે. પરંતુ હજી સફળતા મળી નથી.

માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં ૧૯૮૦માં કોંગ્રેસને ૧૪૧ બેઠકો મળી હતી અને ૧૯૮૫માં ૧૪૯ બેઠકો. આ બંને વિક્રમો આજ દિવસ સુધી અતૂટ રહ્યા છે. જો કે, ૧૯૯૦માં જરાતની પ્રજાએ એ જ માધવસિંહના નેતૃત્વમાં કોંગ્રેસને માત્ર ૩૩ બેઠકો આપી હતી એ રેકોર્ડ કદાચ કોઈને અકળાવતો હશે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પછી આગામી લોકસભા ચૂંટણીમાં એ ૧૦૦-૧૫૦ બેઠકો મેળવવાના લક્ષ્ય સાથે આગળ વધે છે. એમનો કેન્દ્રમાં સત્તા માટેનો લક્ષ્યાંક તો ૨૦૨૯ હશે. એ વેળા મોદીનો જાદુ પણ ઓશરી ગયો હશે.

manoj1968@yahoo. ca

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com

✓ Mice
✓ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL

✓ Cockroach
✓ Bedbug
✓ Animal Control
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI

✓ Bird Control
✓ WASPS and
✓ Hive Removal
24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA 647-833-4477

HETAL SHAH 416 -522-1676

ANIRUDH LAMA 416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 1B8
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com

# સાણંદના ડેપ્યુટી કલેક્ટર અને રીટર્નિંગ ઓફિસર આર.કે.પટેલની આત્મહત્યા

## અધિકારી આર કે પટેલ રાત્રે અઢી વાગ્યા સુધી ચૂંટણીનું કામ કરી રહ્યા હતા

**અમદાવાદ**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગુજરાતમાં ચૂંટણી માહોલ જામ્યો છે. ત્યારે ચૂંટણી ટાણે એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. સાણંદના ડેપ્યુટી કલેક્ટર અને રીટર્નિંગ ઓફિસર આર કે પટેલે કરી આત્મહત્યા કરી છે. અમદાવાદમાં પ્રેરણ તીર્થ સોસાયટીમાં પાંચમાં માળેથી ઝંપલાવીને આત્મહત્યા કરી છે.

વિધાનસભાની ચૂંટણી પહેલા જ સાણંદના ડેપ્યુટી કલેક્ટર અને રીટર્નિંગ ઓફિસર આર કે પટેલે કરી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર જાગી છે તેઓએ આજે અમદાવાદમાં પ્રેરણા તીર્થ સોસાયટીમાં પાંચમા માળેથી નીચે ઝંપાવ્યું ઉપરથી નીચે પડતા મોટો અવાજ આવ્યો હતો જેને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા . કોઈએ 108 નંબર પર ફોન કરીને એમ્બ્યુલન્સ બોલાવી હતી પરંતુ ડોક્ટર આવે ત્યાં પહેલા જ તેઓ મૃત્યુ પામ્યા હતા

નોંધનીય છે કે તેઓએ ગઈકાલે આખી રાત ગવર્મેન્ટ પ્રેસમાં બેલેટની કામગીરી પૂર્ણ કરી વહેલી સવારે ઘેર આવ્યા ઘરે પહોંચ્યા બાદ થોડો સમય પછી તેઓએ પાંચવા માળેથી નીચે ઝંપલાવી આપઘાત કરી લીધો તેઓએ શા માટે પોતાનો જીવ આપ્યો તેની જાણકારી કોઈને નથી. ચૂંટણી અધિકારી આર કે પટેલ મૂળ ઈડરના વતની હતા.સાણંદ માં પોસ્ટિંગ સંભાળ્યું તે પહેલા તેઓએ અંબાજીના વહીવટદાર તરીકે ફરજ બજાવી હતી.

# સરકારને વિનંતી છે કે મારા પતિને નાઈઝીરીયાના કબજામાંથી છોડાવો

**વડોદરા**

પશ્ચિમ આફ્રિકાના સમુદ્ર તટે આવેલા દેશ ઈક્વેટોરિયલ ગિનીમા બંધક ભારતીય શિપના ૨૬ ક્રુ મેમ્બર્સને એક સપ્તાહ પહેલા નાઈજીરીયા લઈ જવાયા છે ત્યારથી આ ક્રૂ મેમ્બરનો કોઈ જ સંપર્ક નહીં હોવાથી તેમના પરિવારજનો પણ ચિંતિત બન્યા છે

બંધક બનાવેલા 26 ક્રૂ મેમ્બરોમાં વડોદરાના એન્જિનિયર હર્ષવર્ધન સૌચેનો પણ સમાવેશ થાય છે હર્ષવર્ધન ની પત્ની સ્નેહા કહે છે કે અમે સીપ કંપની અને સરકાર બંનેના સંપર્કમાં છીએ બંને તરફથી અમને આશ્વાસન મળી રહ્યું છે કે થોડા સમયમાં સમસ્યાનું નિવારણ આવી જશે અને બંધ કોને છોડી મૂકવામાં આવશે આ શબ્દો અમે છેલ્લા સાડા ત્રણ મહિના કરતાં વધુ સમયથી સાંભળી રહ્યા છીએ પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી છેલ્લા એક અઠવાડિયાથી તો ક્રૂ મેમ્બરોનો કોઈ સંપર્ક જ નથી એટલે તેઓ ક્યાં છે કઈ હાલતમાં છે એની કોઈ જાણકારી જ નથી એટલે ચિંતામાં વધારો થઈ રહ્યો છે અમે બસ સરકારને એટલી અરજી કરી રહ્યા છીએ કે બની શકે તેટલું જલ્દીથી સમસ્યાનો ઉકેલ લાવે અને મારા પતિ જલ્દીથી છૂટીને ઘરે આવી જાય.

# પાલેજ જતી સાધ્વી પર્વાદિરત્નાજી માર્ગ અકસ્માતમાં કાળધર્મ પામ્યા

**પાલેજ**

ગચ્છાધિપતિ આચાર્ય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ ડહેલા વાળા સમુદાયના ગચ્છાધિપતિ અભયદેવ સૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાનુવર્તી સાધ્વીજી પર્વાદિરત્નાશ્રીજી બુધવારે સવારે ૬.૩૦ કલાકે આચાર્ય રત્નચંદ્રસુરીશ્વરજી મ.સા.ના ડહેલાવાળાના શિષ્ય રત્ન આચાર્ય ભગવંત ઉદયરત્નસૂરીશ્વરજી મ.સા. તથા સાધ્વીગુણદક્ષાજીની સાથે વિહાર કરતાં હતાં. એ વખતે દિવ્ય વસન્તધામ પાસે એક બોલરો ગાડી દ્વારા અકસ્માત થતાં સાધ્વીજી પર્વાદિરત્નાશ્રીજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેમની ઉંમર માત્ર ૨૪ વર્ષ હતી અને માત્ર દોઢ વર્ષ અગાઉ દીક્ષા લીધી હતી. આ ઘટના અંગે સમગ્ર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ શ્રી મહાસંઘ-અમદાવાદ શહેરે એક યાદીમાં જણાવ્યું કે, ‘સરકાર દ્વારા આ મામલે ક્યારેય નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. જ્યારે આવા પ્રસંગ બને છે તો ઠાલા વચનો આપીને શાંત પાડી દેવામાં આવે છે. સરકાર દ્વારા અમદાવાદ-પાલિતાણા તેમજ અમદાવાદ-શંખેશ્વર વચ્ચે જે લોકો ચાલતા જતા હોય તેવા રાહદારી સાધુ તેમજ અન્ય ગ્રામજનો માટે પગદંડી બનાવવાની જાહેરાત અનેકવાર કરાઈ છે.

# વડોદરાના પૂર્વ સાંસદ પાસે પૈસા પડાવવાનો કારસો રચનાર ધોરણ ૪ પાસ ઠગ પકડાયો

## રાહુલનો PA હોવાનું કહી કોંગ્રેસમાંથી ટીકીટ અપાવવા વચન અપાયું

**વડોદરા**

વડોદરાની લોકસભામાં વર્ષ-૧૯૯૬માં ૧૭ મતે વિજેતા બનેલા કોંગ્રેસના પ્રદેશ ઉપપ્રમુખ સત્યજીતસિંહ ગાયકવાડે આગામી વિધાનસભાની ચૂંટણી માટે વડોદરા જિલ્લાની વાઘોડિયા સીટ માટે કોંગ્રેસમાંથી ટિકિટની માંગણી કરી હતી.ગત પહેલી તારીખે તેમને બે વોટ્સએપ કોલ આવ્યા હતા. જેથી તેમણે સામે કોલ કરતાં ફોન રિસિવ નહિં થતાં તેમણે મેસેજ મૂક્યો હતો. સાંજે ૭.૧૫વાગે તેમના પર કોલ આવ્યો હતો અને તેમાં રાહુલ ગાંધીના પીએનું નામ આવ્યું હતું.ફોન કરનારે કહ્યું હતું કે, હું કનિષ્કસિંગ બોલું છું. રાહુલજીના સિક્રેટ ઓબ્ઝર્વરની ટીમ વડોદરા આવવાની છે. તમારે વાઘોડિયા વિધાનસભાની ટિકિટમાં રસ હોય તો આ ટીમ માટે હોટલની વ્યવસ્થા કરવા રૂપિયા ટ્રાન્સફર કરી આપશો. ભેજાબાજે મોરેશિયસ ની બેન્કનો એકાઉન્ટ નંબર પણ મોકલ્યો હતો. ઠગે ટિકિટ માટે બીજા રૂપિયા પણ આપવા પડશે તેવી વાત કરી હતી. પૂર્વ સાંસદ કનિષ્કસિંગને ઓળખતો હોવાથી તેઓને શંકા પડી હતી. જેથી, તેમણે પોલીસ ફરિયાદનું નક્કી કરી સાયબર સેલને વોટ્સએપના સ્ક્રીન શોટ તેમજ બેન્કની ડીટેલ રજૂ કરી હતી.તેવી જ રીતે કોંગ્રેસના અગ્રણી ચંદ્રકાંત ભથ્થુ સાથે પણ છેતરપિંડીની કોશિશ થઈ હતી. આ કેસમાં પોલીસ અમૃતસર જઈ આરોપી રજત કુમાર પ્રવેશ કુમાર મદાન ની ધરપકડ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરી છે.

નવા વર્ષની શુભકામનાઓ...
ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$ 11.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$14.99 (M-T) / $15.99 (F-S)
Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# આણંદમાં રિવોલ્વરની અણીએ લૂંટારું 8.71 લાખ રોકડની લૂંટ ચલાવી ફરાર

## કપાસ વેચી રોકડ સાથે પરત ફરતા આઇશરના ચાલક-ક્લિનરને લૂંટી લેવાયા

**આણંદ**

નસવાડીના રહેવાસી આકબાની અમીનઅહેમદ હનીફ કરીયાણાનો સ્ટોર ધરાવે છે અને ખેડૂતો પાસેથી કાચું અનાજ તથા કપાસ ખરીદી વેચાણનો ધંધો કરે છે. શનિવાર રાત્રિના સુમારે ખેડૂતો તરફથી મળેલ કપાસ તેઓ પોતાની અશોક લેલેન્ડ ગાડીમાં ભરાવી ચાલક રાજુભાઈ ઉર્ફે ભીમો ઉકેલભાઈ તડવી તથા ક્લીનર સંજયને મહેસાણા જિલ્લાના હારીજ ગામે આવેલ અંબિકા કોટન ખાતે વેચવા માટે મોકલ્યા હતા. ગાડીના ચાલક તથા ક્લીનર કપાસ વેચીને તેના આવેલ રોકડા રૂા.૮,૬૧,૧૩૨ લઈ કેબીનમાં મુકી પરત નસવાડી જવા નીકળ્યા હતા.

ચારેક વાગ્યાના સુમારે તેઓ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આવેલ સામરખા ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ઝીટ માર્ગ નજીક પાછળથી એક નંબર પ્લેટ વગરની ફોરવ્હીલ કાર આવી ચડી હતી અને તેઓની ગાડીને આંતરી હતી જેથી ચાલકે પોતાની ગાડી ઉભી રાખી હતી. ગાડી ઉભી રાખતા જ ફોરવ્હીલ કારમાંથી બે શખ્સો રીવોલ્વર લઈને તેઓની પાસે આવી પહોંચ્યા હતા અને ચાલક રાજુભાઈ તથા ક્લીનર સંજયને રીવોલ્વર બતાવી તમારી પાસે જે કંઈ નાણા હોય તે અમોને આપી દો તેમ કહ્યું હતું. જેથી ચાલક તથા ક્લીનર ગભરાઈ ગયા હતા.દરમ્યાન બંને શખ્સોએ કેબીનના બોક્સમાં મુકેલ કપાસ વેચાણના રોકડા રૂા.૮.૬૧ લાખ કાઢી લઈ લૂંટ ચલાવી કારમાં બેસીને ફરાર થઈ ગયા હતા.

# વડોદરામાં સીબીએસઈ સ્કૂલોમાં નવી શિક્ષણ પદ્ધતિ અમલી થશે

**વડોદરા**

વડોદરામાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા સીબીએસઈ સ્કૂલોની બે દિવસની નેશનલ કોન્ફરન્સનો આજથી પ્રારંભ થયો છે.જેમાં હાજર રહેલા સીબીએસઈના ચેર પર્સન નિધિ છિબ્બરે કહ્યુ હતુ કે, નવી એજ્યુકેશન પોલિસીના સરકારે બનાવી તે પછી કોરનાના કારણે તેનો અમલ કરવામાં વિલંબ થઈ રહ્યો હતો.જોકે હવે સીબીએસઈ દ્વારા તબક્કાવાર તેનો અમલ કરવાનુ શરૂ કરાશે. તેમણે કહ્યુ હતુ કે, હાલમાં ૧૦+૨ એજ્યુકેશન સિસ્ટમ સ્કૂલોમાં અમલમાં છે. તેની જગ્યાએ આગામી વર્ષથી સ્કૂલોમાં ૫+૩+૩+૪નુ માળખુ અમલમાં આવશે.આમ સ્કૂલોમાંથી ધો.૧૦ની બોર્ડ પરીક્ષા નિકળી જાય તેવી શક્યતાઓ છે. સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે સ્કિલ બેઝ્ડ એજ્યુકેશન પર વધારે ભાર મુકવામાં આવશે. જેના ભાગરૂપે ધો.૬થી વિદ્યાર્થીઓને સંખ્યાબંધ વિષયોમાંથી કેટલાક વિષયો પસંદ કરવા માટે વિકલ્પ આપવામાં આવશે.આ તમામ વિષયો વિદ્યાર્થીઓમાં સ્કિલ વિકસે તેવા હશે.આ વિષયો ભણ્યા બાદ વિદ્યાર્થીને તેનુ સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

# ગુજરાતનું સૌથી મોટું યુથ પાર્લામેન્ટ વડોદરામાં યોજાશે

**વડોદરા**

ઝીરો અવર ફાઉન્ડેશનની પહેલ અંતર્ગત છાત્ર સંસદ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં તારીખ ૨૫ થી ૨૭ નવેમ્બરના રોજ બ્રાઈટ સ્કૂલ વાસણા રોડ ખાતે ગુજરાતનું સૌથી મોટું યુથ પાર્લામેન્ટ વડોદરામાં યોજવા જઈ રહ્યું છે. જેમાં ગુજરાતની વિવિધ શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૮ થી૧૨ના ૫૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. વડોદરા ચૂંટણીના ત્રણ દિવસ પહેલા આયોજિત આ યુથ પાર્લામેન્ટમાં વિવિધ સમુદાય અને વર્તમાન બાબતો તથા કાયદાઓ વિશે ચર્ચા કરવામાં આવશે. યુથ પાર્લામેન્ટ વિશે માહિતી આપતા બાઈટ ડે સ્કૂલ, વડોદરાના પ્રેસિડન્ટ સૌમિલ શાહ અને છાત્ર સંસદના ફાઉન્ડર પ્રેસિડન્ટ વકીલ કૃણાલ શર્મા અને આદિત્ય વેગડાએ જણાવ્યું કે, આજના બાળકોને લોકસભા અને વિધાનસભા વિશે માહિતી નથી. આ સાથે કોર્પોરેટર, ધારાસભ્ય અને સાંસદની શું ભૂમિકા છે, તેનાથી તેઓ અજાણ છે.

# કઠલાલ-નડિયાદ રોડ ઉપર અકસ્માતમાં 3 યુવકનાં મોત

**કઠલાલ**

કઠલાલ નડિયાદ રોડ ઉપર ભાનેર પાટીયા પાસે ગતરોજ સાંજના સુમારે કન્ટેનર અને બાઈક વચ્ચે થયેલ અકસ્માતમાં લાડવેલ ગામના ત્રણ યુવાનોના ઘટના સ્થળે જ મૃત્યુ થતાં પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

કઠલાલ તાલુકાના લાડવેલ ગામના ત્રણ યુવાનો ગત રોજ સાંજના સુમારે ખેતરમાં જવાનું કહી કઠલાલ નડિયાદ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ભાનેર બસ સ્ટેન્ડ પાસે આવેલ અમન હોટલ આગળ નડિયાદ તરફથી રોંગ સાઈડમાંથી પુરપાટ આવી રહેલા કન્ટેનરે બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર અશ્વિન દશરથભાઈ પરમાર, કિસન રાભાભાઈ રાઠોડ, અને કિશન વિક્રમભાઈ ચાવડાન ગંભીર ઈજાઓ થતા તેઓનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.કન્ટેનર ચાલકે તેનું કન્ટેનર રોડની સાઈડમાં આવેલા લાઈટની ડીપી સાથે અથડાવી કન્ટેનર ચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે કઠલાલ પોલીસને જાણ થતા ઘટના સ્થળે જઈ ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે. જિલ્લામાં અકસ્માતના બનાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

# વડોદરામાં મરાઠી સમાજ મતદાન સમયે નોટાનો ઉપયોગ કરી શાસક પક્ષનો વિરોધ કરશે

**વડોદરા**

છત્રપતિ શિવાજી મહારાજ અંગે વિવાદાસ્પદ નિવેદનના આક્ષેપ સાથે સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજ સંગઠન અને મંડળ વડોદરા દ્વારા જિલ્લા કલેકટર મારફતે પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિને રજૂઆત કરી રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, હિન્દવી સ્વરાજ તથા મહારાષ્ટ્રીયનના આરાધ્યા દેવતા છત્રપતિ શિવાજી મહારાજ સંદર્ભે મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. આ નિવેદનના પગલે મહારાષ્ટ્રીયન સમાજની લાગણી દુભાઈ છે. સમાજ આ ઘટનાને વખોડી વિરોધ પ્રદર્શિત કરી રહ્યો છે. અમારી માંગણી છે કે વિધાનસભા ચૂંટણીના મતદાન પહેલા રાજ્યપાલને તેમના પદ પરથી દૂર કરવામાં આવે અને તેવું નહીં થાય તો મતદાન સમયે નોટાનો ઉપયોગ કરી શાસક પક્ષ વિરુદ્ધ સખત વિરોધ દર્શાવાશે.



# મોરબી દુર્ઘટના: HCએ સરકારને કહ્યું, આટલું વળતર યોગ્ય નથી

**મોરબી**

ગુજરાતમાં મોરબીના કેબલ બ્રિજ દુર્ઘટના મામલે સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને તમામ બ્રિજનો સર્વે કરવા આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરે કે રાજ્યમાં કેટલા બ્રિજ સારી સ્થિતિમાં છે. હાઈકોર્ટ આવા તમામ પુલોની યાદી માંગે છે. કોર્ટે એમ પણ કહ્યું કે રિપોર્ટ પ્રમાણિત હોવો જોઈએ. આ સિવાય કોર્ટે અકસ્માતમાં જાનહાનિ અને ઘાયલોને વધુ વળતર આપવાની પણ વાત કરી હતી. કોર્ટે કહ્યું કે વળતરની રકમ વધારવી જોઈએ. ઘાયલો માટે ૫૦,૦૦૦ રૂપિયા બહુ ઓછા છે.

હાઈકોર્ટે એ પણ નોંધ્યું હતું કે મોરબી નગરપાલિકાએ મોરબી બ્રિજની ગંભીર સ્થિતિ અંગે ખાનગી કોન્ટ્રાક્ટર (એમ/એસ અજંતા)ની ચેતવણીઓને અવગણી હતી. ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ જે. શાસ્ત્રીની બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે ટિકિટના ભાવ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું. બ્રિજની હાલત સારી નહોતી. પાલિકાએ પણ આ અંગે સંકેત આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મચ્છુ નદી પર એક સદી પહેલા બનેલો ઝુલતા પુલ તરીકે ઓળખાતો મોરબીનો પુલ ૩૦ ઓક્ટોબરના રોજ તૂટી પડયો હતો, જેમાં ૧૩૦થી વધુ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

ગુરુવારે સુનાવણી દરમિયાન, ગુજરાત હાઈકોર્ટે અવલોકન કર્યું કે અનાથ માટે દર મહિને ૩,૦૦૦ રૂપિયા કંઈ નથી અને કહ્યું કે આ રકમ ડ્રેસ અને પુસ્તકોના ખર્ચને પણ આવરી લેશે નહીં. કોર્ટે કહ્યું કે દર મહિને ૩,૦૦૦ રૂપિયા ખૂબ ઓછા છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ચૂકવવામાં આવેલ વળતર સંતોષકારક નથી અને રાજ્ય સરકારે ઓછામાં ઓછું વળતર બમણું કરવું જોઈએ અથવા ઓછામાં ઓછા ૧૦ લાખ રૂપિયા આપવા જોઈએ.રાજ્ય સરકારને અકસ્માતનો ભોગ બનેલા લોકો પર નિર્ભર લોકોની સંપૂર્ણ વિગતો આપવા માટે કહેવામાં આવ્યું હતું.

# જામનગરમાં પારકા ઝગડામાં વચ્ચે પડેલા યુવાનની હત્યા

**જામનગર**

દિગ્જામ સર્કલ નજીક હનુમાન ટેકરી વિસ્તારમાં મેલડી માતાજીના મંદિર પાસેથી પસાર થઈ રહેલા બે યુવાનો પૈકી ગૌતમ ઉર્ફે ગુડા દિનેશભાઈ સીંગરખીયા નામના 22 વર્ષના યુવાન પર હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતા હિતેષ ઉર્ફે ફોગો બાબુભાઈ રાઠોડ નામના યુવાને છરીના ઘા ઝીંકી દેતા ગૌતમને ગંભીર હાલતમાં જી.જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જયાં તબીબોએ તેનું મૃત્યુ નિપજ્યાનું જાહેર કરતાં પોલીસ દોડી ગઈ હતી. જામનગર શહેરના શંકરટેકરી સુભાષપરા શેરી નં.7 રામાપીરના મંદિરવાળી શેરી વિસ્તારમાં રહેતો ગૌતમ ઉર્ફે ગુંડા દિનેશભાઈ સિંગરખીયા (ઉ.વ.22) નામનો યુવક ગત રાત્રિના સમયે તેના મિત્ર ધમા ફફલ સાથે તેના ભાઈના જૂના મકાને જતાં હતાં. ત્યારે હનુમાન ટેકરી મેલડી માતાના મંદિર પાસે પહોંચ્યા ત્યારે હિતેશ ઉર્ફે ફોગો બાબુ રાઠોડ નામના શખ્સ કોઈ સાથે બોલાચાલી અને ઝઘડો કરતો હતો.

# તરૂણીનું અપરહણ કરી દુષ્કર્મ કરનારને 20 વર્ષની સખત કેદ

## સજા ઉપરાંત 20 હજાર રૂપિયા દંડ તેમજ ભોગ બનનારને 4 લાખ વળતર ચુકવવા પણ આદેશ

**જૂનાગઢ**



ભેંસાણ તાલુકાનાં છોડવડીની સીમમાંથી તરૂણીનું અપહરણ કરી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરનાર યુવકને વિસાવદર પોકસો કોર્ટે 20 વર્ષની સખત કેદની સજા તેમજ 20 હજાર રૂપિયા દંડ ફટકાર્યો છે. તેમજ ભોગબનનાર તરૂણીને 4 લાખ રૂપિયા વળતર પેટે ચુકવવા આદેશ કર્યો છે. છોડવડી ગામની એક તરૂણીનું તા.27-7-2020નાં રાહુલ ઉર્ફે રોહિત ભાવેશ ડોડીયા(ઉ.વ.25) નામનો યુવક બાઈક પર અપહરણ કરી લઈ ગયો હતો અને તરૂણીને કાગવડ તથા બોરવાવ સીમમાં આવેલા ફાર્મમાં દુષ્કર્મ આચરી જાતીય સતામણી કરી હતી. આ અંગે ગુનો દાખલ થયો હતો.

આ અંગેનો કેસ વિસાવદર ખાસ પોકસો કોર્ટમાં ચાલી જતા એડીશનલ સેશન્સ જજ અને ખાસ પોકસો જજ જયેશકુમાર શ્રીમાળીએ 23 મૌખીક તેમજ 42 દસ્તાવેજી પુરાવાઓ અને સરકારી તથા બચાવપક્ષનાં વકિલની દલીલોને ધ્યાને લઈ રાહુલ ઉર્ફે રોહિત ભાવેશ ડોડીયાને તકસીરવાન ઠરાવી 20 વર્ષની સખત કેદની સજા તેમજ 20 હજાર રૂપિયા દંડ ફટકાર્યો છે. દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત ભોગબનનાર તરૂણીને 4 લાખ વળતર ચુકવવા પણ આદેશ કર્યો છે. આ રકમ પાંચ વર્ષની ફિકસ ડીપોઝીટ પેટે બાળાનાં નામે મુકવા અને જયાં સુધી તરૂણી 18 વર્ષની ન થાય ત્યાં સુધી એફડી પરનાં વ્યાજની રકમ તરૂણીના માતા-પિતાને ચુકવવા આદેશ કરવામાં આવ્યો છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વલસાડના કપરાડામાં પુત્ર તેમજ પુત્રીની ગળુ દબાવી હત્યા બાદ પિતાનો આપઘાત

## કામધંધો ન કરતા પિતાએ આવેશમાં આવી બીજી પત્નીના બંને સંતાનને ફાંસો આપ્યો

**વલસાડ**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના પીપરોની ગામમાં સંતાનોની હત્યા કરીને પિતાએ આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચ્યો છે. વલસાડના કપરાડા તાલુકાના પીપરોણી ગામના મૂળ ફળિયામાં રહેતા સંજય ઈંદિયાભાઈ વારલીના પત્ની સુનિતા છેલ્લા છ મહિનાથી રિસામણે જતા રહ્યા છે. સુનિતા તેના બે સંતાનો પણ સંજય પાસે છોડી ગઈ હતી. સંજય બેરોજગાર હોવાથી ડિપ્રેશનમાં આવી ગયો હતો અને ઘણા સમયથી ટેન્શનમાં રહેતો હતો. જેના કારણે ગઈકાલે સંજયેતેના 8 વર્ષના દીકરા અને 5 વર્ષની દીકરીને ગળેટૂંપો આપી મોતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારબાદ પોતે પણ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ફળિયામાં રહેતા પડોસીઓને બાળકો ન દેખાતા ઘરમાં ચેક કરતા બંને બાળકોની હત્યા થયેલી હાલતમાં જોવા મળ્યા હતા. જ્યારે સંજય વારલી ફાંસો ખાધેલી હાલતમાં જોઈ તાત્કાલિક ગામના અગ્રણીઓ અને ગામના સરપંચ તાજ સંજયના ભાઈને ઘટનાની જાણ કરી હતી. સંજયે બંને બાળકોની હત્યા કરી પોતે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની જાણ તેના ભાઈને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. ઘટનાની જાણ નાનાપોઢા પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ત્રણેય લાશનો કબ્જો મેળવી ઘટના અંગે નિધુભાઈની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બ્રિટિશ લાઇબ્રેરીમાં સચવાયો છે ઈ.સ.1830નો સુરતનો સ્કેચ

**સુરત**

હાલમાં હેરિટેજ વીક ચાલી રહ્યું છે. ત્યારે સુરતમાં પણ હજુ ઘણી એતિહાસિક ઈમારતો અને વસ્તુઓ સચવાયેલી છે. અને તેમાંનો એક સુરતનો ઈ.સ 1830 નો પેનોરમા સ્કેચ. બ્રિટીશ લાઈબ્રેરીમાં હાલમાં પણ તે સચવાયો છે

૧૭ મી અને ૧૮ મી સદીમાં સુરત એક આંતરરાષ્ટ્રિય બંદર તરીકે જગમશહૂર હતું અને દેશવિદેશથી આવતા વહાણો કિલ્લાની નજીકમાં આવેલા જકાતનાકા નજીક નાંગરવામાં આવતા હતાં. જેથી કિલ્લો એ સુરતની ઓળખ માટે કેન્દ્ર સ્થાને હતો અને આ જ કારણસર કિલ્લાની સામેના કિનારેથી જુદા જુદા દેશના પ્રવાસીઓ દ્વારા સુંદર ચિત્રો દોરવામાં આવતા હતા. જેમાંથી એક જ ચિત્રમાં ઘણાં બધાં મહત્વનાં સ્થળો દર્શાવતું ઈ.સ ૧૮૩૦ માં બનેલું સુરતનું પેનોરમા ચિત્ર ખૂબ જ પ્રસિધ્ધ છે. જેની લીથો પ્રિન્ટ અને સુરતના કેટલાક દુલર્ભ પુસ્તકો સુરતના એક સમયનાં કોટવાળ બેજનજી પાલનજી કોટવાલનાનું મકાન વેચાયા બાદ મળી આવ્યા હતાં.

આ અંગે ઈતિહાસકાર સંજય ચોકસીએ કહ્યું કે, આ સ્કેચની પ્રિન્ટ મળી ત્યારે તે ખૂબ જર્જરિત અવસ્થામાં ત્રણ ભાગમાં હતી.

# હાઈકોર્ટમાં ગુજરાતી ભાષા સત્તાવાર રીતે અમલી બનાવવા આખરે PIL

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં રૂટીન ન્યાયિક પ્રક્રિયામાં અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષા પણ અધિકૃત રીતે અમલી બનાવવા ભારતીય બંધારણની કલમ-૩૪૮(૨) હેઠળ આખરે મહત્ત્વની જાહેરહિતની રિટ અરજી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલમાં પ્રતિવાદપ્પક્ષકારો તરીકે રાજય સરકાર અને કેન્દ્ર સરકારને દર્શાવવામાં આવ્યા છે. ગુરુવારે કેસનું હીયરીંગ કર્યા બાદ હાઈકોર્ટે વધુ સુનાવણી ડિસેમ્બર માસમાં રાખી હતી.

ગુજરાત હાઈકોર્ટમાં માતૃભાષા ગુજરાતી ભાષા સત્તાવાર રીતે લાગુ કરવા માંગણી કરતી જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, કાઉન્સીલ ઓફ મીનીસ્ટર્સના અભિપ્રાયના આધારે ગુજરાત વિધાનસભા દ્વારા અગાઉ આ અંગેનો નિર્ણય કરાયો હતો.

# આંતકવાદ, હત્યા સહિતના ગુનામાં ફરાર આરોપીને કોર્ટે નિર્દોષ છોડાયો

**અમદાવાદ**

શાહીબાગમાં ૩૫ વર્ષ પહેલા આંતંકવાદ, હત્યા સહિતના ગુનામાં વર્ષો સુધી ફરતા રહેલા અને તાજેતરમાં પકડાયેલા વિરભાંગસિહ ઉર્ફે બિરબલ શિવરામસિંહ સેંગરને નિર્દોષ છોડી મૂકવા હુકમ થયો હતો.

સને ૧૯૮૭માં આરોપી વિરૂધ્ધ હત્યા, આંતકવાદ પ્રવૃત્તિ અટકાવવા ધારા સહિતનો ગુનો નોંધાયો હતો આરોપી વિરભાંગસિંહ ઉર્ફે બિરબલ શિવરામસિંહ સેંગરને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૮૨ મુજબ અગાઉ ફરાર જાહેર કરાયો હતો. કોર્ટે આરોપીઓને શોધવા માટે પોલીસે જાહેરનામાની નકલ કોર્ટના પ્રવેશદ્વારે, આરોપીઓના રહેણાંક તથા ધંધાના સ્થળે ચોંટાડીને પ્રસિદ્ધ કરવા માટે નિર્દેશો પણ આપ્યા હતા. આ પછી આરોપી તા.૨૯મી મેના રોજ ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસની વિગત એવી છે કે, શહેરના શાહીબાગ વિસ્તારમાં ૧૯૮૭ની સાલમાં ગેરકાયદે મંડળી બનાવીને હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ, કાવતરું, આતંકવાદ તથા તોડફોડ બદલ વિરભાંગસિહ ઉર્ફે બિરબલ શિવરામસિંહ સેંગર સહિત અન્યો સામે પોલીસે ધરપકડ કરીને કોર્ટમાં ચાર્જશીટ મૂક્યું હતું.

# ટ્રેનની ટિકિટની જેમ લગ્ન માટે બગીનું પણ બે-ત્રણ મહિના અગાઉથી બુકિંગ

**વડોદરા**

મોટરકારના આધુનિક જમાનામાં આજે પણ કેટલાક પરિવારો બગીમાં જાન લઈને જાય છે અને સદીઓથી ચાલતી પરંપરાને જાળવી રાખે છે. અગાઉના સમયમાં પરિવહનના માધ્યમ તરીકે બગીનો ઉપયોગ થતો હતો. આજે બગી આવશ્યક માધ્યમ નથી, પરંતુ હવે ટ્રેડિશનલ તરીકે બગી ભાડે રાખવામાં આવી રહી છે. અમદાવાદ શહેરમાં માત્ર ૫૦ થી ૬૦ બગીઓ છે. જ્યારે આ વર્ષે લગ્ન સિઝનમાં સરેરાશ ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ લગ્નો છે. એક દિવસમાં એક બગી ત્રણ અલગ-અલગ લગ્નમાં જાન લઈને જઈ શકે છે. આવામાં માંગ વધારે અને બગીઓની સંખ્યા ઓછી હોવાના કારણે ટ્રેનની ટિકિટની જેમ બગીની બુકિંગ પણ લગ્ન સિઝનના બે ત્રણ મહિના અગાઉથી કરાવવી પડે છે!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

Available on the App Store
GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી
SWADESH NEWS
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી
ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 | SWADESH 24x7



## સલમાન ખાનની ભાણેજ આલિઝા અગ્નિહોત્રીનું બોલીવૂડમાં ડેબ્યુ

મુંબઇ : સલમાન ખાનની બહેન અલવીરા અને અતુલ અગ્નિહોત્રીની પુત્રી આલિઝા બોલીવૂડમાં ડેબ્યુ કરી રહી છે. તે દિગ્દર્શક સોમેન્દ્ર પાંધીની ફિલ્મથી ડેબ્યુ કરશે. પાંધીએ કારકિર્દીમાં ઘણી સફળ વેબ સીરીઝ અને ફિલ્મો આપી છે. સલમાનની ભાણેજના ડેબ્યુ વિશે સલમાને કોઇ જાણકારી આપી નથી. પરંતુ તે પોતાની બહેનની પુત્રીને પુરતો સપોર્ટ કરશે તેમાં કોઇ શંકા નથી. અલીઝેહ સોમેન્દ્ર પાંધીની આગામી ફિલ્મમાં જોવા મળવાની છે. જેનું શૂટિંગ શરૂ થઇ ગયું છે અને આવતા વરસે આ ફિલ્મને રિલીઝ કરવામાં આવશે. અલીઝાને સલમાન સાથે ઘણી વખત સ્પોટ કરવામાં આવી છે.



# સોનાક્ષી સિંહા તેલુગુ મનોરંજન ઇન્ડસ્ટ્રીમાં ડેબ્યુ માટે તૈયાર

મુંબઈ : સોનાક્ષી સિંહા બોલીવૂડના દર્શકોનું મનોરંજન કરવામાં નિષ્ફળ ગઈ છે. તેની કારકિર્દીને લઈને એક સમાચાર છે કે, અભિનેત્રી હવે જલદી જ સાઉથમાં ધમાકો કરવાની છે. સોનાક્ષી સિંહા તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવાની છે.સોનાક્ષીએ હજુ સુધી આ ફિલ્મ સાઈન કરી નથી. તે આ ફિલ્મ સાઈન કરે પછી જ ફિલ્મસર્જક સત્તાવાર રીતે ઘોષણા કરશે. સોનાક્ષી તેલુગુ ફિલ્મમાં અભિનેતા મંદમુરી બાલકૃષ્ણના સાથે ડેબ્યુ કરી રહી છે. ફિલ્મ એનબીકે ૧૦૮માં તે મુખ્ય રોલમાં જોવા મળવાની છે. આ ફિલ્મનું દિગ્દર્શન અનિલ રવિપુડીનું છે. સોનાક્ષી જોકે હાલ સંજય લીલા ભણશાલીની વેબ સીરીઝ હીરામંડીના શૂટિંગમાં વ્યસ્ત છે. આ પ્રોજેક્ટ પુરો થયા પછી જ સોનાક્ષી બીજા પ્રોજેક્ટને શરૂ કરવાની છે. આ પહેલા પણ ભૂતકાળમાં સોનાક્ષીએ બાલકૃષ્ણ સાથે કામ કરવા રાજી થઈ હતી. પરંતુ ચોક્કસ વિવાદોને કારણે તે છેલ્લી ઘડીએ એ ફિલ્મમાંથી નીકળી ગઈ હતી. આ તેલુગુ ફિલ્મ માટે હુમા કુરેશી અને ત્રિશાનો પણ સંપર્ક કરવામા આવ્યો હતો. પરંતુ નિર્માતા-દિગ્દર્શકે અંતે સોનાક્ષીને ફાઈનલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સોનાક્ષી સિંહાએ સલમાન ખાન સાથે ફિલ્મ દબંગથી પોતની કારકિર્દીની શરૂઆત કરી હતી. સશિય મીડિયા પર તે સક્રિય છે અને તેના ફેન ફ્લોવિંગની સંખ્યા ઘણી છે.



## 200 કરોડના મની લોન્ડરિંગ કેસના મામલામાં જેકલીન ફર્નાન્ડીઝને મળી રાહત

બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડીઝને રાહત મળી છે. સુકેશ ચંદ્રશેખર મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી થવાની હતી. કોર્ટમાં જેકલીન ફર્નાન્ડીઝ સામે લાગેલા આરોપો પર કોઈ ચર્ચા થઈ ન હતી અને સુનાવણી 12 ડિસેમ્બર સુધી મુલતવી રાખવામાં આવી હતી. એટલે કે હવે જેકલીન ફર્નાન્ડીઝને મળેલા જામીન પર નિર્ણય 18 દિવસ પછી લેવામાં આવશે. ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે 200 કરોડના મની લોન્ડરિંગ કેસના મામલામાં જોડાયા ત્યારથી જ જેકલીન મુશ્કેલીમાં છે. જ્યારથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેની ચાર્જશીટમાં અભિનેત્રીને આરોપી તરીકે નામ આપ્યું છે, ત્યારથી તેઓ તેની ધરપકડની માંગ કરી રહ્યા છે. વિશેષ ન્યાયાધીશ શૈલેન્દ્ર મલિક, એ ED દ્વારા રજૂ કરાયેલી દલીલો સાંભળવાની અને રૂ. 2 લાખના વ્યક્તિગત બોન્ડ અને એટલી જ રકમની જામીન આપવાની શરતે જામીન આપ્યા હતા.

## આથિયા શેટ્ટી અને કેએલ રાહુલના લગ્નની તડામાર તૈયારી શરૂ



મુંબઈ : સુનિલ શેટ્ટીની પુત્રી આથિયા શેટ્ટી અને કેએલ રાહુલના પ્રેમસંબંધોની ચર્ચા ઘણા સમયથી છે. હવે આ પ્રેમી યુગલ જાન્યુઆરીમાં પ્રભુતામાં પગલા પાડે તેવી જાણકારી છે. સુનિલ સેટ્ટીએ પણ તાજેતરમા આથિયા અને રાહુલના સંબંધને કન્ફર્મ કર્યો હતો. તેણે તેની પુત્રી અને રાહુલ લગ્ન કરશે તેવી વાત પણકરી હતી. સોશિયલ મીડિયાના પોર્ટલના અનુસાર, આથિયા અને કેએલ રાહુલના લગ્ન જાન્યુઆરી ૨૦૨૩માં થવાના છે. કહેવાય છે કે, આ પ્રેમી યુગલે લગ્ન કરવા માટે કોઈ ફાઈવસ્ટાર હોટેલ કે પછી વિદેશને પસંદ ન કરતાં સુનિલ શેટ્ટીના ખંડાલાના બંગલામાં લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. બંગલાપરલગ્નની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે.

## અનુરાગ કશ્યપ બનશે વિજય માલ્યા!



ઘણી ફિલ્મો બનાવી ચૂકેલા ડાયરેક્ટર અનુરાગ કશ્યપે ઘણી ફિલ્મોમાં એક્ટર તરીકે પણ પોતાનો જલવો દેખાડ્યો છે. અનુરાગ કશ્યપ 'અકિરા', 'ધૂમકેતુ' અને 'મુક્કાબાઝ' જેવી ઘણી ફિલ્મોમાં અભિનેતા તરીકે દેખાયો છે અને તેમાં કોઈ શંકા નથી કે તે દરેક વખતે પોતાની કુશળતાથી લોકોને પ્રભાવિત કરવામાં સફળ રહ્યો છે. પરંતુ કદાચ અનુરાગે હજુ પોતાનું શ્રેષ્ઠ કામ બતાવવાનું બાકી છે. કાર્તિક ટૂંક સમયમાં ભારતીય ભાગેડુઓ પર ફિલ્મ લાવી રહ્યો છે. કાર્તિક આ ફિલ્મ દ્વારા ડાયરેક્ટોરિયલ ડેબ્યુ કરશે. ભારતના કરોડો રૂપિયા લઈને ભાગી ગયેલા લોકો પર બનેલી આ ફિલ્મની કહાની વિજય માલ્યા, નીરવ મોદી અને મેહુલ ચોક્સી જેવા દિગ્ગજ ઉદ્યોગપતિઓ દ્વારા કરવામાં આવેલા રિયલ લાઈફ સ્કેમ્સ આધારિત હશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અનુરાગ કશ્યપ આ ફિલ્મમાં વિજય માલ્યાની ભૂમિકામાં જોવા મળશે. બંનેનું રંગ-રૂપ ઘણી હદ સુધી મેચ થાય છે અને અનુરાગ કશ્યપને આટલું મહત્વપૂર્ણ પાત્ર ભજવતા સાંભળવું ખૂબ જ અપીલિંગ લાગે છે. અહેવાલ છે કે, આ અંગે ફિલ્મના મેકર્સ અનુરાગ કશ્યપ સાથે સતત વાતચીત કરી રહ્યા છે. કાર્તિક પાસે આ ફિલ્મ માટે ખૂબ જ ગ્રાંડ વિઝન છે અને તે આમાં વિજય માલ્યાના પાત્રને ખૂબ જ જીવંત અને મજબૂત બનાવવા માંગે છે.

## તારક મહેતાની 'બબીતા જી' ને જર્મનીમાં થયો અકસ્માત



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા એક એવો શો છે જે બધાને પસંદ છે. શોના કલાકાર દરેકના ફેવરિટ છે. તેના ચાહકો તેના વિશે બધું જાણવા માંગે છે. આવી જ એક રમુજી અને ખૂબ જ પ્રખ્યાત અભિનેત્રી મુનમુન દત્તા છે, જે શોમાં 'બબીતા જી' તરીકે ઓળખાય છે. તેના ચાહકો પણ તેને આ નામથી બોલાવવાનું પસંદ કરે છે. વાસ્તવમાં મુનમુન દત્તાનો જર્મનીમાં એક નાનકડો અકસ્માત થયો છે. તેણે પોતે આ ઘટના શેર કરી છે.

મુનમુન દત્તા ઘણી મુસાફરી કરે છે. તેણીએ લગભગ એક અઠવાડિયા પહેલા તેની યુરોપની સફર શરૂ કરી હતી પરંતુ કમનસીબે અભિનેત્રીનો જર્મનીમાં અકસ્માત થયો અને હવે તે ઘરે પરત ફરી રહી છે. તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં તેણે કહ્યું, 'જર્મનીમાં એક નાનો અકસ્માત થયો હતો. મારા ડાબા ઘૂંટણમાં ખૂબ દુઃખે છે. એટલા માટે મારે મારી મુસાફરી ઓછી કરવી પડશે અને ઘરે પાછા જવું પડશે. બે દિવસ પહેલા જ મુનમુન સ્વિટ્ઝર્લેન્ડના ઈન્ટરલેકનથી ટ્રેનમાં જર્મની ગઈ હતી. તેણીએ જ્યારે તે કોઈની જગ્યાએ રોકાઈ રહી હતી ત્યારે તેણે જે સ્વાદિષ્ટ ભોજન લીધું હતું તેની તસવીર પણ શેર કરી હતી. જર્મની પહેલા મુનમુન સ્વિટ્ઝર્લેન્ડમાં હતી.










સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news





### 2021માં દુબઈમાં રમાયેલા ટી-20 વર્લ્ડકપમાં થયેલી નાલેશીભરી હારનો ઈતિહાસ ફરી દોહરાયો

# ભારતીય ટીમનો ધબડકો : સિલેકટર્સને પાણીચું

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

### ખરાબ પર્ફોમન્સ આપતા ખેલાડીઓને વારંવાર તક આપવાની નીતિ જ શંકાસ્પદ, પૈસા લઈને સિલેકશન થતુ હોવાના આક્ષેપો થયા, હાર માટે ખેલાડીઓમાં આક્રમકતાનો અભાવ પણ બીજુ મોટું કારણ

ઓસ્ટ્રેલિયામાં રમાયેલા ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડકપમાં રોહિત શર્મા સહિતની ટોળકીએ વાળેલા ધબકડાથી ભારતની આબરૂનો ધજાગરો થઈ ગયો છે. આ સાથે જ ક્રિકેટ ચાહકોમાં હજુ રોષ છે. આ ઘટના બાદ બોર્ડે ભૂતપૂર્વ મીડિયમ પેસર ચેતન શર્માના વડપણ હેઠળની ચાર સભ્યોની પસંદગી સમિતિને રાતોરાત પાણીચુ આપી દીધુ છે. ચેતન શર્મા ઉપરાંત હરવિન્દર સિંહ (સેન્ટ્રલ ઝોન), સુનીલ જોશી (સાઉથ ઝોન) અને દેબાશિષ મોહંતી (ઈસ્ટ ઝોન)એમ સીલકટર્સ સામે સખત પગલા લેવાયા છે.

ચેતન શર્મા અને સુનિલ જોશીની નેશનલ સીલેક્ટરર તરીકે નિમણૂંક ૨૦૨૦માં કરાઈ હતી. જ્યારે બાકીના બે સીલેક્ટર ૨૦૨૧માં નિમાયા હતા, એ જોતાં તેમની મુદત પૂરી થવા આડે બે વર્ષ કરતાં વધારે સમય બાકી હતો. આમ છતાં ટીમના ખરાબ પદર્શનથી નારાજ થયેલા બોર્ડે સિલેકટર્સની મુદત પૂરી થવાની રાહ જોઈ નથી. બોર્ડે વર્તમાન પસંદગી સમિતિના ચારેય સભ્યોની સાગમટે હકાલપટ્ટી કરવા માટે કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નથી. પણ ભારતીય ક્રિકેટની અત્યારે જે હાલત છે એ જોતાં કોઈ કારણ આપવાની જરૂર જ નથી. ભારતીય ટીમના ભલભલા ધુરંધરો સળંગ બે ટી-૨૦ વર્લ્ડ કપમાં નિષ્ફળ રહ્યા છે. ૨૦૨૧માં દુબઈમાં રમાયેલા ટી-૨૦ વર્લ્ડકપમાં પણ ભારતીય ટીમની નાલેશી થઈ હતી. જયારે આ મહિને ઓસ્ટ્રેલિયામાં રમાયેલા વર્લ્ડકપમાં પણ એ જ ઈતિહાસનું પુનરાવર્તન થયુ છે. સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ૧૦ વિકેટે ભૂંડી હાર થતાં ભારતીય ટીમી ઈજ્જતની ધૂણધાણી થઈ ગઈ છે.

આથી નેશનલ સીલેક્ટર્સને ટી-૨૦ વર્લ્ડકપના ટીમ ઈન્ડિયાના ખરાબ દેખાવ બદલ રવાના કરાયા હોય તો તેનો અફસોસ કરવા જેવો નથી. બોર્ડ સીલેક્ટર્સને રવાના કરીને એક સારું જ કામ કર્યું છે. ભારતીય ટીમની અત્યારે જે હાલત છે એ જોતાં ટીમમાં મોટા પાયે સાફસૂફીની જરૂર છે જ. બોર્ડે સીલેક્ટર્સને રવાના કરીને એ દિશામાં પહેલું મોટું કદમ ઉઠાવ્યું છે. આગામી દિવસોમાં તેના સારા પરિણામની અસર જોવા મળે તેમ છે. ટી ૨૦ વર્લ્ડ કપ-૨૦૨૨ની ભારતની કારમી હાર માટે રોહિત શર્મા સહિતની ટોળી તો જવાબદાર છે જ પણ, નેશનલ સીલેક્ટર્સ પણ જવાબદાર કહેવાય. કારણ કે જે ખેલાડી સારુ પરફોર્મ કરતો નથી તો તેને વારંવાર તક આપવી અયોગ્ય છે. રોહિત શર્મા, કે.એલ. રાહુલ વગેરે ક્રિકેટરો વરસમાં એકાદ મેચમાં સારું રમે છે



અને પછી બાકીની મેચમાં ધબકડો જ વાળે છે. સીલેક્ટર્સ આવા ખેલાડીઓને ઘરભેગા કરીને નવા યુવા ખેલાડીઓને તક આપતું નથી, તેથી ભારતના શરમજનક દેખાવની મુખ્ય જવાબદારી સીલેક્ટર્સની જ છે.

તેમના પાપે ખાઈ બદેલા ક્રિકેટરો વરસોથી ચાલ્યા કરે છે અને દેશને શરમજનક સ્થિતિમાં મૂકે છે, તેથી બોર્ડે તેમને દૂર કર્યા તેમાં કશું ખોટું નથી. સીલેક્ટર્સ રોહિત શર્મા સહિતના ક્રિકેટરોને સતત નિષ્ફળતા છતાં કેમ તક આપે છે તેની પણ ખરેખર તપાસ કરવાની જરૂર છે. ટીમ સીલેક્શનમાં પૈસા ખવાય છે એવા આક્ષેપો લાંબા સમયથી થાય છે. નેશનલ સીલેક્ટર્સ સાવ માથે પડેલા ખેલાડીઓને તક આપ્યા કરે છે એ જોતાં આ આક્ષેપોમાં તથ્ય હોવાનુ પણ લાગે છે. બોર્ડે તગેડી મૂકાયેલા સીલેક્ટર્સના બદલે આવનારા નવા સીલેક્ટર્સને સ્પષ્ટ આદેશ આપવો જોઈએ કે, ગમે તેવો ચમરબંધી જ કેમ ના હોય પણ એ બે-ચાર મેચમાં ના ચાલે તો તેને રવાના કરવામાં જરાય શરમ ના રાખતા. નહિંતર ચેતન શર્મા આણિ મંડળીની જેમ તમને પણ રવાના કરવામાં બોર્ડ જરાય શરમ નહીં રાખે. આ વર્લ્ડકપમાં જ નહીં પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી ટીમ ઈન્ડિયામાં સૌથી વધારે માથે રોહિત શર્મા અને કે.એલ. રાહુલ પડયા છે. બંને સીનિયર ખેલાડી હોવાથી તેમને સતત તક મળે છે પણ તેના કારણ ટીમને કોઈ ફાયદો નથી. આ વર્લ્ડકપમાં તો બંને સાવ નકામા સાબિત થયા હતા. બંનેએ એક પણ મેચમાં ૫૦ રનથી વધારે રનની ભાગીદારી કરીને ટીમને સારી શરૂઆત નહોતી આપી છતાં છેક સેમી ફાઈનલ લગી બંનેને તક મળ્યા જ કરી.

સેમી ફાઈનલમાં પણ બંને સાવ નિષ્ફળ ગયા ને તેમાં આપણે ભૂંડી રીતે હાર્યા. રવિચંદ્રન અશ્વિન, દિનેશ કાતક વગેરે ખેલાડીઓને પણ આ વાત લાગુ પડે જ છે એ જોતાં નવા સીલેક્ટર્સ તેમના ખરાબ દેખાવને ના ચલાવે એવી સ્પષ્ટ સૂચના બોર્ડે સીલેક્ટર્સને આપવી જોઈએ. ભારતમાં ક્રિકેટ લોકો માટે ધર્મ છે. ક્રિકેટમાં હારથી લોકો હતાશ થઈ જાય છે. સીલેક્ટર્સ કડક વલણ અપનાવશે તો ટીમના ખેલાડીઓમાં પણ સારું રમવાનું દબાણ પેદા થશે. એ લોકો સારું રમશે તો આપોઆપ ટીમનો દેખાવ સુધરશે અને ભારતીયોએ નિરાશ નહી થવું પડે. ભારતના ઘણા કહેવાતા ટોચના ક્રિકેટરોને દેશ માટે રમવાનું આવે ત્યારે જ ઈજા થઈ જાય છે, પણ આઈપીએલમાં રમવાનું આવે ત્યારે સાજાનરવા થઈ જાય છે. બોર્ડે નિયમ બનાવવો જોઈએ કે, જે ક્રિકેટર ભારત માટે રમવા પસંદ થયો હશે એ ઈજાના બહાને ખસી જશે તો તેને આઈપીએલમાં તક નહીં મળે, આઈપીએલની તેની ટીમ તેને એક પૈસો નહી ચૂકવી શકે. ભારતીય ટીમને ખાવી પડેલી પછડાટ માટે વધુ એક કારણ ટીમમાં લડાયકતાનો સાવ અભાવ છે. દુનિયાની બીજી બધી ટીમો આક્રમક રીતે મેદાનમાં ઉતરે અને રમે છે. ખરાબ સંજોગોમાં પણ હતાશ થયા વિના પૂરી તાકાત લગાવી દે છે. તેની સામે ભારતીય ટીમના ખેલાડી સાવ ઢીલી બોડી લેંગ્વેજ સાથે રમે છે.

ભારતની સરખામણીમાં બીજી ટીમો કેવી લડાયકતા બતાવે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ફાઈનલમા પહોંચેલી બંને ટીમો ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન છે. વર્લ્ડ કપની શરૂઆતની બંને મેચ પાકિસ્તાન હારી ગયું ત્યારે સૌને લાગતું હતું કે, પાકિસ્તાનની ટીમે ટૂંક સમયમાં જ ઘરભેગા થઈ જવું પડશે. પાકિસ્તાનની પહેલી મેચમાં ભારત સામે હાર થઈ હતી. એ પછી પાકિસ્તાનની ટીમ ઝિમ્બાવે જેવી સાવ નબળી ટીમ સામે પણ હારી ગઈ. આ સમયે કોઈને આશા નહોતી કે પાકિસ્તાન બેઠું થશે. આમ છતાં ક્રિકેટ રસીયાઓની તમામ ધારણા ખોટી પાડીને પાકિસ્તાને ફાઈનલમા પ્રવેશ કર્યો. ફાઈનલમાં પાકિસ્તાન ૧૩૭ રનનો મામૂલી સ્કોર કરી શકેલું છતાં છેલ્લી ઘડી સુધી લડતું જ રહ્યું.

વર્લ્ડકપ ચેમ્પિયન ઈંગ્લેન્ડ પણ લીગ મેચમાં નેધરલેન્ડ્સ સામે હારી ગયુ હતુ. ઈંગ્લેન્ડ ફેકાઈ ગયું એવું જ મનાતું હતું પણ ઈંગ્લેન્ડે વળતો પ્રહાર કરીને વર્લ્ડકપ જીતી બતાવ્યો. ફાઈનલમાં પાકિસ્તાન સામેના ખરાખરીના જંગમાં એક તબક્કે ઈંગ્લેન્ડ હારી જશે એવું લાગતું હતું પણ ઈંગ્લેન્ડે હતાશ થયા વિના વળતું આક્રમણ કરીને જીત મેળવી. આ ઉપરાંત ભારતીય ટીમને સારા લીડરની આવશ્યકતા છે. ધોનીને ક્રિકેટ ડિરેક્ટર બનાવીને લવાશે એવા મીડિયા રીપોર્ટ છે. આ વાતમા કેટલો દમ છે એ ખબર નથી પણ ટીમ ઈન્ડિયાની હાલત જોતાં ભારતને ધોની જેવા અલગ રીતે જ વિચારતા લીડરની જરૂર છે.

ધોનીની વિદાય પછી ભારતે ઘણા કેપ્ટન અજમાવી જોયા પણ કોઈ કેપ્ટનમાં ભલી વાર નથી આવ્યો. વિરાટ કોહલી અને રોહિત શર્મા સૌથી લાંબો સમય કેપ્ટન રહ્યા પણ બંને પાસે કેપ્ટન્સીનું વિઝન જ નથી. વર્લ્ડકપ જેવી મોટી સ્પર્ધામાં ટીમને જે લીડરશીપ જોઈએ એ લીડરશીપ આપવાની બંનેમાં ક્ષમતા નથી એ સાબિત થઈ ગયું છે. ધોનીએ ૨૦૦૭માં સાવ નવી ટીમનું સફળ નેતૃત્વ કરીને ટી-૨૦ વર્લ્ડકપ જીતાડેલો. એ ટીમના મોટાભાગના ખેલાડી ૨૦૧૧ની વર્લ્ડકપ વિજેતા ટીમમાં હતા. બોર્ડે ધોનીને સાવ નવી ટીમ આપીને ફરી મિશન સોંપવું જોઈએ.

# વ્યાજ દર વધતાં ઘર ખરીદનારાઓને મુશ્કેલી પડશે

## વેરિયેબલ રેટ મોરગેજ હવે કુલ બાકી મોરગેજ દેવાનો લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે

**ઓટ્ટાવા**

બેંક ઓફ કેનેડાના વરિષ્ઠ ડેપ્યુટી ગવર્નર કેરોલીન રોજર્સે જણાવ્યું હતું કે, વેરિયેબલરેટ મોરગેજ ધરાવતા તાજેતરના ઘર ખરીદનારાઓને ઊંચા વ્યાજ દરોમાં એડજસ્ટમેન્ટ વધુ અઘરી લાગશે. ઓટ્ટાવામાં મંગળવારે નેટવર્કિંગ જૂથ યંગ કેનેડિયન્સ ઈન ફાઈનાન્સ સમક્ષ બોલતા, વરિષ્ઠ ડેપ્યુટી ગવર્નરે જણાવ્યું હતું કે, વેરિયેબલરેટ મોરગેજ ધરાવતા પરિવારોનો હિસ્સો છેલ્લા વર્ષ કરતાં વધ્યો છે. રોજર્સે કહ્યું કે, આ ગીરોધારકો ઉપર ખાસ કરીને વ્યાજ દર વધારાની અસર થઈ છે. કેટલાક કેનેડિયનો માટે મોરગેજ ખર્ચ પહેલેથી જ વધી ગયો છે અને તે સમય જતાં અન્ય લોકો માટે વધશે. રોગચાળા દરમિયાન હાઉસિંગ પ્રવૃત્તિમાં તેજી આવી હતી.



કારણ કે, કેનેડિયનો ઓછા વ્યાજ દરોનો લાભ લેવા દોડી ગયા હતા. હવે, જેમ જેમ વ્યાજ દરો પાછા વધી રહ્યા છે, વેરિયેબલ-રેટ મોરગેજ ધરાવતા તાજેતરના ઘર ખરીદનારાઓ તેમના ખર્ચમાં વધારો થવાનો છે. બેંક ઓફ કેનેડાના નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, વેરિયેબલ રેટ મોરગેજ હવે કુલ બાકી મોરગેજ દેવાનો લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે, જે 2019ના અંતે લગભગ એકનાં પાંચમા ભાગથી વધારે છે. ત્રણ ચતુર્થાંશ વેરિયેબલરેટ મોરગેજમાં નિશ્ચિત ચૂકવણી કરવી પડે છે. જો કે, જ્યારે વ્યાજ દરો વધે છે ત્યારે મુદ્દલને બદલે વ્યાજના ખર્ચને એડજેસ્ટ કરવામાં આવે છે. જો માસિક વ્યાજ ચાર્જ માસિક ગીરો ચૂકવણી કરતાં વધી જાય, તો ઉધાર લેનાર "ટ્રિગર રેટ" સુધી પહોંચે છે, જે સમયે તેમને તેમની માસિક ચૂકવણીમાં વધારો કરવાની જરૂર પડી શકે છે.

# 1.5 મિલિયન નાગરિકોને આવકારવાની હિલચાલ વચ્ચે હાઉસિંગ બાબતે ચિંતા

**ટોરોન્ટો**

ઈટોબીકોક પ્લાન્ટમાં પોલ એસ્કેટ મેન્યુફેક્ચરિંગનું સંચાલન કરે છે, ત્યાં પૂર્વનિર્મિત દિવાલો અને ફ્લોરને એસેમ્બલ કરવા માટે પૂરતા કામદારોને શોધવાં એ મોટું કામ છે. આશા છે કે આગામી ત્રણ વર્ષમાં અપેક્ષિત નવા કેનેડિયનો મદદરૂપ થશે. ઓન્ટારિયો હાઉસિંગમાં સ્થાપિત ફેક્ટરીના ઉત્પાદનની માંગ વધી રહી છે, પરંતુ એસ્કેટ કહે છે કે, એસેમ્બલી ફ્લોર ક્રૂ સામાન્ય રીતે 10 ટકા ઓછો હોય છે.

બ્રોકપોર્ટ હોમ સિસ્ટમ્સના મેન્યુફેક્ચરિંગના વાઈસ પ્રેસિડેન્ટ એસ્કેટે જણાવ્યું હતું કે, તે ચોક્કસપણે એક અવરોધ છે. રોગચાળાએ બધું જ બદલી નાખ્યું છે. આ બાંધકામ વ્યવસાય કામદારોને શોધવા માટે સંઘર્ષ કરી રહેલા ઘણાં ક્ષેત્રોમાંનો એક છે, જેમાં દેશભરમાં લગભગ 10 લાખ નોકરીઓ ખાલી છે. આ સમસ્યાના નિવારણ માટે કેનેડાએ હમણાં જ રેકોર્ડ ઈમિગ્રેશન લક્ષ્યોની જાહેરાત કરી છે કે, આગામી ત્રણ વર્ષમાં 1.5 મિલિયન નવા કેનેડિયનો એટલે કે 2025 સુધીમાં 500,000 લોકોને લાવવાની યોજના છે. ફેડરલ અધિકારીઓ કહે છે કે, તે અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે મદદ કરશે. પરંતુ દેશના ચાલુ રહેઠાણની કટોકટીને જોતાં આ તમામ નવા નાગરિકો તેમનાં ઘરો ક્યાં બનાવશે તે અંગેની ચિંતા પણ વધી ગઈ છે. એસ્કેટ કહે છે કે તેઓ નવા લક્ષ્યોથી પ્રોત્સાહિત થયા છે. કારણ કે તેમની કંપની વારંવાર નવા કેનેડિયનોને નોકરીએ રાખે છે અને તાલીમ આપે છે. અમારા માટે તે ચોક્કસપણે સકારાત્મક સમાચાર છે.

ગ્લોબલ બિઝનેસ ટેક્સ સોફ્ટવેર અને રિયલ એસ્ટેટ કન્સલ્ટિંગ ફર્મ, રાયન ULCના વાનકુવર પ્રોપર્ટી ટેક્સ નિષ્ણાત પૌલ સુલિવાન કહે છે કે, કેનેડાને કથળેલી અર્થવ્યવસ્થાને વેગ આપવા અને આવનારા કેનેડિયનો માટે પૂરતા આવાસ અને સેવાઓની ખાતરી કરવા માટે વધુ સારી યોજનાની જરૂર છે.

# કેનેડા ઇમિગ્રેશન પોલિસીમાં 16 નવા વ્યવસાય ઉમેરાયા

**ઓટ્ટાવા**



કેનેડાએ તેની મંજૂરીની અછતને પહોંચી વળવા 16 નવા વ્યવસાયોના કામદારોને દેશમાં આવવાની મંજૂરી આપવાની તેની નવી નીતિની જાહેરાત કરી છે. આ અંગે નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, આનાથી ભારતીયો માટે નવા રસ્તાઓ ખુલશે, જેઓ ભારતમાં બેરોજગારીમાં ઝઝુમી રહ્યાં છે. કેનેડિયન સરકાર દ્વારા સચિબદ્ધ નવા વ્યવસાયોમાં નર્સ સહાયકો, લાંબા ગાળાની સંભાળ સહાયક, હોસ્પિટલ એટેન્ડનટ્સ, પેસ્ટ કંટ્રોલર, ફ્યુમિગેટર્સ, રિપેરર્સ અને સેવાઓ, હેવી ઈક્વિપમેન્ટ ઓપરેટર્સ, બસ ડ્રાઈવર્સ સબવે ઓપરેટર્સ અને ફાર્મસી સહાયકોની શ્રેણી શરૂ કરાઈ છે. તેની સાથે શિક્ષણ સહાયકો, પરિવહન ટ્રક ડ્રાઈવરો વગેરે ઓલ એક્સેસ-પેકેજ શરૂ થયા છે. આ નવા કામદારો એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ પાત્ર છે. કેનેડામાં હેલ્થકેર, ટ્રાન્સપોર્ટેશન અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે કામદારોની ભારે માંગ છે.






Hive Ransomware-as-a-Service (RaaS) સ્કીમ પાછળના હેકર ગ્રુપે સમગ્ર વિશ્વમાં 1,300 કંપનીઓ સામે હુમલા શરૂ કર્યા છે. જેમા ગેંગને નવેમ્બર 2022 સુધીમાં $100 મિલિયનની ગેરકાયદેસર ચૂકવણી કરી છે.

હાઈવ રેન્સમવેર એ સરકારી સુવિધાઓ, સંદેશાવ્યવહાર, નિર્ણાયક ઉત્પાદન, ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને ખાસ કરીને હેલ્થકેર અને પબ્લિક હેલ્થ (HPH) સહિતના વ્યવસાયો અને જટિલ માળખાકીય ક્ષેત્રોની વિશાળ શ્રેણીને લક્ષ્યાંકિત કરી છે. યુ.એસ. સાયબર સુરક્ષા અને ગુપ્તચર સત્તાવાળાઓએ એક ચેતવણીમાં જણાવ્યું હતું.

જૂન 2021 થી સક્રિય Hive ના RaaS ઑપરેશનમાં વિકાસકર્તાઓનું મિશ્રણ સામેલ છે. જેઓ માલવેર બનાવે છે અને તેનું સંચાલન કરે છે. જેઓ ઘણીવાર પ્રારંભિક ઍક્સેસ બ્રોકર્સ (IABs) પાસેથી પ્રારંભિક ઍક્સેસ ખરીદીને લક્ષ્ય નેટવર્ક્સ પર હુમલાઓ કરવા માટે જવાબદાર છે.

મોટા ભાગના કિસ્સાઓમાં માઈક્રોસોફ્ટ એક્સચેન્જ સર્વરમાં પ્રોક્સીશેલ ખામીઓ પર એટેક થયા છે. જે પછી એન્ટીવાયરસ એન્જિન અને ડેટા બેકઅપ સાથે સંકળાયેલી પ્રક્રિયાઓને સમાપ્ત કરવા તેમજ વિન્ડોઝ ઈવેન્ટ લૉગ્સ કાઢી નાખવાના પગલાં લેવાનો સમાવેશ થાય છે.

ધમકી આપનાર હેકર ગ્રુપે તાજેતરમાં તેના માલવેરને રસ્ટમાં ડિટેક્શન ચોરી માપદંડ તરીકે અપગ્રેડ કર્યું છે. તે એન્ક્રિપ્શન પહેલા વાયરસની વ્યાખ્યાઓને દૂર કરવા માટે પણ જાણીતું છે.

યુ.એસ. સાયબર સિક્યોરિટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિક્યોરિટી એજન્સી (CISA) એ જણાવ્યું હતું કે હાઈવ એક્ટર્સ ફરીથી સંક્રમિત કરવા માટે જાણીતા છે. Hive રેન્સમવેર અથવા અન્ય રેન્સમવેર વેરિઅન્ટ સાથે પીડિત સંસ્થાઓના નેટવર્ક કે જેમણે રેન્સમવેરની ચુકવણી કર્યા વિના તેમના નેટવર્કને પુનઃસ્થાપિત કર્યું છે. સાયબર સિક્યોરિટી કંપની માલવેરબાઈટ્સ દ્વારા શેર કરવામાં આવેલા ડેટા અનુસાર Hive એ ઓગસ્ટ 2022માં લગભગ 7 એટેક્સ, સપ્ટેમ્બરમાં 14 અને ઓક્ટોબરમાં અન્ય બે સંસ્થાઓ સાથે ચેડા કર્યા હતા. જે જુલાઈથી પ્રવૃત્તિમાં ઘટાડો દર્શાવે છે. જ્યારે ગ્રુપે કુલ 26 સંસ્થાઓને નિશાન બનાવ્યા હતા.

beinghumanmj

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : ઈશ્વર**
**પ્રકાર : અછાંદસ**

મને મનગમતી સાંજ આપો
હરિ ! મને આપો મનગમતી સાંજ એક.
મેઘધનુષમાં ઝૂલતો ઝૂલો આપો
હરિ ! મને આપો નભનો અજવાસ.
સૂતેલા નીરમાં માછલીની મનિષા
હરિ ! મને આપો તગતગતી આંખોનો ઉજાસ.
હધ્યમાં વાવ્યું એક ઝાડવું
હરિ ! ગીત ગાવાને આપો પંખી એક .
મૃગજળ લઈ લો ને
હરિ ! તરવાને આપો હલેસું એક .
મારાથી સાવ હું અળગી
હરિ ! ખુદને મળવાને આપો મેળો એક .
મને આપો શ્વાસ મને આપો વિશ્વાસ
હરિ ! મને આપો ચપટીક આશ.
જન્મો જન્મનો નાતો તારો ને મારો
હરિ ! આપો અંતરનો ઈશ્વર એક .

# વધુ મીઠું ખાવાની આદત, થઈ શકે છે બ્લડ પ્રેસરની બીમારી

ભારતમાં કરોડો લોકો હાઈ બ્લડ પ્રેશર એટલે કે હાઈપરટેન્શનની બીમારી સામે લડી રહ્યા છે અને આ આંકડો રોજ વધી રહ્યો છે. આજના સમયમાં દરેક ઉંમરના લોકોમાં આ સમસ્યા જોવા મળી રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ, અનહેલ્ધી ડાયટ અને તણાવ હાઈ બ્લડપ્રેશરનું કારણ બની શકે છે. તેનાથી હાર્ટ સંબંધી બીમારીનો ખતરો પણ વધી જાય છે. આ સાથે તેનું મુખ્ય કારણ મીઠાનું વધારે સેવન કરવું પણ છે. મીઠું બ્લડપ્રેશર પર ખરાબ અસર કરે છે.

## વધારે મીઠાના સેવનથી શરીરને થાય છે નુકસાન

ભોજનમાં વધારે મીઠાના સેવનથી બ્લડ પ્રેશર, હાઈપર ટેન્શન અને સામાન્ય હ્રદય રોગનો ખતરો વધે છે. કોઈ પણ વ્યક્તિએ આખા દિવસમાં કોઈ પણ સ્થિતિમાં 5 ગ્રામથી વધારે મીઠાનું સેવન કરવું નહીં અને સાથે કોશિશ કરવી કે આખા દિવસમાં લગભગ 2 ગ્રામ મીઠું તમારા શરીરમાં જાય. હાઈપરટેન્શન સામે લડી રહેલા લોકોએ 1 દિવસમાં 1.5 ગ્રામથી વધારે મીઠું ખાવું નહીં. તે હેલ્થ માટે નુકસાનદાયી બને છે. આ સાથે WHOનું કહેવું છે કે 5 ગ્રામ મીઠામાં 2 ગ્રામ સોડિયમ હોય છે. 1 વયસ્ક વ્યક્તિઓ રોજ 2 ગ્રામથી વધુ સોડિયમ લેવું નહીં. રોજ 5 ગ્રામથી વધુ મીઠાનું સેવન મુશ્કેલીઓ નોંતરે છે.

મીઠા વિનાનું ભોજન ફિક્કું લાગે છે. તે ફક્ત ભોજનનો સ્વાદ વધારતું નથી પણ શરીરને



ફાયદો પણ આપે છે. તેમાંથી આયોડિન મળે છે. તે થાયરોઈડ ગ્લેંડને રેગ્યુલેટ કરીને બોડીમાં ફ્લ્યૂડ્સનું પ્રમાણ સંતુલિત કરે છે. તેનાથી અનેક ફાયદા થાય છે પણ સાથે તેનો ઉપયોગ શરીરને નુકસાન પણ કરી શકે છે. આ માટે તમે મીઠાના સેવન પર ધ્યાન આપો તે જરૂરી છે.

## વયસ્ક વ્યક્તિએ 2 ગ્રામથી વધુ સોડિયમ ખાવું નહીં

WHOના આધારે એક દિવસમાં 5 ગ્રામથી વધારે મીઠાનું સેવન હાઈ બ્લડપ્રેશરનો ખતરો વધારે છે અને તેનાથી આગળ જઈને હાર્ટની ગંભીર તકલીફો પણ થઈ શકે છે. અમેરિકન જર્નલ ઓફ ક્લિનિકલ ન્યૂટ્રિશનના અધ્યયન અનુસાર સામાન્ય રીતે દરેક પ્રકારના ભોજનમાં તે 3.8 ટકા હોય છે અને તે ખાધા બાદ લોહીની વાહિનીઓના ખૂલવાની ક્ષમતા પર અસર કરે છે. શોધકર્તાઓએ કહ્યું કે ભોજનમાં વધારે મીઠાના સેવનથી ધમનીઓ સંકોચાઈ જાય છે અને બ્લડ ફ્લો પ્રભાવિત થાય છે.

# આ ઘરેલું ઉપાયથી સ્કીન બનશે ગ્લોઈંગ

## શિયાળામાં સૂતા પહેલા આ ચીજથી ચહેરાની કરો મસાજ

### નારિયેળ તેલ

નારિયેળ તેલ સ્કીનને માટે લાભદાયી રહે છે. નારિયેળનું તેલ સ્કીનને મોઈશ્ચરાઈઝ કરવા માટે સ્કીનને ગ્લોઈંગ બનાવવા માટે મદદ કરે છે. આ ચહેરા પર સમાજ કરવા માટે યોગ્ય છે. હાથ પર થોડું તેલ લો અને તેનાથી ચહેરા પર 5 મિનિટ મસાજ કરો, રોજ આમ કરવાથી સ્કીનના ડાઘ ધબ્બા ઘટશે અને ખાસ લૂક મળશે.

### મધ

મધ સ્કીન માટે ફાયદારૂપ હોય છે. આ ચહેરા પરની ગંદગીને હટાવીને ચહેરાને ગ્લોઈંગ બનાવવામાં મદદ કરે છે. તેને લગાવવા માટે એક વાટકીમાં મધ લો અને તેનું પાતળું લેયર ચહેરા પર લગાવો અને 30 મિનિટ બાદ સાદા પાણીથી ફેસ વોશ કરો. આમ કરવાથી સ્કીન ગ્લોઈંગ બનશે.

### અલોવેરા

આ સ્કીનને માટે લાભદાયી રહેશે. ચહેરા પર તેને લગાવવાથી પિંપલ્સની સમસ્યા, ડાર્ક સર્કલ્સ અને કરચલીઓ દૂર થશે. અલોવેરાના હળવા હાથના મસાજથી સ્કીન પર અલગ જ ચમક આવશે.






# કરબોજ, મોંઘવારી સહિતની સમસ્યાથી સૌરાષ્ટ્ર કોઈનો ગઢ નહીં

## સિંગતેલમાં પાંચ વર્ષમાં સવાસો ટકાનો વધારો, બાંધકામ ખર્ચ દોઢસો ટકા વધ્યો, ચૂંટણી ટાણે પણ તેલ, દૂધ, અનાજ, બધુ મોંઘુ

**રાજકોટ**

ગુજરાતની 182 અને સૌરાષ્ટ્રની 48 બેઠકો માટે ફરી એક વાર ચૂંટણી આવી છે પરંતુ, ચૂંટણીના મુદ્દા પાંચ વર્ષ પહેલા મોંઘવારી, ઉંચા દરે કરવેરા વસુલીને પણ રસ્તા સહિત સુવિધા ન આપવી જેવા મુદ્દા યથાવત્ રહ્યા છે જે કારણે આ વખતે પણ સૌરાષ્ટ્ર કોઈનો ગઢ બન્યો નથી. આ કારણે જ ભાજપ,કોંગ્રેસ,આપ સહિત તમામ રાજકીય પક્ષો રેવડીથી માંડીને સપનામાં સરી પડો તેવા વિકાસકામો સહિતની વાતોથી મતદારોને પ્રભાવિત કરવા કવાયત કરી રહ્યા છે. વિવિધ લોકોનો સંપર્ક સાધતા આ ચૂંટણીમાં પણ દરેક ચીજમાં મોંઘવારી અને ઉચો કરબોજ, અને તેને પહોંચી વળવા પૂરતી રોજગારીનો અભાવ, ભંગાર રસ્તા સહિત કથળેલી પાયાની સુવિધાઓ મુખ્ય મુદ્દા છે. મોંઘવારી ચોતરફ વિસ્તરી છે જેમાં (1) પાંચ વર્ષ પહેલા સૌરાષ્ટ્રમાં જ પેદા થતી મગફળીના સિંગતેલનો ડબ્બો રૂા. 1300 આસપાસ (કિલોના રૂા. 80) વેચાતો તે રૂા. 3000ને પાર કરીને હાલ ભર સીઝન ટાણે પણ રૂા. 2700માં વેચાય છે. (2) દૂધ રૂા. 30-35 લિટર મળતું તે હવે રૂા. 60નું લિટર મળે છે. (3) ઘરના બાંધકામ ખર્ચ સીમેન્ટ, સ્ટીલ, રેતી,કપચીના ભાવ વધારાના પગલે બમણો થઈ ગયો છે.(4) પેટ્રોલ ડીઝલ તેના પર સતત વધતા કરબોજને કારણે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કોરોના કાળ વખતે તળિયે પહોંચ્યું છતાં લોકોને ઉચા ભાવે, આજે પણ રૂા. 96ના ભાવે વેચાય છે. (5) પર્યાપ્ત સરકારી સ્કૂલ-કોલેજો નહીં બનતા શિક્ષણ એટલું મોંઘુ થયું છે કે લોકો ત્રાસી ગયા છે.

### ચૂંટણીમાં શંભુ મેળો : ભાજપ-કોંગ્રેસ જ નહીં કુલ ૭૦ પક્ષો મેદાનમાં

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ-આપ વચ્ચે રસપ્રદ ત્રિપાંખિયો જંગ જોવા મળશે તેમાં બેમત નથી. અલબત્ત, માત્ર આ ત્રણ પક્ષ નહીં કુલ ૭૦ નાના-મોટા પક્ષોએ પણ આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ઝુકાવ્યું છે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૬૬ પક્ષ વચ્ચે ટક્કર થઈ હતી. આમ, ગત ચૂંટણીની સરખામણીએ પક્ષોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરે બે તબક્કામાં ૧૮૨ બેઠકો માટે મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ૩૯ રાજકીય પક્ષોના અને અપક્ષ મળીને કુલ ૭૮૮ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૭૦ મહિલાઓ અને ૭૧૮ પુરૂષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં ૩૩૯ અપક્ષ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર યોજાનાર ચૂંટણીમાં ૬૦ રાજકીય પક્ષો તથા અપક્ષ ઉમેદવારો મળીને કુલ ૮૩૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે.

## માલધારી સમાજ લાલઘૂમ, ભાજપ વિરુદ્ધ કરશે મતદાન

**અમદાવાદ**

માલધારી સમાજની માંગણીઓ પૂરી ન થતા સમાજના અગ્રણીઓ લાલઘુમ થયા છે, અને ભાજપ વિરોધી મતદાન કરવાની જાહેરાત કરી છે. ગુજરાત માલધારી મહાપંચાયતના પ્રવક્તા નાગજી દેસાઈએ જાહેરાત કરી કે, આ વિધાનસભાની ચૂંટણીમાં માલધારી સમાજ ભાજપ વિરોધમાં મતદાન કરશે. ગુજરાત માલધારી મહાપંચાયતના પ્રવક્તા નાગજી દેસાઈએ કહ્યું કે, માલધારી સમાજના પડતર પ્રશ્નો ઉકેલવામાં ભાજપ નિષ્ફળ ગયું છે. આવનારા સમયમાં માલધારી સમાજની અવગણના ન થાય તેમજ સમાજના જુના પ્રશ્નો નિકાલ કરવામાં ભાજપ નિષ્ફળ છે. માલધારી વસાહતો બનાવવાની અમારી માંગ પણ પૂર્ણ નથી કરાઈ. શરમમાં આવી માલધારી મત બગાડશે તો આવનારી પેઢી માફ નહિ કરે. આ સાથે નાગજી દેસાઈએ ભાજપ વિરોધી મતદાન કરી સરકારની સાન ઠેકાણે લાવવા સમાજને આહવાન કર્યું છે.

## નેતાઓના વિવાદીત બોલ, કહ્યું; 'કેજરીવાલ કો નંગા કરકે ભેજેંગે'

**અમદાવાદ**

શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલને આડે હાથ લીધા છે અને તેમના વિશે વિવાદીત બોલ કહ્યા છે. જેઠાભાઈ ભરવાડે જણાવ્યું છે કે, કેજરીવાલ કો નંગા કરકે ભેજેંગે. કેજરીવાલને અમે પાછો દિલ્લી મોકલી દઈશું. કેજરીવાલને જે કપડામાં આવ્યા તે જ કપડામાં પાછા મોકલીશું. શહેરા વિધાનસભા બેઠક એક લાખની લીડથી જીતીશું. બીજી બાજુ પાટણમાં ભાજપ નેતા શંકર ચૌધરીની ગર્ભિત ધમકી સામે આવી છે. જેમાં ભાજપ નેતા શંકર ચૌધરીએ ગર્ભિત ધમકી આપતા જણાવ્યું છે કે, આપણે કાઈ છાનું છપનું કરવાનું નથી થતું. કાર્યકર્તા કે પ્રજાને કોઈ રંજડવાનો પ્રયાસ કરશે તો એ દુશ્મનાવટ મારી સાથે કરી છે એમ માનજો. તમામને એ જ ભાષામાં જવાબ આપવામાં આવશે. કાર્યકર્તાઓ અને પ્રજા માટે માથું ઉતારીને મુકવા વાળો નેતા છું.

## ચૂંટણીમાં 'દાદા'ઓનો દબદબો! 10,357 શતાયુ મતદારો લોકશાહીને રાખશે જીવંત

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા ચૂંટણી-2022માં બન્ને તબક્કામાં થઈને કુલ 4,91,35,400 મતદારો પૈકી 10,357 શતાયુ મતદાતા મતદાન કરશે. રાજ્યમાં કુલ 10,357 શતાયુ મતદાતાઓ પૈકી પ્રથમ તબક્કામાં 89 બેઠકો પર યોજાનાર ચૂંટણીમાં 5,115 જ્યારે બીજા તબક્કામાં 93 બેઠકો પર 5,242 શતાયુ મતદાતાઓ મતદાન કરશે, એમ મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કુલ 10,357 શતાયુ મતદાતા નોંધાયા છે. જેમાં સૌથી વધુ શતાયુ મતદાતા ધરાવતા પ્રથમ પાંચ જિલ્લાઓમાં અમદાવાદમાં 1,500, વડોદરામાં 716, ભાવનગરમાં 628, રાજકોટમાં 547 અને દાહોદ જિલ્લામાં 531 મતદાતાઓ છે. જ્યારે રાજ્યમાં સૌથી ઓછા શતાયુ મતદાતાઓ ધરાવતા પાંચ જિલ્લામાં ડાંગમાં 08, તાપીમાં 67, નર્મદા માં 69, પોરબંદરમાં 109 તેમજ પાટણ જિલ્લામાં 125 મતદાતાઓ નોંધાયા છે.

ઉત્તર ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં 1,500, બનાસકાંઠામાં 382, ગાંધીનગરમાં 260, મહેસાણામાં 238, અરવલ્લીમાં 200, સાબરકાંઠામાં 164 તેમજ પાટણ જિલ્લામાં 125 શતાયુ મતદારો નોંધાયા છે.

જ્યારે સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં 628, રાજકોટમાં 547, કચ્છમાં 444, જુનાગઢમાં 395, અમરેલીમાં 372, જામનગરમાં 298, ગીર સોમનાથમાં 278, સુરેન્દ્રનગરમાં 278, મોરબીમાં 175, દેવભૂમિ દ્વારકામાં 174, બોટાદમાં 168 તેમજ પોરબંદરમાં 109 શતાયુ મતદારો છે.

## દિનુ મામાએ કહ્યું; 'હું કોઈનાથી ડરતો નથી'

**વડોદરા**

પાદરાના અપક્ષ ઉમેદવાર દિનેશ પટેલ ઉર્ફે દિનુ મામાએ બરોડા ડેરીના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું છે. દિનેશ પટેલ ઉર્ફે દિનુ મામાએ વિધાનસભાની ચૂંટણી અપક્ષમાં લડતાં હોવાથી રાજીનામું આપ્યું છે. ચૂંટણી લડતો હોવ ત્યારે ડેરીનું સંચાલન માટે સમય ન ફાળવી શકાય એટલે દિનુ મામાએ રાજીનામું આપ્યું છે. પાદરાના અપક્ષ ઉમેદવાર દિનેશ પટેલ ઉર્ફે દિનુ મામાએ જણાવ્યું હતું કે, કોઈના ડરાવવાથી રાજીનામું નહિ આપ્યું, હું કોઈનાથી ડરતો નથી. ડેરીના નિયામક મંડળ એ હજી સુધી રાજીનામું સ્વીકાર્યું નથી. દિનુ મામા ચૂંટણી પહેલાં પાળ બાંધી રહ્યા છે.

## આ ચૂંટણી ૨૫ વર્ષ બાદ ગુજરાત કેવું દેખાશે તેની છેઃ PM મોદી

**અમદાવાદ**

ગુરૂવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસના બીજા દિવસે પાલનપુર તેમજ મોડાસામાં જનસભાઓ સંબોધી હતી. ત્યારબાદ મોદી દહેગામ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'હું દિલ્હીમાં છું, આ મારું સપનું છે, આ સપનું પુરૂ કરવાં કમલને મોકલવું પડશે' વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હું અહીં દહેગામની પ્રજાને અભિનંદન આપવા આવ્યો છું. બપોરના સમયે આટલી મોટી સંખ્યામાં તમામ લોકોએ ઉપસ્થિત રહી વટ પાડી દીધો. આઝાદીના ૭૫ વર્ષના અમૃતકાળમાં આ પહેલી ચૂંટણી છે. આ માત્ર પાંચ વર્ષ માટેની ચૂંટણી નથી પણ આગામી ૨૫ વર્ષ બાદ ગુજરાત કેવું દેખાશે તે માટેની ચૂંટણી છે. તમામ સમૃદ્ધ દેશોના માપદંડોની આગળ ગુજરાત હોય તે માટે આપણે કામ કરવાનું છે. આજે ગુજરાતે જે ૨૦ વર્ષમાં કરી બતાવ્યું છે, તેમાં આત્મસાદ કરી મૂળભૂત વિકાસ કરી મુખ્ય રાજ્ય તરીકે આગળ વધ્યું છે. હું જ્યારે પ્રથમવાર મુખ્યમંત્રી બન્યો ત્યારે વીજળી માટે માંગ કરાઈ હતી. આજે ૨૪ કલાક વીજળી જોવા મળી રહી છે. અમારી સરકારે ઘરે ઘરે નળથી જળ અને સિંચાઈ માટે પાણી પહોંચાડી રહી છે.

## ન્યુઝ બ્રીફ

- રાધનપુર બેઠક પર બીજેપીના ઉમેદવારના સમર્થનમાં પ્રચાર પ્રસાર માટે સ્ટાર પ્રચારક અલ્પેશ ઠાકોર સાથે શંકર ચૌધરી મેદાને ઉતર્યા છે. ત્યારે આગામી ચૂંટણીમાં રાધનપુરના bjp ના ઉમેદવારને જંગી બહુમતીથી જીત અપાવવા માટે લોક સ્માર્થન માંગ્યું હતું. જેમાં લોકોએ પણ તાળીયો પાડીને સમર્થન આપ્યું હતું.
- ભાવનગર જિલ્લાની ૭ વિધાનસભા બેઠક પર ૬૬ ઉમેદવાર ચૂંટણી લડવાના છે. ઉમેદવાર નક્કી થઈ જતા મતપત્રોનુ છાપકામ શરૂ થય ગયુ છે. ભાવનગરની બેઠક માટે કુલ ૭૦,૯૬૦ મતપત્રનુ છાપકામ થશે, જેમાં ૨૯૬૦ ઈવીએમ બેલેટ પેપર અને ૪૧,૫૦૦ ટેન્ડર બેલેટ પેપરનો સમાવેશ થાય છે, જયારે ૨૬,૫૦૦ પોસ્ટલ મત પત્રનો સમાવેશ થાય છે.
- ગોરખપુરના સાંસદ રવિ કિશન સુરતની મુલાકાતે આવ્યા હતા. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વિશે નિવેદન આપતા તેમણે કહ્યુ કે આ પાર્ટીઓ જૂઠી છે. એક વ્યક્તિ દિલ્હીમાં ખાંસી ખાતો આવ્યો અને આજે આખા દિલ્હીને ખાસતો કરી નાખ્યો છે. તેવી જ હાલત પંજાબમાં પણ જોવા મળી રહી છે. દિલ્હીના લોકોને બનાવી દીધા પણ ગુજરાતના લોકોને બનાવી નહીં શકો.
- દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનિ બા રાઠોડે કોંગ્રેસના તમામ પદ પરથી રાજીનામુ આપ્યુ હતું. જે બાદ તેઓ બુધવારે ભાજપમાં જોડાઈ ગયા હતા. દેહગામમાં ટિકિટ ન મળતા તેઓ પાર્ટીથી નારાજ હતા.
- સગાઓને ટિકિટ નહિ...' એવુ કહેનારા ભાજપે 22 નેતાઓના, તો કોંગ્રેસે 10 નેતાઓના સગાને ટિકિટ આપી છે. જ્યારે કોંગ્રેસે 12 એવા ઉમેદવારોને ટિકિટ આપી છે જે કોઇને કોઇ નેતાના પરિવારજન હોય. કોંગ્રેસે 2 પૂર્વ મુખ્યમંત્રીના પુત્રને ઉમેદવાર બનાવ્યા છે. ઉપરાંત પૂર્વ ધારાસભ્યના પુત્ર અને પુત્રી તેમજ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના ભાઇને પણ ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે.
- પ્રથમ તબક્કાના ઉમેદવારો પૈકી 37 ઉમેદવારો નિરક્ષર છે. જ્યારે 55 ઉમેદવારો એવા છે જેમને માત્ર લખતાં વાંચતા આવડે છે. આ સિવાય 492 ઉમેદવારોએ તેમના સોગંદનામામાં લખ્યું છે કે તેમણે ધોરણ-5થી 12 ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. આ સિવાય 182 ઉમેદવારો ગ્રેજ્યુએટ છે... તો 21 ઉમેદવાર ડિપ્લોમા હોલ્ડર છે.
- AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપે કોંગ્રેસને ચા પીવડાવીને મનાવી લીધી છે. માત્ર ચા જ નહીં પણ તેની સાથે મલાઈ પણ છે. ગુજરાતમાં છેલ્લા 27 વર્ષથી ભારતીય જનતા પાર્ટી જીતે છે તેનું કારણ માત્રને માત્ર કોંગ્રેસ છે.
- પોરબંદર ખાતે હિન્દી ન્યૂઝ ચેનલના ડિબેટના કાર્યક્રમમાં દારૂડિયા ઘુસી આવ્યા હતા અને એન્કર સામે બફાટ કરવા લાગ્યા હતા. જેના કારણે આ એન્કરે જાહેરમાં ભાજપના નેતાને કહ્યું કે, 'ગુજરાતમાં દારૂબંધી છે પણ મારે અફસોસ સાથે કહેવું પડે છે કે જે લોકો મારી સાથે વાત કરવા આવી રહ્યા છે તેમાંના કેટલાક દારૂ પીને આવેલા છે.
- દ્વારકા બેઠકથી ભાજપના ઉમેદવાર પબુભા માણેકે તેમની સભામાં વાણીવિલાસ કરતાં પણ રાહુલ ગાંધીનું નામ લીધા વિના કહ્યું કે, 'તેણે દાઢી વધારી છે એટલે કાયદેસર સદામ હુસેન જેવો લાગે છે. આ દેશનો કમો છે.
- આણંદ : છેલ્લા ૨૦ વર્ષથી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેવા પામેલ આણંદ શહેરની સાતેક જેટલી સોસાયટીઓના ૧,૫૦૦ જેટલા મતદારોએ સોસાયટી બહાર ચૂંટણી બહિષ્કારના સૂચક બેનરો લગાવતા રાજકીય ગરમાવો વ્યાપી જવા પામ્યો છે.
- વડોદરામાં ભારતીય જનતા પાર્ટીના ત્રણ નેતાઓ સામે એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ છે. કાસકીવાળ વિસ્તારમાં ચૂંટણી પ્રચારમાં ભાજપના ત્રણેય નેતાઓ ગયા હતા, તે સમયે આ ઘટના બની હતી. ફરિયાદી અજય તડવીએ ભાજપના ત્રણેય નેતાઓ પર પોતાની ફરિયાદમાં જાતિ વિષયક અપમાનનો આક્ષેપ કર્યો હોવાનો વાત સામે આવી રહી છે. આ મામલે DYSP દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરાઇ છે.

# બીજા તબક્કાની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું ૯૩ બેઠક માટે ૮૩૩ ઉમેદવાર મેદાનમાં

## 2012, 2017ની ચૂંટણી કરતાં ઉમેદવારોમાં ઘટાડો નોંધાયો

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં કુલ ૯૩ બેઠકો પર ૮૩૩ ઉમેદવારો ટકરાશે. પ્રથમ તબક્કાની ૮૯ બેઠકોમાં કુલ ૮૯ બેઠકો માટે ૭૮૮ ઉમેદવારો મેદાનમાં છે. આમ, કુલ ૧૮૨ બેઠક પર ૧૬૨૧ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨૮ ઉમેદવારો હતા. આમ, વિધાનસભાની ગત ચૂંટણી કરતાં ઉમેદવારોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. બંને તબક્કામાંથી સૌથી વધુ ૨૪૯ ઉમેદવારો અમદાવાદ જિલ્લામાંથી જ્યારે સૌથી ઓછા ચાર ઉમેદવારો ડાંગમાંથી છે.

બીજા તબક્કામાં કુલ ૮૩૩ ઉમેદવારોમાંથી ૭૬૪ પુરુષ અને ૬૯ મહિલા છે. આમ, કુલ ઉમેદવારોમાં મહિલાઓનું પ્રમાણ ૧૦ ટકા પણ નથી. પ્રથમ તબક્કામાં કુલ ૭૮૮ ઉમેદવારોમાંથી ૭૦ મહિલા હતી. આ રીતે કુલ ૧૬૨૧ ઉમેદવારોમાંથી મહિલાઓનું પ્રમાણ ૧૩૯ છે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ૧૨૬ મહિલા ઉમેદવારો હતી. આમ, વિધાનસભાની ગત ચૂંટણી કરતાં મહિલા ઉમેદવારોની સંખ્યામાં સાધારણ વધારો નોંધાયો છે. આ વખતે પ્રથમ તબક્કામાં ભાજપે ૯, કોંગ્રેસે ૬ અને આપ દ્વારા પાંચ મહિલા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે.

બીજા તબક્કામાં ૬૦ પક્ષોએ તેમના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.જેમાં ભાજપ-આપે તમામ ૯૩ બેઠક, કોંગ્રેસે ૯૦, બીએસપીએ ૪૪, બીટીપીએ ૧૨, સમાજવાદીએ પાર્ટીએ પાંચ, એનસીપીએ બે બેઠક પર પોતાના ઉમેદવારોને તક આપી છે. કુલ ૨૮૫ અપક્ષ ઉમેદવારોએ પણ પોતાનું નસિબ અજમાવવા ચૂંટણીના મેદાનમાં ઝુકાવ્યું છે. આ વખતે બંને તબક્કામાં કુલ ૬૨૪ અપક્ષ ઉમેદવારો છે.

### ૩૦૦થી વધુ ઉમેદવાર ગુનાથી ખરડાયેલા

**અમદાવાદ :** બંને તબક્કાના કુલ મળીને ૧૬૨૧ ઉમેદવારોમાંથી ૩૧૩ જેટલા ઉમેદવારો વિવિધ ગુનાથી ખરડાયેલા છે. ગત ચૂંટણીની સરખામણીએ કુલ ઉમેદવારોની સંખ્યા ઘટી છે પરંતુ બીજી બાજુ દાગી ઉમેદવારોની સંખ્યા ૨૫૩થી વધીને ૩૧૩ થઈ છે એટલે કે પાંચ ટકા દાગી ઉમેદવારો આ વખતની ચૂંટણીમાં વધ્યા છે. બંને તબક્કાની ચૂંટણીમાં કુલ મળીને ૩૧૩ ઉમેદવારો સામે વિવિધ પ્રકારના પોલીસ કેસ -ગુના નોંધાયા છે. આ વખતની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૭૮૮ અને બીજા તબક્કામાં ૮૩૩ ઉમેદવારો સહિત ૧૬૨૧ ઉમેદવારો ચૂંટણી મેદાને છે ત્યારે ૧૬૨૧ ઉમેદવારોમાંથી વિવિધ પાર્ટીઓના અને અપક્ષ સહિતના ૩૧૩ ઉમેદવારો ગુનાઈત ઈતિહાસ ધરાવતા છે. ચૂંટણી પંચના નિયમ મુજબ આ વખતે દરેક પાર્ટીઓએ પોતાના ગુનાઈત ઈતિહાસ ધરાવતા ઉમેદવારો કે જેઓની સામે પોલીસ કેસ થયેલા છે તેઓની પુરી વિગતો વેબસાઈટ પર મુકવી અને લોકો સુધી પહોંચે તે માટે અખબારોમાં જાહેરાત સ્વરૂપે આપવી ફરજીયાત છે. જે મુજબ ભાજપના ૨૮ ,કોંગ્રેસના ૩૦ અને આપના ૧૫ ઉમેદવારો ગુનાથી ખરડાયેલા છે.આ ઉપરાંત અન્ય કેટલીક સ્થાનિક પાર્ટીઓના ઉમેદવારો છે.

| જિલ્લો | બેઠક | ઉમેદવારો |
|---|---|---|
| અમદાવાદ | ૨૧ | ૨૪૯ |
| બનાસકાંઠા | ૦૯ | ૭૫ |
| વડોદરા | ૧૦ | ૭૨ |
| આણંદ | ૦૭ | ૬૯ |
| મહેસાણા | ૦૭ | ૬૩ |
| ગાંધીનગર | ૦૫ | ૫૦ |
| ખેડા | ૦૬ | ૪૪ |
| પાટણ | ૦૪ | ૪૩ |
| પંચમહાલ | ૦૫ | ૩૮ |
| દાહોદ | ૦૬ | ૩૫ |
| અરવલ્લી | ૦૩ | ૩૦ |
| સાબરકાંઠા | ૦૪ | ૨૬ |
| મહીસાગર | ૦૫ | ૨૨ |
| છોટા ઉદેપુર | ૦૩ | ૧૭ |
| કુલ | ૯૩ | ૮૩૩ |

# GST, નોટબંધીથી ભાજપે અરબપતિઓનો રસ્તો સાફ કરવા નાના ધંધા ખતમ કર્યા- રાહુલ

**રાજકોટ**

સોમવારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજકોટના શાસ્ત્રીમેદાનમાં ઉમટેલી જનમેદનીને 18 મિનિટના વક્તવ્યમાં જણાવ્યું કે આ સરકારે માનીતા બે ત્રણ ઉદ્યોગપતિઓનો રસ્તો સાફ કરવા માટે ગુજરાત સહિત દેશની કરોડરજ્જુ સમાન નાના અને મધ્યમ વેપાર ઉદ્યોગોને નોટબંધી અને પછી જી.એસ.ટી. ઝીંકીને તથા વેપારીઓ,ખેડૂતોને કોઈ રાહતો નહીં આપીને ભાંગી નાંખ્યા છે. બીજી તરફ ઉદ્યોગગૃહોના અબજો રૂ. ના દેવા માફ કરી કોંગ્રેસે જે સરકારી જાહેર સાહસો ધમધમતા કર્યા તેનું ખાનગીકરણ કરી માનીતાઓને સોંપી યુવાઓને સરકારી નોકરીની તક છિનવી છે. તેમણે કહ્યું મોટા ઉદ્યોગગૃહો બેન્કના અબજો રૂ. ભરે નહીં તો તેને એન.પી.એ. ગણી લેવાય અને માફ કરી દેવાય, પરંતુ, કોઈ ખેડૂત કે વેપારી પચાસ હજારની લોન ન ભરે તો તે બેન્ક ડિફોલ્ટર કહેવાય એ છે ભાજપ સરકારનો અસલી ચહેરો. કોરોનાના કમ્મરતોડ માર પછી પણ ખેડૂતોને કૃષિવિમો અપાયો નથી, વેપારીઓને કોઈ રાહતો અપાઈ નહીં. સરકારની આવી નીતિ નાના અને મધ્યમ વેપાર ઉદ્યોગોને ખતમ કરવા માટે અને તે સાથે અરબપતિઓને વધુ ધનિક બનાવવા માટેની છે. આમ નાગરિકોને મોંઘવારીમાં પીસાય છે.



# ગુજરાતમાં દરેક વિભાગમાં પૈસા આપો તો જ કામ થાય છે : કોંગ્રેસ સાંસદ મનીષ તિવારી

**અમદાવાદ**

ગુજરાતમાં ભ્રષ્ટાચારનું નામ એ વ્યવહાર છે અને દરેક જગ્યાએ પૈસા આપ્યા વિના કોઇ કામ થતું નથી. ગુજરાતની દર્દનાક મોરબી કરૂણાંતિકાને લઈ શાસક સરકારમાં કોઈએ રાજીનામું પણ ના આપ્યુ કે નૈતિકતાના ધોરણે જવાબદારી ના સ્વીકારી તે આઘાતજનક વાત છે એ મતલબના ગંભીર આક્ષેપો આજે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને લોકસભા સાંસદ મનીષ તિવારીએ કર્યા હતા. પાલડી સ્થિત કોંગ્રેસના રાજીવ ગાંધી ભવન ખાતે મનીષ તિવારીના હસ્તે એલઈડી અનાવરણના કાર્યક્રમ યોજાયો હતો. આ એલઈડી પર કોંગ્રેસ દ્વારા ભાજપની નિષ્ફળતા અને કોંગ્રેસના કામો સહિત રાહુલ ગાંધીની પદયાત્રાનું લાઈવ પ્રસારણ કરાશે. આ પ્રસંગે મનીષ તિવારીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં જીએસટીના અવિચારી અમલથી ૨.૩૦ લાખ લઘુ ઉદ્યોગ બંધ થયા છે. એમએસએમઈ સેક્ટરમાં ૧૦ લાખ કરોડની લોન બાકી છે. નાના ઉદ્યોગો નુકસાન કરી રહ્યાં છે.

# અંજાર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પાસેથી ૧૮ લાખ મળ્યા

**ગાંધીધામ**

રેંજ આઈ.જી.ની ટીમ આદિપુરના ૫/એમાં રહેતા અને જે તે સમયે કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલા અને અંજાર તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચુકેલા અંદાજિત ૮૦ વર્ષીય શંભુભાઈ માદેવાભાઈ આહીરના ઘરે પરવાના વાળો હિથયાર જમા ન થતાં રેન્જ આઈ.જી.ની ટીમ તપાસ માટે ગઈ હતી. પરંતુ તપાસ માટે ગયેલી ટીમ સાથે બોલાચાલી થતા સ્થાનિક પોલીસની ટીમ પણ બોલાવવામાં આવી હતી અને બાદમાં મામલો શાંત પાડયો હતો. પરંતુ આ વેળાએ તપાસમાં આવેલી ટીમને વૃદ્ધ આગેવાન પાસે મોટા પ્રમાણમાં રોકડ હોવાની શંકા જતાં ચૂંટણી ફ્લાઈંગ સ્કોડને આ બાબતની જાણ કરવામાં આવતા ટીમ તાત્કાલિક શંભુભાઈના ઘરે પહોંચી ગઈ હતી અને તપાસ કરતા તેમના પાસેથી રૂ. ૧૮,૦૧,૫૦૦ રોકડા મળી આવ્યા હતા.

# ગરીબો કરતા પણ બદતર હાલતમાં જીવે છે ગુજરાતના એક પૂર્વ ધારાસભ્ય

**દાહોદ**

કોઈપણ નેતા એક ટર્મ માટે પણ ધારાસભ્ય બની જાય તો એ નક્કી છેકે ધારાસભ્યની સંપત્તિમાં મોટો ઉછાળો આવે છે.. અથવા તો એ ધારાસભ્યનો રુઆબ અને જીવનશૈલી એક વારમાં જ બદલી જાય છે.. પરંતુ આજે તમને એક એવા નેતાની વાત કરવી છે જે બે ટર્મ સુધી ધારાસભ્ય રહ્યા બાદ પણ આજે ગરીબીનું જીવન જીવે છે, ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે અને નળિયાવાળા કાચા મકાનમાં રહે છે. જૂના-કાચા મકાનમાં રહેતા અને ખેતીકામ કરતા આ વૃદ્ધ છે દાહોદની લીમખેડા વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય વીરસિંહભાઈ મોહનિયા. પૂર્વ ધારાસભ્ય વીરસિંહભાઈ 3 પુત્રોના પરિવાર સાથે રહે છે અને ખેતી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓને સરકાર તરફથી કોઈ પેન્શન કે કોઈ યોજનાનો લાભ મળતો નથી. વીરસિંહભાઈ મોહનિયા લીમખેડા તાલુકાના અંતરિયાળ ખીરખાઈ ગામમાં રહે છે. 91 વર્ષની ઉંમરે પણ તેઓ જાતે ખેતીકામ કરે છે.

# તા.1 જાન્યુઆરી 2024ના રોજ રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાઃ અમિત શાહ

**રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક દિવસમાં ધોરાજી,અમરેલી, બોટાદ અને વેરાવળમાં સભા સંબોધ્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સૌરાષ્ટ્રમાં ત્રણ જિલ્લાઓમાં પ્રચારનું રણશીંગુ ફૂંકીને કહ્યું કોંગ્રેસ 2017માં કટાક્ષ કરતી કે રામમંદિર વહી બનાયેંગે પણ તિથિ નહીં દેંગે તો કોંગ્રેસના નેતાઓ લખી રાખે, તા. 1 જાન્યુઆરી 2024ના ભવ્ય રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થશે. ત્રણેય સભામાં તેમણે મુખ્યત્વે કોંગ્રેસ અને રાહુલ ગાંધી ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કાશ્મીરમાં ક. 370 ભાજપ સરકારે હટાવી છે પુલવામા હુમલા વખતે સર્જીકલ સ્ટ્રાઈક કરીને નરેન્દ્ર મોદીએ ભારતીય સીમા સાથે છેડછાડ નહીં કરવાનો વિશ્વને મેસેજ આપી દીધો છે. ભારતીય સેનાની વીરતા પર શંકા કરનાર આજે ગુજરાત પર રાજ કરવા નીકળ્યા છે.

## ફોર્મ નામંજૂર કરાતાં અપક્ષ ઉમેદવારે ચીફ જસ્ટિસને અરજી કરી

**અમદાવાદ**

પોતાનું નામ ખોટી રીતે અસ્વીકાર કરવાના જિલ્લા ચૂંટણી અધિકારીના નિર્ણયથી નારાજ થઇ વેજલપુર વિધાનસભા મતવિસ્તારના અપક્ષ ઉમેદવાર વિક્રમસિંહ જટુભા પરમારે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, સમક્ષ ફરિયાદ કરતી ચૂંટણીલક્ષી અરજી કરી છે. અરજદાર વિક્રમ પરમારે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, વેજલપુર વિધાનસભા બેઠક માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. ત્યારબાદ તા.૧૮-૧૧-૨૦૨૨ના રોજ રાત્રે ૩-૦૪ મિનિટે આવ્યો હતો અને આપના ફોર્મની માહતીમાં અમુક મુદ્દા ભરેલ નથી તેમ જણાવી ફોર્મ નામંજર કરાવ્યું હતું.

## જૂની પેન્શનની ખાતરી આપનાર પક્ષને જ મત

**અમદાવાદ**

ગુજરાતના ૧૨ લાખથી વધુ પેન્શનર્સને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની ખાતરી આપનાર રાજકીય પક્ષને જ મત આપવાનો નિર્ધાર પેન્શનરોએ વ્યક્ત કર્યો છે. ગુજરાત સરકારના તમામ પેન્શનર્સ એસોસિયેશનોએ સાથે મળીને આ નિર્ણય લીધો છે. ગુજરાતમાં નિમણુંક થયેલ તમામ કર્મચારીઓ, શિક્ષકો અને અકિરીઓ માટે સરકારે જૂની પેંશન યોજનાનો અમલ બંધ કરીને શેરબજાર આધારિત નવી પેંશન યોજના ૨૦૦૫થી અમલમાં મૂકી છે. છેલ્લા ઘણા વર્ષોથી સરકારી કર્મચારીઓ સમગ્ર ભારતના તમામ રાજયોમાં જૂની પેંશન યોજનાની માંગણી માટે લડત ચલાવી રહ્યા છે.

## ઈલેકશન ઈફેક્ટ : ખાદીના વેચાણમાં ૨૦ ટકાનો વધારો

**અમદાવાદ**

વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં જ નેતાઓને ખાદીની યાદ આવી છે. આ જ કારણ છે કે છેલ્લા ૧૦ દિવસમાં ખાદીના વેચાણમાં ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ છેલ્લા ૧૦ દિવસ દરમિયાન અમદાવાદમાં આવેલી ખાદીની વિવિધ દુકાનમાંથી લાખો રૂપિયાની સફેદ-રંગીન ખાદી, પોલીવસ્ત્ર, રેશમ ખાદી સહિત ગાંધી ટોપી ખરીદી કરવામાં આવી છે. ચૂંટણી નજીક આવશે તેમ ખાદીના વેચાણમાં હજુ વધારો થાય તેમ મનાઈ રહ્યું છે. ચૂંટણીની જાહેરાત થતાં રાજકીય પક્ષોના ઉમેદવારો, પ્રચારકોએ ખાદીની ખરીદી કરવાની શરૂઆત કરી હતી.

## સોશિયલ મીડિયા એક્સપર્ટની ડિમાન્ડ વધી

**અમદાવાદ**

વિવિધ પાર્ટીના અનેક ઉમેદવારોએ પોતાના પ્રચાર માટે સોશિયલ મિડીયા એક્સપર્ટનો પણ પોતાની ટીમમાં સમાવેશ કર્યો છે. જેથી સોશિયલ મિડીયામાં રીલ અને પોસ્ટની મદદથી મહત્તમ મતદારો સુધી પહોંચી શકાય. સાથેસાથે મોબાઈલ નંબરના ડેટા સપ્લાય કરતી એજન્સીઓની ડિમાન્ડ પણ વધી છે.ગુજરાત વિધાનસભામાં હવે પ્રચાર પધ્ધતિ બદલાઈ રહી છે. અને ખુબ ઓછા દિવસો હોવાથી હવે ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદારો સુધી પહોંચવાનો સમય ખુબ ઓછો હોવાને કારણે અનેક ઉમેદવારોએ ડીજીટલ માધ્યમનો ઉપયોગ શરૂ કર્યો છે. આ માટે સોશિયલ મિડીયા એક્સપર્ટને પોતાની ટીમમાં સામેલ કર્યા છે.

## ભાજપનો સપાટો, વાઘોડિયા-પાદરાના 51 બળવાખોરો સસ્પેન્ડ

**વડોદરા**

વડોદરામાં પક્ષ વિરોધી કામગીરી કરનાર સામે ભાજપે મોટી કાર્યવાહી કરી છે. ભાજપે એક સાથે 51 લોકોને સસ્પેન્ડ કર્યા છે. જેમાં મોટાભાગના પાદરા અને વાઘોડિયાના બળવાખોરો સામેલ છે. જેમા પાદરા નગરપાલિકાના 10 સદસ્યોને પણ સસ્પેન્ડ કરાયા છે. જ્યારે વાઘોડિયા વિધાનસભામાં અપક્ષ ઉમેદવારી કરનાર મધુ શ્રીવાસ્તવની પુત્રી નીલમ શ્રીવાસ્તવને પણ ભાજપે સસ્પેન્ડ કરી છે. મધુ શ્રીવાસ્તવ અને દિનુ મામાએ પક્ષથી વિરોધમાં જઈને અપક્ષ ઉમેદવારી કરી છે. ત્યારે ભાજપે ગત અઠવાડિયે જ આ બંને બળવાખોર નેતાઓને સસ્પેન્ડ કર્યા હતા.

# ઓરિસ્સામાં ભગવાન કાર્તિકેશ્વરના વિસર્જનમાં ફટાકડાના સ્ટોરમાં વિસ્ફોટ, 40થી વધુ દાઝયા

## વિસર્જન સ્થળ પર વિવિધ પંડાલોમાં ફટાકડા ફોડવાની સ્પર્ધાનું આયોજન કરાયું હતું

**કેન્દ્રપાડા**

ઓડિશાના કેન્દ્રપાડા જિલ્લાના બલિયા બજારમાં ભગવાન કાર્તિકેશ્વરની મૂર્તિના વિસર્જન સમારોહ દરમિયાન બુધવારે ફટાકડા ફોડતી વખતે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં લગભગ 40થી વધુ લોકો દાઝી ગયા હતા જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી 25 ખૂબ જ ખરાબ રીતે દાઝી ગયા છે. કેન્દ્રપાડા ડીએમ અમૃત ઋતુરાજે જણાવ્યું કે, વિસર્જન સ્થળ પર વિવિધ પૂજા પંડાલોમાં ફટાકડા ફોડવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે દરમિયાન ફટાકડામાંથી નીકળતી એક સ્પાર્ક ફટાકડાના ઢગલા પર પડી જેના કારણે વિસ્ફોટ થયો અને લોકો દાઝી ગયા. માહિતી મળતાં જ પોલીસ પહોંચી અને દાઝી ગયેલા લોકોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

ઘણા લોકોની ગંભીર હાલત જોઈને અહીંના ડોક્ટરોએ તેમને SCB મેડિકલ કોલેજ અને કટક હોસ્પિટલમાં રિફર કર્યા છે. બલિયા પ્રદેશમાં સંક્રાંતિ બાદ કાર્તિકેશ્વર મૂર્તિ વિસર્જન મોટા પાયે ઉત્સવો સાથે થાય છે. બુધવારે રાત્રે લગભગ 9:00 વાગ્યે ફટાકડાનો શો ચાલી રહ્યો હતો ત્યારે કેટલાક રોકેટ ફટાકડાના સ્ટોરમાં પડ્યા હતા જેના કારણે સીરિયલ વિસ્ફોટ થયો હતો. સ્થળ પર હાજર 40થી વધુ લોકો દાઝી ગયા હતા અને તેમાંથી કેટલાક જેઓ વિસ્ફોટ સ્થળની નજીક હતા તેઓને સૌથી વધુ અસર થઈ હતી. SCB મેડિકલ કોલેજ અને હોસ્પિટલે દાઝી ગયેલા દર્દીઓની સારવાર માટે વિશેષ વ્યવસ્થા કરી છે.

# AIDS વિસ્ફોટ: નોઈડામાં ડિસ્ટ્રિક્ટ જેલમાં 26 કેદી HIV પોઝિટિવ થયા

## સપ્ટેમ્બરમાં પણ બારાબંકી ડિસ્ટ્રિક્ટ જેલમાં ઘટના બની હતી

**નોઈડા**

ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લાની જિલ્લા જેલમાં બંધ 26 કેદીઓનો HIV રિપોર્ટ પોઝિટિવ મળ્યો છે. એક અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું કે, જેલમાં કેમ્પ લગાવીને કરવામાં આવેલી તપાસ બાદ આ વાત સામે આવી છે. જેલ પ્રશાસને સેક્ટર-30 સ્થિત જિલ્લા હોસ્પિટલના એન્ટિ રેટ્રોવાયરલ થેરાપી (એઆરટી) સેન્ટરમાં કેદીઓની સારવાર શરૂ કરી છે.



તમને જણાવી દઈએ કે, આ પહેલો કિસ્સો નથી જ્યારે રાજ્યમાં કેદીઓમાં HIV પોઝીટીવનો કેસ સામે આવ્યો હોય. આ અગાઉ સપ્ટેમ્બર મહિનામાં બારાબંકી ડિસ્ટ્રિક્ટ જેલમાં 22 કેદીઓ HIV પોઝીટીવ બન્યા હતા. બીજી તરફ બિજનૌર જેલમાં 5 કેદીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

# આસામ-મેઘાલય બોર્ડર પર હિંસા ગોળીબારમાં ગાર્ડ સહિત 6ના મોત

**ગુવાહાટી**

આસામ-મેઘાલય સરહદે લાકડાની દાણચોરી બંધ કરવામાં આવતા મંગળવારે વહેલી સવારે હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં ફોરેસ્ટ ગાર્ડ સહિત છ લોકોના મોત થયા હતા. આસામ-મેઘાલય સરહદે ગેરકાયદે લાકડા વહન કરતી ટ્રકને પોલીસે અટકાવ્યા બાદ હિંસા ફાટી નીકળી હતી. સાવચેતીના પગલારૂપે 7 જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે.

પશ્ચિમ કાર્બી આંગલોંગના પોલીસ અધિક્ષક ઈમદાદ અલીએ આ માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે આસામ વન વિભાગે મેઘાલય બોર્ડર પર ટ્રકને રોકી હતી. ટ્રક ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેને રોકવા ફોરેસ્ટ ગાર્ડે ગોળીબાર કર્યો હતો. અધિકારીએ વધુમાં જણાવ્યું કે ફાયરિંગમાં ટ્રકનું ટાયર પંચર થઈ ગયું હતું. ફોરેસ્ટ ગાર્ડે ટ્રક ચાલક સહિત ત્રણ લોકોને પકડી લીધા હતા, જોકે અન્ય ભાગી જવામાં સફળ રહ્યા હતા. અધિકારીએ કહ્યું કે, આ ઘટનાની જાણકારી નજીકના પોલીસ સ્ટેશનને આપવામાં આવી હતી. અને વધારાના પોલીસ ફોર્સની માગ કરવામાં આવી હતી. સવારે પાંચ વાગ્યે પોલીસ આવતાની સાથે જ કેટલાક સ્થાનિક લોકો હાથમાં હથિયાર લઈને ત્યાં પહોંચ્યા હતા. ટોળાએ ફોરેસ્ટ ગાર્ડ અને પોલીસને ઘેરીને તસ્કરોને છોડાવવાની માગ કરી હતી.

# દિલ્હીમાં ડ્રગ્સ એડિક્ટ યુવકે માતા-પિતા, દાદી અને બહેનની ચપ્પુ મારી હત્યા કરી

## હત્યારાને પકડીને પોલીસને સોંપનારા યુવકને મારી નાખવાની ધમકી મળી

**નવી દિલ્હી**

દિલ્હીના પાલમ વિસ્તારમાં એક ડ્રગ્સ એડિક્ટેડ યુવકે પોતાના જ પરિવારના ચાર લોકોની ચાકુથી હત્યા કરી નાખી હતી. આ યુવકને ડ્રગ્સમાંથી છૂટકારો અપાવવા માટે એક સેંટર પર દાખલ કરવામાં આવ્યો હતો જ્યાંથી છૂટીને હાલમાં જ તે ઘરે આવ્યો હતો અને સમગ્ર પરિવારને રહેંસી નાખ્યો હતો. દિલ્હીમાં આ શ્રદ્ધા વોલ્કર નામની યુવતીની હત્યા કરીને ૩૫ ટૂકડા કરી નાખવામાં આવ્યાની ઘટના બહાર આવ્યાના થોડા જ દિવસ બાદ વધુ એક હત્યાકાંડ સામે આવ્યો છે. જે પણ લોકોની હત્યા કરવામાં આવી છે તેમાં હત્યારા કેશવના ૭૫ વર્ષના દાદી દીવાના દેવી , ૫૦ વર્ષના પિતા દિનેશ અને માતા દર્શના તેમજ ૧૮ વર્ષીય



બહેન ઉર્વશીનો સમાવેશ થાય છે. ૨૫ વર્ષીય કેશવને ડ્રગ્સની ટેવ પડી ગઈ હતી, જેને પગલે તેને સેંટર પર રાખવામાં આવ્યો હતો. તેણે પોતાના માતા પિતા, દાદી, બહેનને રહેંસી નાખ્યાની આ ઘટનાની દિલ્હીમાં ચર્ચા છે.

# પંજાબમાં ગન કલ્ચર સામે સરકારની મોટી કાર્યવાહી, હથિયારના ૯00 લાયસન્સ રદ

**અમૃતસર**

પંજાબમાં ગન કલ્ચરને ખતમ કરવા માટે સરકાર અને પોલીસની મોટી કાર્યવાહી સામે આવી છે. હથિયારોની સમીક્ષા કર્યા બાદ પ્રશાસને 9 દિવસમાં લગભગ 900 હથિયારોના લાઈસન્સ રદ કર્યા છે. જ્યારે 300 થી વધુ લોકોના શસ્ત્ર લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તેમને કારણ માંગતી નોટિસ ફટકારવામાં આવી છે. તેને પૂછવામાં આવ્યું છે કે હથિયારોની જર કેમ છે.

નકલી સરનામાં પર લાઈસન્સ મળ્યાં



હથિયારોની તપાસ દરમિયાન મોટાભાગના હથિયાર લાયસન્સના સરનામા નકલી હોવાનું જાણવા મળ્યું હતું. જૂના નિયમ મુજબ લોકો પાસે એક લાયસન્સ પર ત્રણ હથિયાર હોવાનું પણ જાણવા મળ્યું છે. કેન્દ્ર સરકારના સંશોધિત નિયમ મુજબ હવે એક વ્યક્તિ એક લાયસન્સ પર માત્ર એક જ હથિયાર રાખી શકશે. નિયમોમાં ફેરફાર કર્યા પછી, આ લોકોએ તેમના હથિયારો સરેન્ડર કરવા પડ્યા હતા, જ્યારે આ લોકોએ સંબંધિત પોલીસ સ્ટેશનોમાં હથિયારો જમા કરાવ્યા ન હતા. તપાસ બાદ જલંધરમાં સૌથી વધુ 391 લાયસન્સ રદ કર્યા છે. બીજી તરફ રોપરમાં 146, નવાંશહરમાં 266, મોહાલીમાં 32, તરનતારનમાં 19, કપૂરથલામાં 17, ફિરોઝપુરમાં 25, પઠાણકોટમાં 01 લાયસન્સ રદ કર્યા છે.

# હિમાચલના પહાડોમાં હીમવર્ષાથી દિલ્હી સહિત અનેક શહેરોમાં ઠંડી

**નવી દિલ્હી**

હિમાચલના પહાડો પર ગત સપ્તાહે થયેલી હિમવર્ષાની અસર હવે મેદાની વિસ્તારોમાં જોવા મળી રહી છે. પડોશી પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડી ગયું હતું. હિમાચલમાં આ દિવસોમાં પહાડો કરતા મેદાની વિસ્તારોમાં ઠંડી વધુ પડી રહી છે. મોટાભાગના મેદાની વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા 1 થી 4 ડિગ્રી સેલ્સિયસ ઓછું થયું છે. જેના કારણે ઉના, હમીરપુર, કાંગડા જેવા ગરમ શહેરો સવારે અને સાંજે શિમલા, કુલ્લુ અને કિન્નોર કરતા પણ વધુ ઠંડી પડવા લાગ્યા છે. અમૃતસરનું લઘુત્તમ તાપમાન ઘટીને 8.1 ડિગ્રી, ચંદીગઢનું 9.6 ડિગ્રી, દિલ્હીના સફદરજંગનું 8.0 ડિગ્રી, અંબાલાનું 8.3 ડિગ્રી નોંધાયું છે. તેવી જ રીતે, હિમાચલના સૌથી ગરમ શહેર ઉનાનું લઘુત્તમ તાપમાન ઘટીને 5.8 ડિગ્રી સેલ્સિયસ થયું છે. ભુંતરમાં 3.8 ડિગ્રી, સુંદરનગરમાં 3.5 ડિગ્રી, સોલનમાં 5.6 ડિગ્રી, મનાલીમાં 3.4 ડિગ્રી, મંડીમાં 5.6 ડિગ્રી, બિલાસપુરમાં 9 ડિગ્રી, હમીરપુરમાં 6 ડિગ્રી અને ચંબામાં 6.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# ઉત્તર પ્રદેશમાં કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરના ભત્રીજાએ લખનૌમાં કરી આત્મહત્યા

**મુંબઈ**

કેન્દ્રીય શહેરી વિકાસ રાજ્ય મંત્રી અને ભારતીય જનતા પાર્ટી લખનૌની મોહનલાલગંજ બેઠક પરથી સાંસદ કૌશલ કિશોરના ભત્રીજા નંદકિશોરે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. નંદકિશોરે ઘરમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શ કરી હતી. આપઘાતનું કારણ જાણવા પ્રયાસો હાથ ધરાયા છે. આ મામલો લખનઉના દુબગ્ગા વિસ્તારના બિગરિયાનો છે. અગાઉ, કેન્દ્રીય પ્રધાન માર્ચ 2021 માં ચર્ચામાં આવ્યા હતા જ્યારે તેમની પુત્રવધૂ અંકિતાએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. અંકિતા તેના ઘરની બહાર પહોંચી અને તેના હાથની નસ કાપી નાખી હતી.

# જયપુરમાં અન્ય ધર્મમાં લગ્ન કરનાર યુવતીને ગોળી મારી, હાલત નાજૂક

**નવી દિલ્હી**

જયપુરમાં બુધવારે સવારે એક સનસનીખેજ ઘટના સામે આવી છે. અહીં 26 વર્ષીય અંજલિને બીજા ધર્મમાં લગ્ન કર્યા બાદ બાઈક પર આવેલા બે યુવકોએ રસ્તા વચ્ચે ગોળી મારી દીધી હતી. યુવતી બેહોશ થઈને રસ્તા પર જ પડી ગઈ હતી. લોકોએ તેને પહેલા કાવટીયા હોસ્પિટલમાં દાખલ કરી હતી. પીઠના ભાગે ગોળી વાગી હોવાથી હાલત નાજુક છે.

અંજલિના પતિ અબ્દુલ લતીફે કહ્યું કે, 'મારા પરિવારના સભ્યો મને ઘણા સમયથી પરેશાન કરી રહ્યા હતા. મારા સંબંધી રિયાઝ ખાને ફાયરિંગ કર્યું હતું.' અંજલિ જયપુરના મુરલીપુરામાં પલ્લવી સ્ટુડિયો પાસેની ગલીમાં રહે છે. બુધવારે સવારે 10 વાગ્યાના સમયે હું કામ પર જવા માટે પગપાળા ઘરેથી નીકળ્યો હતો. તેમના પર સવારે 10.29 વાગ્યે ઘરથી દોઢ કિલોમીટર દૂર હુમલો થયો હતો. અંજલી આયુર્વેદિકની દુકાનમાં કામ કરતી હતી. અબ્દુલે કહ્યું, 'અમે એક વર્ષ પહેલા કોર્ટ મેરેજ કર્યા હતા. મારો પરિવાર તેની વિરુદ્ધ હતો. મારો મોટો ભાઈ અબ્દુલ લતીફ અને તેનો સાથી રિયાઝ ખાન અમને પરેશાન કરતા હતા.

# સચિન પાયલોટ ગદ્દાર છે, તેમને મુખ્યપ્રધાન બનાવી ન શકાય : અશોક ગેહલોત

**જયપુર**

રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતે કોંગ્રેસના સચિન પાયલોટને ગદ્દાર ગણાવતા જણાવ્યું હતું કે તેમણે ૨૦૨૦માં કોંગ્રેસની વિરુદ્ધ બળવો કર્યો હતો અને મારા નેતૃત્ત્વવાળી સરકારને પાડવા પ્રયત્નો કર્યા હતાં તેથી તેમને મુખ્યપ્રધાન બનાવી ન શકાય. ગેહલોતે આ નિવેદનથી રાજસ્થાનમાં કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક ખેંચતાણ વધી રહી છે તે સ્પષ્ટ થઈ ગયું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા રાજસ્થાનમાં પણ આવનારી છે. મધ્ય પ્રદેશમાં ભારત જોડો યાત્રામાં ગુરૃવારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની સાથે પગપાળા ચાલી રહેલા પાયલોટે ગેહલોતના નિવેદન પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# ચીને લદ્દાખ સરહદે સૈનિકો તેમજ યુદ્ધ હથિયારો વધાર્યા, ભારતીય સૈન્ય એલર્ટ

## આકરો જવાબ આપવા ભારત 10 હજાર કરોડના ખર્ચે આધુનિક રડાર ખરીદશે

નવી દિલ્હી

ભારતીય સૈન્ય વડા જનરલ મનોજ પાંડેએ ૧૨મી નવેમ્બરના રોજ જાહેરમાં સ્પષ્ટતા કરી દીધી હતી કે ચીન એલએસીની સાથે સાથે પોતાના ઢાંચાનો પણ વિકાસ કરી રહ્યું છે. લદ્દાખમાં કબજા વાળા અક્સાઇ ચીનમાં ચીની સૈનિકોની સંખ્યામાં કોઈ ખાસ ઘટાડો નથી થયો. મીડિયા રિપોર્ટ મુજબ ભારતીય સૈન્યના અધિકારીઓએ જણાવ્યું છે કે શિયાળાનો સમય શ થઇ ગયો હોવાથી ચીની સૈન્યની અવર જવર વધવાની શક્યતાઓને પગલે સૈન્યને એલર્ટ કરી દેવાયું છે.

દરમિયાન ચીન સરહદે ભારતીય સૈન્યને વધુ મજબુત બનાવવામાં આવી રહ્યું છે. હાલ આગામી કેટલાક વર્ષોમાં ઇન્ડિયન એરફોર્સ દ્વારા ચીન સરહદે આશરે ૧૦ હજાર કરોડ પિયાના રડારને ફીટ કરવામાં આવી શકે છે. ચીનના એરફોર્સ



પર નજર રાખવામાં આ રડારનો ઉપયોગ કરવામાં આવશે. ખાસ કરીને લદ્દાખ સેક્ટરમાં આ રડારને લગાવવામાં આવશે. જેમાં ચીની વિમાન, એરક્રાફ્ટ કે હેલિકોપ્ટર અને ડ્રોન વગેરે પર પણ નજર રાખી શકાશે.

# કર્મીઓની છટણી મુદ્દે શ્રમ મંત્રાલયે એમેઝોન ઇન્ડિયાને સમન્સ મોકલ્યું

બેંગલુરુ

અમેરિકાની ટેકનોલોજી કંપનીઓ દ્વારા કરવામાં આવી રહેલી છટણીઓનો રેલો ભારતમાં પહોંચ્યો છે. એમેઝોન ભારતના આવા જ એક પગલાથી ભારતીય કર્મચારીઓને બચાવવા માટે કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલયે કંપનીને નોટિસ પાઠવી છે. મંત્રાલયે પોતાની નોટિસમાં કંપનીને બેંગલુરુ સ્થિત લેબર કમિશનરની ઓફિસમાં હાજર રહેવાનું ફરમાન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, એક કર્મચારી યુનિયન- નેસેંટ ઈન્ફોરમેશન ટેકનોલોજી ઈમ્પ્લોયર્સ સેનેટે એમેઝોન ભારત પર લેબરના નિયમોના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો અને




તેમની સામે શ્રમ મંત્રાલયમાં ફરિયાદ કરી હતી. કર્મચારી યુનિયન નેસેંટ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઈમ્પ્લોયર્સ સેનેટે એમેઝોન ભારતની નવી કર્મચારી નીતિનો વિરોધ કર્યો હતો. યુનિયને કેન્દ્રીય શ્રમ મંત્રી ભુપેન્દ્ર યાદવને પત્ર લખીને ફરિયાદ કરી હતી કે, એમેઝોન તેના ભારતના કર્મચારીઓને કંપનીમાંથી નીકળવાની ફરજ પાડી રહી છે.

# સરકારનો ''તોહફા-એ-રોજગાર'' આ અભિયાન અવિરત ચાલુ રહેશે : મોદી

નવી દિલ્હી

નવી દિલ્હી : રોજગાર મેળા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રમોદીએ મંગળવારે અનેક યુવા-યુવતિઓને નિયુક્તિ પત્ર વિતરિત કર્યા હતા. ગયા બુધવારે જ કહ્યું હતું કે



યુવાનોને નોકરીઓ આપવાની પ્રક્રિયા ચાલુ જ રહેશે. સરકારે વર્ષ ૨૦૨૩ ના અંત પહેલા ૧૦ લાખ નોકરીઓ આપવાની યોજના તૈયાર કરી છે. આ સાથે તેઓએ નવ-નિયુક્તોનું સ્વાગત કર્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી. મંગળવારે તેઓએ પોતાને નવી નિયુક્તિઓ માટેના કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે જણાવ્યા હતા અને કહ્યું હતું કે આ અભિયાન અવિરત ચાલુ જ રહેશે.

# ઇન્વેસ્ટર્સ સમિટ: યુપીની અર્થવ્યવસ્થા 1 ટ્રિલિયન ડોલર બનાવવા યોગીની નેમ

લખનઉ

યોગી સરકારે રાજ્યની અર્થવ્યવસ્થાને 1 ટ્રિલિયન ડોલરની બનાવવાની તૈયારી કરી લીધી છે. આ અંતર્ગત મંગળવારે દિલ્હીમાં સુષ્મા સ્વરાજ પ્રવાસી ભારતીય ભવનમાં યુપી ઈન્વેસ્ટર્સ સમિટ-2023નો પડદો રાઈઝર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સીએમ યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં રોકાણકારોની સુવિધા માટે બે પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યા હતા. ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ પર એક શોર્ટ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ- કર્ટેન રેઝર સેરેમનીને સંબોધતા સીએમ યોગીએ કહ્યું




કે પીએમ મોદીનું સપનું સાકાર કરશે. યુપી આત્મનિર્ભર અભિયાનમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. પરિવર્તનની યાત્રામાં યુપી ઝડપથી આગળ વધી રહ્યું છે. આ સાથે સીએમ યોગીએ કહ્યું કે છેલ્લા 5 વર્ષમાં ઘણા મહત્વપૂર્ણ પગલા લેવામાં આવ્યા છે. યુપીમાં કાયદાનું શાસન સ્થાપિત થયું છે.

# જમ્મુ-કાશ્મીર માટે પ્રથમ સાયબર સુરક્ષા નીતિ, ટૂંકમાં સમયમાં જાહેરાત થશે

નવી દિલ્હી

પાડોશી દેશ પાકિસ્તાન તરફથી નવા જોખમો અને પ્રચારનો સામનો કરી રહેલા જમ્મુ અને કાશ્મીરની પ્રથમ સાયબર સુરક્ષા નીતિ આ અઠવાડિયે જાહેર કરવામાં આવશે. આ સાથે IIT જમ્મુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન સાયબર સિક્યોરિટી પણ શ કરવામાં આવશે. આ પહેલને 26 અને 27 નવેમ્બરના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી યુનિવર્સિટી, કટરા ખાતે યોજાનારી 25મી રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ કોન્ફરન્સમાં પ્લેટફોર્મ આપવામાં આવશે. કોન્ફરન્સમાં ડિજિટલ J&K પહેલ હેઠળ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ પણ શ કરવામાં આવશે. આ સાથે જમ્મુ અને કાશ્મીર સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ અને SMVDU અને NIELIT વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાન માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે.

# જમ્મુમાં ડ્રોનથી મોકલાયેલા હથિયાર અને પાંચ લાખ રૂપિયા સાથે દારૂગોળો પકડાયો

## પિસ્તોલ, વિસ્ફોટક પિન, એક ઘડિયાળ અને આઈડી કંડક્ટર જપ્ત કરાયા

જમ્મુ-કાશ્મીર

જમ્મુ-કાશ્મીર પોલીસને ફરી એક મોટી સફળતા મળી છે. પોલીસે સરહદ પારથી ડ્રોન દ્વારા મોકલવામાં આવેલા હથિયારોનો એક કન્સાઈનમેન્ટ જપ્ત કર્યો છે. સાંબાના વિજયપુર વિસ્તારમાંથી મળી આવેલા કન્સાઈનમેન્ટમાં બે પિસ્તોલ, 5 લાખ રૂપિયાની કરન્સી, એક વિસ્ફોટક પિન, એક ઘડિયાળ અને આઈડી કંડકટરનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું કે આઈડી સાથે જોડાયેલ આરડીએક્સ ધરાવતું વિસ્ફોટક ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સરહદ પારથી સતત ઘૂસણખોરીના પ્રયાસો થઈ રહ્યા છે. ડ્રોન



દ્વારા શસ્ત્રોનો જથ્થો મોકલવામાં આવી રહ્યો છે. જો કે, પોલીસ સતત આવા કન્સાઈનમેન્ટ પકડી રહી છે. પોલીસે આતંકવાદીઓના કાવતરાને સફળ થવા દીધો ન હતો.

# અજમેરમાં પતિએ પત્નીની હત્યા કરી લાશ થેલામાં ભરી ફેંકી દીધી

જયપુર

રાજસ્થાનના અજમેર જિલ્લામાં એક સનસનીખેજ હત્યાનો કિસ્સો સામે આવ્યો છે જેણે બધાને ચોંકાવી દીધા છે. જેમાં એક યુવકે પ્રેમ લગ્નના લગભગ એક મહિના બાદ પત્નીની ગળુ કાપીને હત્યા કરી નાખી છે. અને તેના મૃતદેહને કોથળામાં ભરી પુષ્કર વિસ્તારમાં ફેંકી દીધો હતો. જે બાદ આરોપી ઝડપાયો હતો. મૃતક મહિલાની ઓળખ જેનિફર તરીકે થઈ છે અને આરોપી પતિની ઓળખ 34 વર્ષીય મુકેશ તરીકે થઈ છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. બીજી તરફ આરોપી પતિની ધરપકડ કરવામાં આવી છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બંનેએ 29 ઓક્ટોબરના રોજ એક-બીજા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પાડોસીઓએ પોલીસને જણાવ્યું કે, આ ઘટના કથિત રીતે દંપતી વચ્ચે ઝઘડા દરમિયાન બની હતી. અજમેર રેન્જ પોલીસ મહાનિરીક્ષક રુપિન્દર સિંહે જણાવ્યું કે, સવારે 11 વાગ્યા આસપાસ દંપતિ વચ્ચે ઝઘડો થઈ ગયો હતો. ત્યારબાદ પીડિતાએ પોતાના પતિને ધમકી આપી હતી કે, તે પોતાના માતા-પિતાને તેના વિશે જાણ કરી દેશે.

# આફતાબે લાશના ટુકડા કરવા ઉપયોગમાં લીધેલા અનેક હથિયારો પોલીસે રિકવર કર્યા

નવી દિલ્હી

શ્રદ્ધા મર્ડર કેસમાં દિલ્હી પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આજરોજ ગુરુવારે આફતાબ પૂનાવાલાએ શ્રદ્ધાનું મર્ડર કરવા માટે ઉપયોગમાં લીધેલી છરીઓ અને કરવત સહિત અનેક હથિયારો કબજે કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આફતાબ પુનાવાલાએ પોતાની 27 વર્ષીય લિવ-ઈન પાર્ટનર શ્રદ્ધા વોકરની હત્યા કરી હતી. પોલીસે આરોપીના ઘર અને મહેરૌલી જંગલ વિસ્તારમાંથી હત્યામાં વપરાયેલા હથીયારો શોધી કાઢ્યા હતા. પોલીસે કહ્યું હતું કે, તેઓને હજુ સુધી તે મિની-સો મળ્યો નથી જેનો ઉપયોગ કથિત રીતે શ્રદ્ધાના શરીરના ટુકડા કરવા માટે કરવામાં આવ્યો હતો.

# એન્ટિ-માફિયા ટાસ્ક ફોર્સે ગુનેગારોની 2.5 હજાર કરોડની સંપત્તિ જપ્ત કરી

નવી દિલ્હી

માફિયાના આર્થિક સામ્રાજ્યને નષ્ટ કરવા માટે રચાયેલી એન્ટિ-માફિયા ટાસ્ક ફોર્સે અત્યાર સુધીમાં 62 ગુનેગારોની ઓળખ કરી છે અને તેમની પાસેથી 2.5 હજાર કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. જેમાંથી 41ને ઝુંબેશ ચલાવીને સજા કરવામાં આવી છે. આ એન્કાઉન્ટરમાં નવના મોત થયા છે.

અધિક પોલીસ મહાનિર્દેશક કાયદો અને વ્યવસ્થા પ્રશાંત કુમારે કહ્યું કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર માફિયા વિરોધી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. પરિણામે, 21 કેસોમાં, 12 માફી અને તેમના 29 સહયોગીઓને સજા કરવામાં આવી છે. જેમાંથી બે ગુનેગારોને મૃત્યુદંડની સજાનો પણ સમાવેશ થાય છે.

અત્યાર સુધીમાં ઓળખાયેલા ગુનેગારોની 2,524 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે અથવા તોડી પાડવામાં આવી છે. જિલ્લા બાદર, 70 ગુનેગારોના 24 જામીન રદ અને 311 હિસ્ટ્રીશીટ ખોલવામાં આવી હતી. જ્યારે 318 હથિયારના લાઇસન્સ રદ કરવામાં આવ્યા છે.

# મેંગલુરુ કુકર બોમ્બ બ્લાસ્ટની જવાબદારી ઈસ્લામિક રેઝિસ્ટન્સ કાઉન્સિલે લીધી

મેંગલુરુ

કર્ણાટકના મેંગલુરુમાં શનિવારે ઓટોરિક્ષામાં અચાનક થયેલા વિસ્ફોટની જવાબદારી આતંકવાદી સંગઠન ઈસ્લામિક રેઝિસ્ટન્સ કાઉન્સિલ (IRC) એ લીધી છે. આ સાથે જ અધિક પોલીસ મહાનિર્દેશક આલોક કુમારે પણ આ અંગે નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું હતું કે પોલીસ આતંકવાદી સંગઠનની સત્યતા ચકાસી રહી છે. હાલ NIA દ્વારા મેંગલુરુ બ્લાસ્ટની તપાસ કરવામાં આવી રહી છે. આજે એટલે કે ગુરુવારે ઈસ્લામિક રેઝિસ્ટન્સ કાઉન્સિલે જવાબદારી લીધી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે.

# યુએસમાં વર્જિનિયાના વોલમાર્ટ સ્ટોરમાં ફાયરિંગ : 10ના મોત, અનેક લોકો ઘાયલ

## બે દિવસ પહેલાં જ કોલોરાડોમાં ગે નાઈટક્લબમાં બંદૂકધારીએ ફાયરિંગ કર્યું હતું

**વર્જિનિયા**

અમેરિકામાં વર્જિનિયાના ચેસાપીકમાં વોલમાર્ટ સ્ટોરમાં સામૂહિક ગોળીબારમાં 10 લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઘણા લોકો ઘાયલ પણ થયા છે. ફાયરિંગની ઘટનાની જાણ થતાં ચેસાપીક પોલીસે વોલમાર્ટમાં કથિત સક્રિય શૂટરને પકડવાના પ્રયાસો કર્યા અને તેના પર ફાયરિંગ કર્યુ હતું.

ચેસપીક પોલીસ વિભાગનું કહેવું છે કે, લગભગ 10 લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. પોલીસ બિલ્ડિંગની તપાસ કરી રહી છે. પોલીસનું માનવું છે કે ગોળીબાર કરનાર માર્યો ગયો છે પરંતુ લોકોને હાલ બિલ્ડિંગથી દૂર રહેવા માટે કહેવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મંગળવારે રાત્રે 10:12 વાગ્યે ફાયરિંગની



માહિતી આપતો કોલ આવ્યો હતો. વોલમાર્ટ સ્ટોરની બહાર ભારે પોલીસ ફોર્સ હજુ પણ તૈનાત છે. આ સાથે 40થી વધુ ઈમરજન્સી વાહનોને પણ ઈમારતની બહાર તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે. પોલીસ વિભાગે સ્થાનિક લોકોને ઘટનાસ્થળેથી દૂર રહેવા જણાવ્યું છે.

# મસ્કે 2022માં દરરોજ 2500 કરોડ ગુમાવ્યા, 8 લાખ કરોડનું નુકસાન

**વોશિંગ્ટન**

મસ્કને અત્યાર સુધીમાં 8 લાખ કરોડનું નુકશાન થયુ છે. તેમની કુલ સંપતિ પણ ખુબ ઝડપી ઘટી રહી છે અને અત્યાર સુધી 100 અરબ ડોલર એટલે કે લગભગ 7.5 લાખ કરોડથી વધુનું નુકશાન થઈ રહ્યુ છે.



અરબોપતિની યાદી મુજબ એલોન મસ્ક પાસે 22મી નવેમ્બર-2022 સુધી કુલ 170 અરબ ડોલરની સંપતિ બચી છે. જો કે એમને ટક્કર આપવા વાળા બીજા અરબપતિઓની સંપતિને પણ નુકશાન પહોચ્યું છે. તેથી દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકેનો દરજ્જો હજુ સુધી અંકબંધ છે. એ તાજેતરમાં જ ટેલ લાઇટમાં ખામીને કારણે 3.21 લાખ વાહનો માર્કેટમાંથી પરત ખેંચ્યા હતા. ઉપરાંત ગત સમાહમાં પણ અમેરિકામાંથી 30 હજારથી વધુ વાહનો પરત ખેંચવા પડ્યા હતા. આ સમાચારોને કારણે કંપનીના શેરના મૂલ્યમાં 3 ટકાનો ઘટાડો થયો હતો અને શેરની કિંમત બે વર્ષની સૌથી નીચી સપાટીએ પહોંચી હતી.

# ઇરાકમાં ૨.૫ અબજ ડોલરની ટેક્સ છેતરપિંડીના કૌભાંડનો પર્દાફાશ

## અધિકારી-ઉધોગપતિઓની સાઠગાંઠથી કરાયેલું કૌભાંડ

**બગદાદ**

ઈરાકમાં ઓડીટરોએ ઉદ્યોગપતિઓ અને અધિકારીઓના નેટવર્ક દ્વારા ૨.૫ અબજ ડોલરની છેતરપિંડી કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ નવા કૌભાંડથી ઈરાકની નવી સરકાર સામે નવો પડકાર ઉભો થયો છે. ઉલ્લેખનીય છે કે રાજકીય કટોકટી પછી ગયા મહિને જ ઈરાકમાં નવી સરકારની રચના કરવામાં આવી છે.

ઈરાકના વડાપ્રધાન મોહંમદ શિઆ અલ સુદાનીએ ભ્રષ્ટાચાર પર અંકુશ મૂકવાની જાહેરાત કરી છે. જો કે કોઈ વરિષ્ઠ અધિકારી અથવા રાજકીય નેતા સામે કાર્યવાહી કરવામાં આવે તેની શક્યતા ખૂબ જ ઓછી છે. ઓઇલથી સમૃદ્ધ ઇરાકમાં દાયકાઓથી મોટા પાયે ભ્રષ્ટાચારના કેસો સામે આવે છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે સ્વચ્છ વહીવટના ૨૦૨૧ના ઈન્ડેક્સમાં ઈરાકને ૧૫૭મો ક્રમ આપ્યો હતો. આ ઈન્ડેક્સમાં ૧૮૦ દેશોનો સમાવેશ થાય છે. મીડિયાના અહેવાલ મુજબ અધિકારીઓ, કર્મચારીઓની સાઠગાંઠથી આ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

# ઈન્ડોનેશિયાના જાવા દ્વીપમાં ભૂકંપ: અત્યાર સુધી 268થી વધુના મોત : 151 હજુ લાપતા

## 1083 લોકો ઘાયલ : મકાન ગુમાવનારાઓને 3180 ડોલરની સહાયની જાહેરાત

**સિયાંજુર**

ઈન્ડોનેશિયાના જાવા દ્વીપમાં આવેલા ભૂકંપથી મરનારાઓની સંખ્યા મંગળવારે વધીને ૨૬૮ થઈ ગઈ છે કારણકે ધરાશયી થયેલી ઇમારતોના કાટમાળમાંથી વધુ મૃતદેહો મળી આવ્યા હતાં. હજુ પણ ૧૫૧ લોકો લાપતા છે. આ માહિતી નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન એજન્સીએ આપી હતી. એજન્સીના પ્રમુખ સુહરયાંતોએ પત્રકારોને જણાવ્યું હતું કે સિયાંજુર શહેરની પાસે સોમવાર બપોરે આવેલા ૫.૬ તીવર્તાના ભૂકંપમાં અન્ય ૧૦૮૩ લોકો ઘાયલ થયા હતાં. ભૂકંપથી ભયભીત લોકો સડકો પર આવી ગયા હતાં જેમાંથી કેટલાક લોકો લોહીથી લથપથ હતાં. ભૂકંપને કારણે ગ્રામીણ ક્ષેત્રની આસપાસની ઈમારતો ધરાશયી થઇ ગઇ હતી.



# નાઈજીરિયામાં ભયાનક રોડ અકસ્માત, બસની ટક્કરથી 37 લોકો મોતને ભેટ્યાં

## 2 કોમર્શિયલ બસ સામ-સામે અથડાતાં આગ લાગી, અનેકની ઓળખ થઈ શકી નથી

**મૈદુગુરી**

નાઈજીરીયાના ઉત્તરપૂર્વીય શહેર મૈદુગુરીની બહાર ૩ બસો અથડાતા ઓછામાં ઓછા 37 લોકોના મોત થયા છે. દેશની માર્ગ સુરક્ષા એજન્સીએ આ માહિતી આપી છે. બોર્નો રાજ્યની માર્ગ સુરક્ષા એજન્સીના વડા ઉતેન બોઈએ જણાવ્યું હતું કે, 2 કોમર્શિયલ બસો સામસામે અથડાતાં આગ લાગી હતી અને ત્યારે આ ભયાનક અકસ્માત થયો હતો. આ દરમિયાન ત્રીજી બસ તેમની સાથે અથડાઈ હતી. બોઈએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી 37 લોકોના મોતની પુષ્ટી કરવામાં આવી છે. સાથે જ તેમાંથી મોટાભાગના લોકોની ઓળખ થઈ શકી નથી કારણ કે તેઓ સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયા હતા.



બોર્નો રાજ્યની રાજધાની મૈદુગુરી પાસે જકાના ગામ પાસે આ અથડામણ થઈ હતી. એક બસનું ટાયર ફાટતાં તે સામેથી આવતા વાહન સાથે અથડાતાં આ અથડામણ થઈ હતી.

# ચીનમાં કંપનીના પ્લાન્ટમાં ભીષણ આગ લાગતાં 38નાં મોત, બે ઘાયલ

## કોમર્શિયલ અને ટ્રેડ કંપનીના પ્લાન્ટમાં લાગી ભીષણ આગ, આગને કાબૂમાં લેવા માટે ચાર કલાક જેટલોનો સમય લાગ્યો

**બેઇજિંગ**

મધ્ય ચીનમાં એક કંપનીના પ્લાન્ટમાં ભીષણ આગ લાગવાથી ૩૮ લોકોનાં મોત થયા છે તેમ સ્થાનિક અધિકારીઓએ આ માહિતી આપી હતી.

શહેરના માહિતી વિભાગના જણાવ્યા અનુસાર હેનાન પ્રાંતના આન્યાંગ શહેરના વેનફેંગ જિલ્લામાં એક કંપનીના પ્લાન્ટમાં સોમવારે આગ લાગી હતી જેને અંકુશમાં લેવા માટે ફાયર વિભાગને ચાર કલાકથી પણ વધુનો સમય લાગ્યો હતો. આગ રાતે ૧૧ વાગ્યે કાબૂમાં લેવામાં આવી હતી. સરકારી ચેનલ સીજીટીએનના અહેવાલ અનુસાર ઘટનામાં ૩૮ લોકોનાં મોત થયા છે અને અન્ય બે ઘાયલ થયા છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઘટનાના સંબધમાં તપાસ શ કરી દેવામાં આવી છે. જો કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ પૂછપરછ માટે કેટલાક શંકાસ્પદાની અટકાયત કરી છે.

# રશિયાને આતંકી જાહેર કરનાર ઈયુ સંસદની વેબસાઈટ પર સાઈબર એટેક

**લંડન**

યુરોપિયન સંઘની સંસદે રશિયાને આતંકી રાષ્ટ્ર જાહેર કર્યાની કલાકોમાં જ રશિયન હેકર્સે ઈયુની વેબસાઈટને નિશાન બનાવીને સાઈબર એટેક કર્યો છે. યુરોપિયન સંઘની વેબસાઈટ સ્લો થઈ ગઈ હતી. કલાકો બાદ ઈયુના આઈટી એક્સપર્ટ્સે ફરીથી વેબસાઈટ રિસ્ટોર કરી દીધી હતી. યુરોપિયન સંઘે રશિયાને આતંકવાદી રાષ્ટ્ર જાહેર કર્યું હતું. એ માટેનો પ્રસ્તાવ રજૂ થયો હતો. રશિયાને આતંકી રાષ્ટ્ર જાહેર કરવાના પ્રસ્તાવના સમર્થનમાં ૪૯૪ મતો પડયા હતા. સમર્થનના વિરોધમાં ૫૮ મતો પડયા હતા. ૪૮ સભ્યોએ મત આપ્યો ન હતો. યુક્રેન પર યુદ્ધ કરવા બદલ યુરોપિયન સંઘે આ કાર્યવાહી કરી હતી.

# કેનેડામાં ભારતીય મૂળના વિદ્યાર્થીની ચાકુ મારી હત્યા

**બ્રિટિશ કોલંબિયા**

કેનેડામાં ભારતીય મૂળના વિદ્યાર્થીની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતની છે. મૃતકની ઓળખ 18 વર્ષની મહેકપ્રીત સેઠી તરીકે થઈ છે. અહેવાલો અનુસાર, સરેમાં તમનવીસ માધ્યમિક શાળાના પાર્કિંગમાં 17 વર્ષીય વિદ્યાર્થીએ મહેકપ્રીત પર છરી વડે હુમલો કર્યો, જેના કારણે તેણીનું મૃત્યુ થયું હતું.સ્કૂલના પ્રિન્સિપાલે મંગળવારે આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે આ ઘટના શાળાના પાર્કિંગમાં બની હતી. પરંતુ મૃત્યુ પામનાર વ્યક્તિ અમારી શાળાનો વિદ્યાર્થી નથી.






આ કેસની તપાસ કરી રહેલા ટિમોથી પીરોટીએ જણાવ્યું હતું કે અત્યારે એવું માનવામાં આવે છે કે બંને વ્યક્તિઓ એકબીજાને ઓળખતા હતા અને તેમની વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો અને જ્યારે મામલો વધી ગયો ત્યારે આરોપીએએ છરી વડે હુમલો કર્યો હતો.

કેનેડિયન પોલીસના સરે યુનિટના પ્રવક્તા વેનેસા મુનએ જણાવ્યું હતું કે હુમલાની પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. સમાચાર મળતા જ પોલીસ થોડી જ મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પીડિતને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ તમામ શક્ય પ્રયાસો બાદ તેનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

# T20 રેન્કિંગમાં સૂર્યકુમાર યાદવ નંબર વન



**અમદાવાદ :** ભારતના સ્ટાર ખેલાડી સૂર્યકુમાર યાદવએ ICC T20 રેન્કિંગમાં પોતાનું પ્રથમ સ્થાન યથાવત રાખ્યું છે. હાલમાં ન્યૂઝીલેન્ડ સામેની 3 મેચોની સિરીઝમાં કે જ્યાં ભારતે ન્યૂઝીલેન્ડ સામે 1-0થી વિજય તો મેળવ્યો સાથે સૂર્યકુમારએ તેમનું પરફોર્મન્સ અને T20 માં પોતનાનું પ્રથમ સ્થાન બંને જાળવીને રાખ્યું છે. સૂર્યકુમારે બીજા ક્રમના બેટ્સમેન મોહમ્મદ રિઝવાન સાથે બેટિંગના રેટિંગ પોઈન્ટ્સના અંતરમાં પણ વધારો કર્યો છે. હાલમાં, સુર્યકુમારના 890 પોઈન્ટ્સ છે જયારે રિઝવાનના 836 પોઈન્ટ્સ છે. ન્યૂઝીલેન્ડના ઓપનર ડેવોન કોનવેની ભારત સામે સિરીઝની ટાઈ થયેલ ફાઈનલ મેચમાં 59 રનની ઈનિંગના કારણે તેણે ત્રીજા સ્થાને પહોંચવામાં મદદ મળી છે.

## દિનેશ કાર્તિક નિવૃત્ત થવાને આરે! શેર કરેલા વીડિયોથી મળી રહ્યો છે સંકેત

નવી દિલ્હી : આઈપીએલમાં ઝળકેલા પણ વિશ્વ કપમાં સમાન દેખાવ કરવામાં નિષ્ફળ રહેલા દિનેશ કાર્તિકે એક એવો વીડિયો શેર કર્યો છે જેને જોઈને ફેન્સને લાગી રહ્યું છે કે તે ટૂંક સમયમાં નિવૃત્તિ જાહેર કરશે. વાસ્તવમાં બુધવારે કાર્તિકે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો. તેમાં દિનેશે સ્પષ્ટ નથી જણાવ્યું પણ નિવૃત્તિ તરફનો ઈશારો કર્યો છે. આ વીડિયોમાં તેની ટીમના ખેલાડીઓ સાથે, પરિવારની સાથે અને મેદાન પર રમતો હોય તેવી વિવિધ તસવીરો સામેલ છે. તેના કેપ્શનમાં કાર્તિકે લખ્યું છે કે સપના સાચા થતાં હોય છે. ટી૨૦ વિશ્વ કપ માટેની ભારતીય ટીમનો હિસ્સો હોવાનો મને ગર્વ છે.

## ચાર વખતની ચેમ્પિયન જર્મનીને ૨-૧થી હરાવીને જાપાને ઐતિહાસિક વિજય મેળવ્યો



**કતાર**

જાપાનની ટીમે ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ ૨૦૨૨ના ગ્રૂપ-ઈમાં ચાર વખતની ચેમ્પિયન જર્મનીને ૨-૧થી હરાવીને મેજર અપસેટ સર્જીને ઐતિહાસિક વિજય હાંસલ કર્યો હતો. પ્રથમ હાફમાં જર્મનીની ટીમ ૧-૦ના સ્કોરથી આગળ હોવા છતાં તેનો પરાજય થયો હતો. વર્લ્ડ કપમાં બે એશિયન ટીમે બે દિવસમાં બે મેજર અપસેટ સર્જ્યા છે. જાપાન અને જર્મનીની મેચ પહેલાં મેસ્સીની આર્જેન્ટિનાની ટીમને સાઉદી અરેબિયા ટીમે હરાવીને સનસનાટી મચાવી હતી. જાપાનની ટીમે બીજા હાફમાં માત્ર આઠ મિનિટના ગાળામાં બે ગોલ નોંધાવીને બાજી પલટી નાખી હતી. જાપાન માટે રિત્સુ દોઆને ૭૫મી તથા તકુમા અસાનોએ ૮૩મી મિનિટે ગોલ કર્યા હતા. આ પહેલાં જર્મની માટે ઈલ્કાઈ ગુંડોગને ૩૩મી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવીને જર્મન ટીમને ૧-૦ની લીડ અપાવી હતી. મંગળવારે પણ આર્જેન્ટિનાની ટીમ પ્રથમ હાફમાં ૧-૦થી આગળ હતી અને બીજા હાફમાં સાઉદી અરેબિયા ટીમે બાજી પલટી નાખી હતી. જર્મનની ટીમ ઉપર હવે વર્લ્ડ કપના પ્રથમ રાઉન્ડમાંથી જ બહાર થવાનું સંકટ તોળાયું છે. છેલ્લે તે ૨૦૧૮માં પણ પ્રથમ રાઉન્ડમાં જ બહાર થઈ ગઈ હતી. ૨૦૧૮માં તેને પ્રથમ મેચમાં મેક્સિકોએ તથા ત્રીજી મેચમાં એશિયન ટીમ સાઉથ કોરિયાએ પરાજય આપ્યો હતો. જર્મન ટીમ માત્ર સ્વીડન સામે જીતી શકી હતી. ગ્રૂપ-ઈમાં જર્મનીએ હવે કોસ્ટા રિકા અને સ્પેન સામે મેચો રમવાની છે.

**બે દિવસમાં એશિયાની બે ટીમોએ બે મેજર અપસેટ સર્જ્યા**



## ફૂટબોલ વર્લ્ડકપમાં મોટો અપસેટ આર્જેન્ટિના પ્રથમ મેચમાં હાર્યું



ફિફા વર્લ્ડકપમાં 2022નો પ્રથમ મોટો અપસેટ સર્જાયો છે. મંગળવારે લુસેલ સ્ટેડિયમમાં રમાયેલી ગ્રુપ-સીની મેચમાં સાઉદી અરેબિયાએ અર્જેન્ટીનાને 2-1થી હરાવ્યું છે. આમ સાઉદી અરેબીયાએ અર્જેન્ટીનાનો 36 મેચનો વિજયરથ અટકાવ્યો હતો. આર્જેન્ટિના છેલ્લા ૩૬ મેચમાં ક્યારેય હારી ન હતી . તેના વિજયની હારમાળા અટકી ગઈ હતી. ફુટબોલ જગતના ઈતિહાસમાં સાઉદી અરેબિયાએ અર્જેન્ટીના સામે પ્રથમ મેચ જીતી છે. અગાઉ બંને દેશો વચ્ચે કુલ ચાર મેચો રમાઈ હતી, જેમાં અર્જેન્ટીના બે મેચ જીતી હતી અને અન્ય બે મેચો ડ્રો થઈ હતી. આ મેચમાં 10મી મીનિટે જ પ્રથમ ગોલ થઈ ગયો હતો. આ ગોલ કેપ્ટન લીઓનેલ મેસ્સીએ પેનલ્ટી દ્વારા કર્યો હતો. સાઉદી અરેબિયાના ખેલાડી અબ્દુલ્લાહમિદે અર્જેન્ટીનાના ખેલાડીને રોકવાનો પ્રયાસ કર્યો, જેના કારણે તે સાઉદી અરેબિયાના બોક્સમાં જઈને પડ્યો. ત્યારબાદ રેફરીએ VAR ચેક દ્વારા અર્જેન્ટીનાને પેનલ્ટી આપી અને મેસ્સીએ આ પેનલ્ટીનો લાભ ઉઠાવી ગોલ કરવામાં સફળ થયો.

### ઈંગ્લેન્ડનો ધમાકેદાર પ્રારંભ, પ્રથમ મેચમાં ઇરાનને ૬-૨થી રગદોળ્યું

**દોહા :** ઈંગ્લેન્ડે ઈરાનને ૬-૨થી હરાવીને ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં પોતાના અભિયાનનો ધમાકેદાર પ્રારંભ કરીને વિશ્વની અન્ય ટીમોને પોતાને હળવાશથી નહીં લેવાની ચેતવણી પણ આપી દીધી હતી. ઈંગ્લેન્ડના પાંચ ખેલાડીઓએ ગોલ નોંધાવ્યા હતા. બુકાયો સાકાએ બે ગોલ કર્યા હતા. ઈરાનના ૨૧૫ની તુલનામાં ઈંગ્લેન્ડના ખેલાડીઓએ એકબીજાને ૭૯૬ વખત બોલ પાસ કર્યો હતો.

### બેલ્જિયમે કેનેડાને ૧-૦થી હરાવ્યું

**દોહા :** ફિફા વર્લ્ડકપ ૨૦૨૨માં વર્લ્ડ નંબર-૨નું રેન્કિંગ ધરાવતી બેલ્જિયમની ટીમે કેનેડા સામે વિજયથી પ્રારંભ કર્યો છે. પાછલી મોડી રાત્રે અહમદ બિન અલી સ્ટેડિયમમાં રમાડવામાં આવેલા ગ્રૂપ-એફના મુકાબલામાં બેલ્જિયમે કેનેડાને ૧-૦થી પરાજય આપ્યો હતો. બેલ્જિયમની મેચના હીરો મિચી બત્સુઆઈ અને ગોલકીપર થિબોટ કોર્ટોઈસ રહ્યા હતાં.

### મેન્સ વર્લ્ડ કપમાં પ્રથમ મહિલા રેફરી બની ફ્રાન્સની સ્ટેફની ફ્રેપર્ટે ઇતિહાસ રચ્યો




**કતાર :** ફ્રાન્સની રેફરી સ્ટેફની ફ્રેપર્ટ મેન્સ ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં રેફરી તરીકેની ભૂમિકા ભજવાનાર પ્રથમ મહિલા અધિકારી બની ગઈ છે. તેણે મેક્સિકો અને પોલેન્ડ વચ્ચેની ગ્રૂપ-સીની મેચમાં ચોથી રેફરી તરીકેની ભૂમિકા ભજવી હતી. મેન્સ વર્લ્ડ કપમાં પ્રથમ વખત ત્રણ મહિલા રેફરીની પસંદગી કરવામાં આવી છે.

### લાઇબીરિયાના રાષ્ટ્રપતિના પુત્ર તિમોથીએ USA માટે ગોલ કર્યો

**કતાર:** યુએસએ તથા વેલ્સ વચ્ચે રમાયેલો ફિફા વર્લ્ડ કપ ફૂટબોલનો મુકાબલો ૧-૧થી ડ્રો રહ્યો હતો અને બંને ટીમને એક-એક પોઈન્ટ મળ્યો હતો. ૩૬મી મિનિટે તિમોથી વીહે ગોલ કર્યો હતો. સાર્જેન્ટ અને પુલિસિચે વીહને બોલ પાસ કર્યો હતો જેણે બોક્સની બહારથી જ કિક ફટકારીને ગોલ કર્યો હતો. તિમોથી વીહ આફ્રિકન દેશ લાઈબીરિયાના રાષ્ટ્રપતિ જ્યોર્જ વીહનો પુત્ર છે.

### કેમરુનને ૧-૦થી હરાવી સ્વીટ્ઝરલેન્ડે ટૂર્ના.નો આરંભ કર્યો

**દોહા :** ફિફા વિશ્વ કપમાં પોતાની પ્રથમ મેચમાં ગુરુવારે સ્વીટઝરલેન્ડે કેમરુનને ૧-૦થી પરાજિત કરી દીધું હતું. આ મેચનો એકમાત્ર ગોલ સ્વીટઝરલેન્ડના બ્રિલ એમ્બોલોએ કર્યો હતો. એમ્બોલોએ મેચની ૪૮મી મિનિટે શકીરીના શાનદાર પાસને ગોલમાં તબદીલ કરીને ટીમને ૧-૦થી આગળ કરી દીધી હતી. આ મુકાબલામાં ફર્સ્ટ હાફની રમત આક્રમક રહી હતી. જો કે બેમાંથી કોઇ ટીમ ગોલ કરી શકી ન હતી.

## ATP ફાઇનલ્સમાં જોકોવિચ છઠ્ઠી વખત ચેમ્પિયન, ફેડરરના રેકોર્ડને સરભર કર્યો

તૂરિન (ઈટાલી) : સર્બિયાના ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત નોવાક જોકોવિચે છઠ્ઠી વખત એટીપી ફાઈનલ્સ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ પોતાના નામે કરી લીધું હતું. તેમે તૂરિનમાં રમાયેલા ફાઈનલ મુકાબલામાં નોર્વેના ૨૩ વર્ષીય કાસ્પર રુડને ૭-૫, ૬-૩થી હરાવ્યો હતો. જોકોવિચે આ સાથે સ્વિટ્ઝર્લેન્ડના મહાન ખેલાડી રોજર ફેડરરના રેકોર્ડને પણ સરભર કર્યો હતો. જોકોવિચ સાત વર્ષ બાદ આ ટાઈટલ જીતવામાં સફળ રહ્યો છે. આ પહેલાં તેણે ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪ તથા ૨૦૧૫માં ટ્રોફી જીતી હતી. ૩૫ વર્ષીય જોકોવિચ ટાઈટલ જીતનાર સૌથી વધારે વયનો ખેલાડી પણ બની ગયો છે. જોકોવિચ હવે કેટલાક સપ્તાહ આરામ કરીને ૨૦૨૩ના જાન્યુઆરીમાં મેલબોર્ન ખાતે રમાનારા ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમમાં રમે તેવી સંભાવના છે.

## ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી મેચ ટાઈ, ભારતે ૧-૦થી શ્રેણી જીતી

**નેપિયર**

ભારે વરસાદના વિઘ્નના કારણે ભારત અને યજમાન ન્યૂઝીલેન્ડ વચ્ચે અહીં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી૨૦ મેચ નાટકીય રીતે ટાઈ થઈ હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ન્યૂઝીલેન્ડની ટીમે ૧૯.૪ ઓવરમાં ૧૬૦ રનનો સ્કોર નોંધાવ્યો હતો. ટાર્ગેટ ચેઝ કરવા મેદાને પડેલી ભારતીય ટીમે નવ ઓવરમાં ચાર વિકેટે ૭૫ રનનો સ્કોર નોંધાવ્યો હતો ત્યારે ભારે વરસાદનું વિઘ્ન નડયું હતું. ત્યારબાદ મુકાબલો પડતો મૂકવામાં આવ્યો હતો. મેચ જીતવા માટે ભારતને ડકવર્થ લૂઈસ નિયમ મુજબ નવ ઓવરમાં ૭૫ રનની જરૂર હતી જે તેણે બનાવી લીધા હતા. પ્રથમ મુકાબલો ધોવાઈ ગયા બાદ ભારતે ત્રણ મેચની શ્રોણીને ૧-૦થી જીતી લીધી હતી. બીજી મેચમાં ભારતે ૬૫ રનથી વિજય મેળવ્યો હતો. મોહમ્મદ સિરાજને મેન ઓફ ધ મેચ તથા સૂર્યકુમાર યાદવને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા હતા. ભારતની ઈનિંગમાં સુકાની હાર્દિક પંડયાએ ૧૮ બોલમાં અણનમ ૩૦ રન બનાવ્યા હતા.

## ઈંગ્લેન્ડનો બિગેસ્ટ માર્જિનથી પરાજય, ઓસ્ટ્રેલિયાએ ૩-૦થી વ્હાઇટવોશ કર્યો

મેલબોર્ન : ઓપનર ડેવિડ વોર્નર તથા ટ્રેવિડ હેડની સદી બાદ ઝમ્પાએ ઝડપેલી ચાર વિકેટની મદદથી ઓસ્ટ્રેલિયાએ અહીં રમાયેલી ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં માત્ર નવ દિવસ પહેલાં ટી૨૦ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનેલી ઈંગ્લેન્ડની ટીમને ૨૨૧ રનના બિગેસ્ટ માર્જિનથી પરાજય આપીને ત્રણ મેચની શ્રોણીને ૩-૦થી જીતી લીધી હતી. અગાઉ ઈંગ્લેન્ડનો ૨૦૧૮માં શ્રીલંકા સામે ૨૧૯ રનના સૌથી મોટા માર્જિનથી પરાજય થયો હતો. ટ્રેવિડ હેડ અને વોર્નરે પ્રથમ વિકેટ માટે ૩૮.૧ ઓવરમાં નોંધાવેલી ૨૬૯ રનની ભાગીદારી વડે ઓસ્ટ્રેલિયાએ ૪૮ ઓવરમાં પાંચ વિકેટે ૩૫૫ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો હતો. વોર્નરે ૧૦૨ બોલમાં ૧૦૬ તથા ટ્રેવિડ હેડે ૧૩૦ બોલમાં ૧૬ બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે ૧૫૨ રનની ઈનિંગ રમી હતી.

।। શ્રીસ્વામિનારાયણો વિજયતે ।।

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# શબ્દોનું સામ્રાજ્ય માનવીના વર્તન આગળ વામણું

મોટાભાગે માણસમાત્રને બીજાને સમજાવવા-સુધારવાનો આગ્રહ સતત રહ્યા કરે છે. આ માટે તે સતત શસ્ત્ર ઉપાડે છે - શબ્દોનું. ‘તને કેટલી વખત કહેવાનું ?’ ‘તું સમજતો કેમ નથી ? ’‘આ છેલ્લી વાર કહું છું.’

આવા આવા શબ્દ પ્રયોગો દ્વારા આપણે સામેવાળી વ્યક્તિ ઉપર વારંવાર હુમલા બોલાવી દઈએ છીએ. પરંતુ પરિણામ લગભગ આપણી અપેક્ષા સુધી પહોંચતું નથી. જ્યારે મહાપુરુષો આવા કોઈ પણ શસ્ત્રનો પ્રયોગ કર્યા વિના કેવળ પોતાના વર્તન દ્વારા જ કહેવાનું ઘણું બધું કહી દે છે.

ભારતમાં અંગ્રેજોનું રાજ હતું, તે સમયની વાત છે. અમદાવાદમાં મદદનીશ ન્યાયધીશ તરીકે અંગ્રેજ ઓફિસર કિન્લોક ફાર્બસની નિમણૂંક થઈ. આ અંગ્રેજે અમદાવાદમાં આવીને કવીશ્વર દલપતરામની પાસે ગુજરાતી ભાષા શીખવી શરૂ કરી. સામે પક્ષે, તેઓ કવીશ્વરને ગુજરાતી સાહિત્યમાં રચના કરવા પ્રોત્સાહિત કરતા. ધીમે ધીમે બન્ને વચ્ચે મિત્રતા વધવા લાગી. એક વખત આ બન્ને મહાપુરુષોને સુરતના નવાબ સાહેબે મિજલસમાં આવવાનું આમંત્રણ પાઠવ્યું. ફાર્બસે દલપતરામને કહ્યું કે, ‘મિજલસમાં આપણે બન્ને સાથે જઈશું.’ પણ દલપતરામે કહ્યું કે, ‘ત્યાં તો બીભત્સ નાચ-ગાન હોય. હું તે જોતો નથી.’ ફાર્બસ ઊંડા ઊતરી ગયા. પોતના હૃદયમાં રહેલો સદાચારનો હંસલો જાણે ઢંઢોળાયો. તેઓએ પણ મિજલસમાં ક્યારેય ન જવાનો નિર્ણય લીધો. આ છે વર્તનની અસર. ગુજરાતી શબ્દકોષના કયા શબ્દો એવા છે જે એક અંગ્રેજને મહેફિલમાં જતાં રોકી શક્યા હોત ?

સામાન્ય રીતે આપણે આપણા વિચારો સાથે એટલા બધા લાગણીથી જોડાઈ જઈએ છીએ કે, આપણે ગમે તેમ કરીને આપણી વાત સામેવાળાના મનમાં ઠસાવવાના પ્રયત્નો આદરીએ છીએ. આ માટે શરૂ થયેલો સહજ વાર્તાલાપ ક્યારેક ઉગ્ર ચર્ચા સુધી પહોંચે છે. પ્રતિપક્ષીને પોતાના પક્ષે ભેળવવા માટે શરૂ થયેલી આવી ચર્ચા મોટેભાગે પરિણામ લાવવામાં નિષ્ફળ નીવડે છે. ક્યારેક આવી ચર્ચા મિત્રો વચ્ચે મોટી તિરાડ પણ સર્જી દે છે. એની સામે શુદ્ધ આશયથી થયેલું નાનું એવું વર્તન પણ કેટલી સહજતાથી સામેવાળાના હૃદયમાં સત્પ્રેરણાનું ઝરણું વહાવી શકે છે! ?



ભગવાન સ્વામિનારાયણે પણ પોતાના પરમહંસોને શીખ આપી હતી કે, ‘તમે વર્તન શુદ્ધ રાખજો. તમારું વર્તન વાતુ કરશે.’ ભગવાન સ્વામિનારાયણના વચનોને જીવનારા પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ ગુણ ઊડીને આંખે વળગે એવો રહ્યો છે.

પ્રસંગ છે સન ૧૯૬૭ની સાલનો. સૌરાષ્ટ્રના ગોંડલ નગરમાં ગુરુ યોગીજી મહારાજના ૭૫મા જન્મજયંતી મહોત્સવની પૂર્વ તૈયારીની સેવામાં પ્રમુખસ્વામી મહારાજ જોડાયા હતા. એક વખત બન્યું એવું કે, તેઓ નિર્માણ પામી રહેલી હોસ્ટેલનું બાંધકામ જોવા માટે નીકળ્યા હતા. સમૈયામાં આ ભવન પણ ઉપયોગમાં લેવાનું હોવાથી બાંધકામ સમયસર પૂરું થાય એ આવશ્યક હતું. ગુરુકુળના આ ભવનના બીજા માળે આવેલા પ્રાર્થનાખંડમાં લાદી બેસાડવાનું કામ મુંબઈના લવજીભાઈ સંભાળી રહેલા. પ્રમુખસ્વામી મહારાજે તેઓને પૂછ્યું : ‘કામ કેવું ચાલે છે ?’

ત્યારે તેઓએ કહ્યું, ‘છેલ્લા ચાર-પાંચ દિવસોથી લાદીઓ ઉપર ચડાવીને મજૂરોનાં હાથમાં છાલાં પડી ગયા છે. તેથી બધા મજૂરો કામ અટકાવીને બેઠા છે. લાદીઓ ઉપર ચડાવવાની ના પાડે છે.’

પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું, ‘ચાલો, અમે આવીએ છીએ.’ એમ કહી તેઓએ કોઈનેય, કશુંય કહ્યા સિવાય બાર લાદીઓની થપ્પી પોતાના માથા પર ઉપાડી અને બીજે માળે જઈને ઉતારી ! BAPS સંસ્થાના પ્રમુખ હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ કોઈપણ પ્રકારની સેવા કરવામાં હંમેશાં તત્પર રહેતા. લવજીભાઈને તો વિશ્વાસ જ નહોતો આવતો કે, ‘સમૈયાની વર્કિંગ કમિટિના અધ્યક્ષ કે જેમના એક ઈશારે કેટલાય લોકો સેવાને સમર્પિત થઈ જાય તે પોતે આજે પોતાના માથે લાદીઓ ઉપાડી રહ્યા છે !’ મોવડી મજૂર બંને એ દૃશ્ય સગી આંખે જોવા છતાં તેઓના મનમાં ઊતરતું નહોતું!! પ્રમુખસ્વામી મહારાજે કોઈને ટોણો કે ટકોર ન કર્યા પણ હરખભેર સેવામાં જોડાયા. આ નિરપેક્ષ સેવાની અસર એ થઈ કે, તેઓને જોઈને અન્ય ભક્તો પણ સેવાસ્થળે દોડી આવ્યા અને લાદીઓ ઉપર ચડાવવા લાગ્યા.

આવા પ્રસંગોની શૃંખલાઓને લીધે જ કદાચ અંગ્રેજીમાં કહેવત પડી હશે કે, ‘**Your actions speak louder than your words.**’ આપણા વર્તનનો અવાજ એટલો મોટો હોય છે કે આપણી વાણીનો ધ્વનિ એમાં દબાઈ જાય છે.

પોતાના બાળકોને અન્ય બાળકો સાથે ન ઝઘડવાનો બોધ આપનારા વાલીઓ પોતે ઝઘડવાનું બંધ કરી દે તો ?

પોતાની સંતતિઓને વાણી-વિવેકની શીખ આપનારાં દંપતીઓ જાતે વાણીવિવેકનો બંધ ન ઓળંગે તો ? પોતાના કર્મચારીઓને સમયસર કામે આવવાની શીખ આપનારા શેઠિયાઓ સ્વયં સમયસર આવે તો ?

ખરેખર, શબ્દોનું સામ્રાજ્ય વર્તનની આગળ ઘણું વામણું પૂરવાર થાય છે. આ મર્મને સમજનાર માટે જીવન કેટલું સરળ બની રહે ?

**-સાધુ આત્મતૃપ્તદાસ**



MOTEL for SALE

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



## MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

**Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021**

**Attention: MOTEL OWNERS**

I have extremely serious & aggressive motel buyers with $500,000 to $2.5 Million+ READY DOWN PAYMENT, looking to buy a good NON franchise motels immediately (can close the deal in few weeks if the seller willing to hold first mortgage at 50% down payment)

Any Motel Owner wants to sell quick and professionally, please contact me ASAP.

**Small & Mid Size MOTEL LISTINGS Required Urgently**

Preferably Motels around $1M to $5M price range anywhere in Ontario or Other Provinces

**12 To 45 Room Motels in Northern Ontario**

Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

**Coming up For Sale**

- Motel near St. Catherine Under $5M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Motels in North - Trans Canada Hwy 17 & Hwy 11

**Recently SOLD Motels Near**

Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

**Motel Operator / Working Partner Opportunities**

- Motel Operator To run the motel professionally. Front desk + Housekeeping work- good salary &free accommodation.
- Working Partner To invest min $200K. Stay, operate & manage the motel Partnership % + Salary + Accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

# OM INDIA FOOD CENTRE

## 6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd, Etobicoke, ON
**416-743-1100**

139 Charing Cross, Brantford Ontario
**519-758-9999**

5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON
**416-297-8383**

71 West Drive, Unit#42, Brampton, ON
**905-452-1100**

293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3
**514-426-1100**